**અલ્લાહના નામથી શરૂ જે અતિશય મહેરબાન રહેમવાળો (છે)[૧]**

લોકોનો હિસાબ નજીક (છે) અને તેઓ ગફલતમાં મોઢું ફેરવેલ છે[૨] (૧) જ્યારે તેમના રબ પાસેથી તેમને કોઇ નવી શિખામણ આવે છે તો તેને સાંભળતા નથી પણ રમત માં[૩] (૨) તેમનાં હૃદયો રમતમાં પડેલાં છે.[૪] અને જાલિમોએ પરસ્પર છુપો સલાહ મશ્વેરો કર્યો[૫] કે; 'આ કોણ છે? એક તમારી જેવા આદમી જ તો છે,[૬] જાણી જોઇને જાદુ પાસે શા માટે જાઓ છો?' (૩) નબીએ ફરમાવ્યું; મારો પરવરદિગાર જાણે છે આસ્માનો અને જમીનમાં દરેક વાતને અને તે જ છે સાંભળતો જાણતો[૭] (૪) બલ્કે બોલ્યા; સ્વપ્ન સૃષ્ટિ છે[૮] બલ્કે એમની ઉપજાવટ છે,[૯] બલ્કે એ કવી છે,[૧૦] તો અમારી પાસે કોઇ નિશાની લાવે જેવા કે આગલાઓ મોકલાયા હતા[૧૧]' (૫) એમનાથી પહેલાં કોઇ વસ્તી ઇમાન લાવી નહિ જેનો અમે નાશ

الانبياء ٢١ — اقترب للناس ١٧

سُورَةُ الْأَنْبِيَاءِ مَكِّيَّةٌ وَهِيَ مِائَةٌ وَاثْنَتَا عَشْرَةَ آيَةً وَسَبْعُ رُكُوعَاتٍ

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

اقْتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمْ وَهُمْ فِي غَفْلَةٍ
مُعْرِضُونَ ① مَا يَأْتِيهِمْ مِنْ ذِكْرٍ مِنْ رَبِّهِمْ مُحْدَثٍ
إِلَّا اسْتَمَعُوهُ وَهُمْ يَلْعَبُونَ ② لَاهِيَةً قُلُوبُهُمْ
وَأَسَرُّوا النَّجْوَى الَّذِينَ ظَلَمُوا هَلْ هَٰذَا
إِلَّا بَشَرٌ مِثْلُكُمْ أَفَتَأْتُونَ السِّحْرَ وَأَنْتُمْ
تُبْصِرُونَ ③ قَالَ رَبِّي يَعْلَمُ الْقَوْلَ فِي السَّمَاءِ
وَالْأَرْضِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ ④ بَلْ قَالُوا
أَضْغَاثُ أَحْلَامٍ بَلِ افْتَرَاهُ بَلْ هُوَ شَاعِرٌ
فَلْيَأْتِنَا بِآيَةٍ كَمَا أُرْسِلَ الْأَوَّلُونَ ⑤ مَا

૧. સૂરએ અંબિયા મક્કી છે એમાં ૭ રૂકૂઅ અને ૧૧૨ આયતો અને ૧૧૮૬ શબ્દો તેમજ ૪૮૯૦ અક્ષરો છે.

૨. અર્થાત આમાલ (કર્મો) ના હિસાબનો સમય કયામતનો દિવસ નજીક આવી ગયો અને લોકો હજુ સુધી બેધ્યાનપણામાં છે.

**શાને નુઝૂલ :-** આ આયત કયામતના દિવસે જીવતા થઇ ઉઠવાનો ઇન્કાર કરનારાઓ વિષે ઉતરી અને કયામતના દિવસને જે નજીક કહેવામાં આવ્યું તે પસાર થઇ ગએલા સમયને અનુલક્ષીને કહેવામાં આવ્યું છે કારણ કે જેટલા દિવસો પસાર થાય છે આવનાર દિવસ તેટલો જ નજીક આવતો જાય છે.

૩. ન તેનાથી બોધ ગ્રહણ કરે ન તેની શિખ માને ન આવનાર સમય માટે કંઇક તૈયારી કરે.

૪. અલ્લાહની યાદથી ગાફેલ છે.

૫. અને તેને છુપાવવામાં ખૂબ અતિશયોક્તિ કરી પણ અલ્લાહ તઆલાએ તેમનો ભેદ જાહેર કરી દીધો અને બયાન કરી દીધું કે તેઓ રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બાબત આવું કહે છે...

૬. કુફ્રનો એક નિયમ હતો કે જ્યારે એ વાત ભેજાઓમાં ઘુસાડી દેવામાં આવશે કે તેઓ તમારી જેવા બશર છે તો પછી કોઇ તેમના પર ઇમાન લાવશે નહિ. હુઝૂરના સમયના કાફિરોએ એ વાત ઉચ્ચારી અને તેને છુપાવી પણ આજકાલના અમુક નિડરો એ શબ્દ ખુલ્લેઆમ કહે છે અને શરમાતા પણ નથી. કાફિરો એ વાત કહેતી વખતે જાણતા હતા કે એ વાત કોઇના પણ દિલમાં ઉતરવાની નથી. કારણ કે લોકો રાત દિવસ મો'જિઝાઓ જુએ છે તેઓ કેવી રીતે માની જશે કે હુઝૂર આપણી જેમ બશર છે. એટલા માટે તેમણે

કર્યો તો શું તેઓ ઇમાન લાવશે?[12] (૬) અને અમે તમારાથી પહેલાં પુરૂષો જ મોકલ્યા જેમને અમે વહી કરતા[13] (હતા) તો અય લોકો ઇલ્મવાળાઓને પૂછો જો તમે જાણતા ન હોય તો[14] (૭) અને અમે એમને[15] માત્ર શરીર નથી બનાવ્યા કે ખાય નહિ[16], અને ન તેઓ દુનિયામાં હમેશાં રહે (૮) પછી અમે અમારો વાયદો તેમને સાચો કરી દેખાડયો[17] તો તેમને છુટકારો આપ્યો અને જેમને ઇચ્છયું[18], અને હદથી વધનારાઓનો નાશ કર્યો[19] (૯) બેશક ! અમે તમારી તરફ એક કિતાબ ઉતારી જેમાં તમારી ખ્યાતી છે[20] તો શું તમને બુધ્ધિ નથી?[21] (૧૦) અને કેટલીએ વસ્તીઓ અમે તબાહ કરી દીધી કે તે અત્યાચારી હતી[22] અને તેમના પછી બીજી કોમ જન્માવી (૧૧) તો જ્યારે તેમણે[23] અમારો અઝાબ ચાખ્યો તરત જ તેનાથી ભાગ્યા[24] (૧૨) નાસો નહિ, અને ફરીને તે રાહતો તરફ જાઓ જે તમને આપવામાં આવી હતી અને પોતાના ઘરો તરફ, કદાચ તમને પૂછપરછ કરવાની હોય[25] (૧૩)

اقترب للناس ١٧ الانبياء ٢١

اٰمَنَتْ قَبْلَهُمْ مِّنْ قَرْيَةٍ اَهْلَكْنٰهَا ۚ اَفَهُمْ
يُؤْمِنُوْنَ ﴿٦﴾ وَمَآ اَرْسَلْنَا قَبْلَكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ
اِلَيْهِمْ فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٧﴾
وَمَا جَعَلْنٰهُمْ جَسَدًا لَّا يَاْكُلُوْنَ الطَّعَامَ وَمَا كَانُوْا
خٰلِدِيْنَ ﴿٨﴾ ثُمَّ صَدَقْنٰهُمُ الْوَعْدَ فَاَنْجَيْنٰهُمْ
وَمَنْ نَّشَآءُ وَاَهْلَكْنَا الْمُسْرِفِيْنَ ﴿٩﴾ لَقَدْ اَنْزَلْنَآ
اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٠﴾ وَكَمْ
قَصَمْنَا مِنْ قَرْيَةٍ كَانَتْ ظَالِمَةً وَّاَنْشَاْنَا
بَعْدَهَا قَوْمًا اٰخَرِيْنَ ﴿١١﴾ فَلَمَّآ اَحَسُّوْا بَاْسَنَآ اِذَا
هُمْ مِّنْهَا يَرْكُضُوْنَ ﴿١٢﴾ لَا تَرْكُضُوْا وَارْجِعُوْٓا اِلٰى
مَآ اُتْرِفْتُمْ فِيْهِ وَمَسٰكِنِكُمْ لَعَلَّكُمْ تُسْـَٔلُوْنَ ﴿١٣﴾

મો'જિઝાઓને જાદુ કહ્યા અને કહ્યું...

૭. તેનાથી કોઇ વસ્તુ છુપી રહી શકતી નથી ગમે તેટલા પરદાઓ અને ભેદ માં રાખવામાં આવી હોય છતાં. એમનો ભેદ પણ એમાં આવી ગયો. ત્યાર પછી કુરઆન મજીદ તરફથી એમને ઘણી પરેશાની અને આશ્ચર્ય લાગેલુ કહ્યું કે આનો ઇન્કાર કેમ કરી કરીએ? એ એવો સ્પષ્ટ મો'અજિઝો છે જેણે આખા દેશ ના ગર્વ લેવા લાયક નિષ્ણાતોને લાચાર બનાવી મૂક્યા છે અને તેઓ એની બે-ચાર આયતો જેવું કલામ પણ બનાવીને લાવી શકતા નથી, આવી પરેશાનીમાં તેમણે કુરઆન મજીદ વિષે અનેક જાતની વાતો વહેતી મૂકી જેનું વર્ણન આગલી આયતમાં છે.

૮. અને એને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ અલ્લાહની વહી સમજી બેઠા છે. કાફિરોએ આવું કહ્યા પછી વિચાર્યું કે આ વાત બંધ બેસતી આવશે નહિ તો પછી એને પડતી મૂકીને કહેવા લાગ્યા...

૯. એવું બોલીને વિચાર આવ્યો કે લોકો કહેશે કે; જો આ કલામ હઝરતનું ઉપજાવી કાઢેલું છે અને તમે તેમને પોતાની જેવા બશર પણ કહો છો તો પછી આવું કલામ કેમ બનાવી શકતા નથી. એવું વિચારીને એ વાતને પણ છોડી, અને કહેવા લાગ્યા...

૧૦. અને આ કલામ કાવ્ય પંકિતઓ છે. આ રીતની જ વાતો કરતા રહ્યા. કોઇ એક વાત પર અટલ રહી શક્યા નહિ, અને અસત્યને વળગી રહેનાર જૂઠાઓની એવી જ હાલત હોય છે. હવે એ સમજ્યા કે આ વાતોમાંથી એક પણ વાત ચાલવાની નથી ત્યારે કહેવા લાગ્યા...

૧૧. એના રદિયા અને જવાબમાં અલ્લાહ તઆલા ફરમાવે છે...

قَالُوا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا ظٰلِمِيْنَ ﴿١٤﴾ فَمَا زَالَتْ تِّلْكَ
دَعْوٰىهُمْ حَتّٰى جَعَلْنٰهُمْ حَصِيْدًا خٰمِدِيْنَ ﴿١٥﴾ وَمَا
خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿١٦﴾ لَوْ
اَرَدْنَآ اَنْ نَّتَّخِذَ لَهْوًا لَّاتَّخَذْنٰهُ مِنْ لَّدُنَّآ ۖ اِنْ
كُنَّا فٰعِلِيْنَ ﴿١٧﴾ بَلْ نَقْذِفُ بِالْحَقِّ عَلَى الْبَاطِلِ
فَيَدْمَغُهٗ فَاِذَا هُوَ زَاهِقٌ ۗ وَلَكُمُ الْوَيْلُ مِمَّا تَصِفُوْنَ ﴿١٨﴾
وَلَهٗ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۗ وَمَنْ عِنْدَهٗ
لَا يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِهٖ وَلَا يَسْتَحْسِرُوْنَ ﴿١٩﴾
يُسَبِّحُوْنَ الَّيْلَ وَالنَّهَارَ لَا يَفْتُرُوْنَ ﴿٢٠﴾ اَمِ اتَّخَذُوْٓا
اٰلِهَةً مِّنَ الْاَرْضِ هُمْ يُنْشِرُوْنَ ﴿٢١﴾ لَوْ كَانَ فِيْهِمَآ
اٰلِهَةٌ اِلَّا اللّٰهُ لَفَسَدَتَا ۚ فَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعَرْشِ عَمَّا

બોલ્યા; 'હાય અમારી ખરાબી ! બેશક ! અમે જુલ્મીઓ હતા'[૨૬] (૧૪) તો તેઓ આમ જ પોકારતા રહ્યા એટલે સુધી કે અમે તેમને કાપેલા[૨૭] હોલવાએલા કરી નાખ્યા (૧૫) અને અમે આકાશ અને પૃથ્વી અને જે કંઇ એમની વચ્ચે છે તે અર્થહીન બનાવ્યું નથી[૨૮] (૧૬) જો અમે કોઇ દિલ્લગી અખત્યાર કરવા ચાહત[૨૯] તો પોતાની પાસેથી અખત્યાર કરત જો અમારે કરવું હોત[૩૦] (૧૭) બલ્કે અમે હકને બાતિલ પર ફેંકીએ છીએ તો તે એનો ભેજો કાઢી નાખે છે તો તરત જ તે ખલાસ થઇ જાય છે.[૩૧] અને તમારી ખરાબી છે[૩૨]. તે વાતોથી જે તમે બનાવો છો[૩૩] (૧૮) અને જેટલાં આસ્માનો અને ધરતીમાં છે તે તેનાં જ છે,[૩૪] અને તેની નિકટતાવાળા[૩૫] તેની ઇબાદત થી ઘમંડ કરતા નથી અને ન થાકે (૧૯) રાત દિવસ તેની પવિત્રતા બોલે છે અને સુસ્તી કરતા નથી[૩૬] (૨૦) શું તેમણે ધરતીમાંથી અમુક એવા ખુદા બનાવી લીધા છે[૩૭] કે તેઓ કંઇ પેદા કરે છે?[૩૮] (૨૧) જો આકાશ અને ધરતીમાં અલ્લાહ સિવાય બીજા ખુદા

૧૨. મતલબ એ છે કે એમનાથી પહેલાં જે લોકો પાસે નિશાનીઓ આવી તેઓ એના પર ઇમાન લાવ્યા નહિ અને એને જૂઠાડવા માંડયા અને એ કારણે બરબાદ કરી દેવામાં આવ્યા, તો શું આ લોકો નિશાની દેખીને ઇમાન લાવશે? એમની બંડખોરી તો પેલાઓ કરતાં પણ વધેલી છે.

૧૩. આ એમની આગલી વાતનો જવાબ છે કે; નબીઓનું માનવીની શિકલમાં જાહેર થવું એ નબુવ્વતની વિરોધી બાબત નથી હમેશા એવું જ થતું આવ્યું છે.

૧૪. કારણ કે અજાણ માટે જાણનારને પૂછવા સિવાય છુટકો જ નથી અને અજ્ઞાનતાની બીમારીનો ઇલાજ એ જ છે કે જ્ઞાનીને પૂછે અને તેના હુકમ મુજબ ચાલે.

**મસઅલો** :- આ આયતથી તકલીદ વાજિબ હોવાનું સાબિત થાય છે. અહીં એમને ઇલ્મવાળાઓને પૂછવાનો હુકમ આપવામાં આવ્યો કે તેમને પૂછો કે અલ્લાહના રસૂલ માનવીની શિકલમાં જાહેર થયા કે નહિ એનાથી તમારી શંકાની સમાપ્તિ થઇ જશે.

૧૫. અર્થાત નબીઓને.

૧૬. તો એમના ખાવા પીવા સામે વાંધો ઉઠાવવો અને એવું કહેવું કે; માં લિહાઝર-રસૂલે યઅકુલુત-તઆમ (આ રસૂલ કેવા છે કે ખાવા ખાય છે?) નર્યુ અસ્થાને છે. બધા જ નબીઓની હાલત આવી જ હતી, તે બધા જ ખાતા પણ હતા પીતા પણ હતા.

૧૭. એમના દુશ્મનોનો નાશ કરવાનો અને એમને છુટકારો આપવાનો.

૧૮. અર્થાત ઇમાનદારોનેને જેમણે નબીઓની સત્યતાને માની.

૧૯. જેઓ નબીઓને જૂઠા સમજતા હતા.

૨૦. અય કુરેશના જુથ ! જો તમે એના પર અમલ કરો તો. અથવા અર્થ એ છે કે તે કિતાબ તમારી ભાષામાં છે. અથવા એ કે તેમાં તમારા માટે નસીહત છે. અથવા એ કે તેમાં તમારી દીની અને દુનિયવી બાબતો અને જરૂરતોનું બયાન છે.

૨૧. કે જેથી ઇમાન લાવીને આવી ઇજ્જત આબરૂ અને સદ્‌ભાગ્ય મેળવો.

૨૨. એટલે કે કાફિર હતી.

૨૩. એટલે કે તે જાલિમોએ.

૨૪. **શાને નુઝૂલ :-** તફસીરકારોએ વર્ણવ્યું છે કે; યમનના પ્રદેશમાં એક વસ્તી છે જેનું નામ હસૂર છે ત્યાંના રહીશો અરબો હતા તેમણે પોતાના નબીને જૂઠાડયા અને તેમને કતલ કરી નાંખ્યા, તો અલ્લાહ તઆલા તેમના ઉપર બુખ્ત નસર (બાદશાહ) ને ચઢાવી લાવ્યો. તેણે એમને કતલ કર્યા અને કેદ પકડયા, અને તેનું એ કામ ચાલુ જ રહ્યું તો એ લોકો વસ્તી છોડીને ભાગ્યા, ત્યારે ફરિશ્તાઓએ એમને ટોણું મારતાં કહ્યું...

૨૫. કે તમારા પર શું વિત્યું અને તમારી દોલતને શું થયું, ત્યારે તમે પૂછનારને પોતાની જાણ અને દેખ્યા મુજબ જવાબ આપી શકો.

૨૬. અઝાબ જોયા પછી તેમણે ગુનાહનો એકરાર કર્યો અને શરમાયા એટલા ખાતર એમનો એકરાર ખપ લાગ્યો નહિ.

૨૭. ખેતીની જેમ તલ્વારો વડે ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા અને હોલવાએલા અગ્નિ જેવા બની ગયા.

૨૮. કે એમનાથી કંઇ લાભ થાય નહિ બલ્કે એમાં અમારાં રહસ્યો છે, તેમાંથી એ પણ છે કે અમારા બન્દાઓ એનાથી અમારી કુદરત અને હિકમત પ્રતિ દલીલ કરે અને તેમને અમારા ગુણો અને કમાલની ઓળખ થાય.

૨૯. દા. ત. સ્ત્રી અને સંતાન, જેવું કે ખ્રિસ્તીઓ કહે છે અને અમને બીબી અને બેટીઓ છે એવું કહે છે જો એ અમારા માટે શક્ય હોત...

૩૦. કારણ કે સ્ત્રી અને સંતાનવાળા સ્ત્રી અને સંતાન પોતાની પાસે રાખે છે. પરંતુ અમે તો એનાથી પાક છીએ અમારા માટે તો એ શક્ય જ નથી.

૩૧. અર્થ એ છે કે અમે જૂઠાઓના જૂઠને સત્યનું વર્ણન કરી ખતમ કરી દઇએ છીએ.

૩૨. અય અભાગી કાફિરો !

૩૩. અલ્લાહની શાનમાં કે તેના માટે પત્ની અને બાળકો ઉપજાવો છો.

૩૪. તે બધાંનો માલિક છે અને બધાં તેની મિલ્કત. તો પછી કોઇ તેની ઔલાદ કેમ કરી હોય શકે છે? કારણ કે મિલ્કત અને ઔલાદમાં વિરોધાભાસ છે.

૩૫. તેની નજીકીવાળા જેમને તેની મહેરબાનીથી તેના દરબારમાં નિકટતા અને આબરૂ પ્રાપ્ત થએલ છે.

૩૬. દરેક સમયે તેની તસ્બીહમાં (મગ્ન) રહે છે. હઝરત કઅબ અહબારે ફરમાવ્યું કે; ફરિશ્તાઓ માટે તસ્બીહ એવી જ છે જેવો કે માનવી માટે શ્વાસોચ્છવાસ.

૩૭. જમીનના અંગથી જેમને સોના ચાંદી પથ્થર વિગેરેના.

يصفون ﴿٢٢﴾ لا يسئل عما يفعل وهم يسئلون ﴿٢٣﴾ ام
اتخذوا من دونه الهة قل هاتوا برهانكم هذا
ذكر من معي وذكر من قبلي بل اكثرهم لا يعلمون
الحق فهم معرضون ﴿٢٤﴾ وما ارسلنا من قبلك من
رسول الا نوحي اليه انه لا اله الا انا فاعبدون ﴿٢٥﴾
وقالوا اتخذ الرحمن ولدا سبحنه بل عباد
مكرمون ﴿٢٦﴾ لا يسبقونه بالقول وهم بامره
يعملون ﴿٢٧﴾ يعلم ما بين ايديهم وما خلفهم
ولا يشفعون الا لمن ارتضى وهم من خشيته
مشفقون ﴿٢٨﴾ ومن يقل منهم اني اله من دونه
فذلك نجزيه جهنم كذلك نجزي الظلمين ﴿٢٩﴾

હોત તો અવશ્ય તે[39] તબાહ થઇ જાત,[40] તો પવિત્રતા છે અર્શના માલિક અલ્લાહને તે વાતોથી જે તેઓ ઉપજાવે છે[41] (૨૨) તેને પૂછવામાં આવતું નથી તે જે કરે[42] (તે બાબત) અને બધાંને પૂછવામાં આવશે[43] (૨૩) શું અલ્લાહ સિવાય બીજા ખુદા બનાવી રાખ્યા છે? તમે ફરમાવો;[44] 'પોતાની દલીલ લાવો'[45] આ કુરઆન મારી સાથેવાળાનું વર્ણન છે[46] અને મારાથી આગલાઓનું વર્ણન.[47] બલ્કે એમનામાં ઘણા સત્યને જાણતા નથી તો તેઓ મોઢું ફેરવનાર છે[48] (૨૪) અને અમે તમારાથી પહેલાં કોઇ રસૂલ ન મોકલ્યા પરંતુ (એ કે) અમે તેની તરફ વહી મોકલતા કે; મારા સિવાય કોઇ મઅબૂદ નથી તો મને જ પૂજો (૨૫) અને બોલ્યા; 'રહમાને પુત્ર ધરાવ્યો'[49] પવિત્ર છે તે,[50] બલ્કે બન્દાઓ છે આબરૂદાર[51] (૨૬) વાત (કરવા)માં તેનાથી પહેલ કરતા નથી અને તેઓ તેના જ હુકમ મુજબ કાર્યરત થાય છે (૨૭) તે જાણે છે જે તેમની આગળ છે (તે) અને જે તેમની પાછળ છે (તે).[52] અને શફાઅત કરતા નથી પણ તેના માટે જેને તે પસંદ કરે[53] અને તેઓ તેના ભયથી ડરી રહ્યા છે (૨૮) અને તેમનામાં જે કોઇ કહે કે; હું અલ્લાહ સિવાય મઅબૂદ છું[54] તો તેને અમે જહન્નમની સજા કરીશું. અમે જુલ્મીઓને એવી જ સજા કરીએ છીએ (૨૯)

૩૮. એવું તો છે નહિ અને એવું બની શકતું પણ નથી કે જે પોતે નિર્જીવ હોય તે બીજાને જીવન આપી શકે તો પછી એવાને મઅબૂદ બનાવવો અને અલ્લાહ માનવો કેટલું સ્પષ્ટ ખોટું છે. અલ્લાહ તો તે જ છે જે પ્રત્યેક શક્ય પર શક્તિમાન હોય, જે શક્તિમાન ન હોય તે ખુદા કેવો?

૩૯. આકાશ અને ધરતી.

૪૦. કારણ કે ખુદા કહીને તે ખુદા ધારવામાં આવે જેમની ખુદાઇને કાફિરો સ્વીકારે છે તો દુનિયાની તબાહીની ચોકકસતા સ્પષ્ટ છે કારણ કે તે તો નિર્જીવ છે દુનિયાનો બંદોબસ્ત કરવાની તદ્દન શક્તિ ધરાવતા નથી. અને જો સામાન્ય અર્થમાં લેવામાં આવે તો પણ તબાહી ચોક્કસ છે, કારણ કે જો બે ખુદા માની લેવામાં આવે તો બે હાલતોમાંથી એક હશે, યા તો તે બન્ને એકમતના હશે અથવા નહિ, જો એક વસ્તુ બાબત એકમત થાય તો એક વસ્તુ બન્નેની સત્તા હેઠળ હોવાનું લાગુ પડશે અને બન્નેની કુદરતથી થએલી માનવી પડશે, એ અશક્ય છે. અને જો એકમત થયા નહિ તો એક જ વસ્તુ માટે બન્નેના ઇરાદાઓ એક સાથે થશે તો એક જ સમયમાં તે વસ્તુ અસ્તિત્વવાળી અને અસ્તિત્વહિન બન્ને થશે અથવા બન્નેનો ઇરાદો જ થાય નહિ તો વસ્તુ ન તો અસ્તિત્વમાં આવશે ન અસ્તિત્વહિન થશે. અથવા એકનો ઇરાદો થાય અને બીજાનો થાય નહિ. આ બધાં પાંખિયાઓ અશક્ય છે. તો સાબિત થયું કે પાંખિયાથી હલાકત લાગુ પડે છે તવહીદની આ બહુ મજબૂત દલીલ છે અને તેનાં વ્યાખ્યાનો ઘણી વિગતથી ઇલ્મે કલામના ઇમામોની કિતાબોમાં આલેખાએલાં છે. અહીં ટૂંકમાં આટલું જ કહેવામાં આવ્યું છે. (તફસીરે કબીર વિ.)

૪૧. તેના માટે ઔલાદ અને શરીક ઠેરવે છે.

اولم ير الذين كفروا ان السموت والارض كانتا
رتقا ففتقنهما وجعلنا من الماء كل شيء حي
افلا يؤمنون ﴿٣٠﴾ وجعلنا في الارض رواسي ان
تميد بهم وجعلنا فيها فجاجا سبلا لعلهم
يهتدون ﴿٣١﴾ وجعلنا السماء سقفا محفوظا
وهم عن ايتها معرضون ﴿٣٢﴾ وهو الذي خلق
اليل والنهار والشمس والقمر كل في فلك
يسبحون ﴿٣٣﴾ وما جعلنا لبشر من قبلك الخلد
افاين مت فهم الخلدون ﴿٣٤﴾ كل نفس ذائقة
الموت ونبلوكم بالشر والخير فتنة والينا
ترجعون ﴿٣٥﴾ واذا راك الذين كفروا ان يتخذونك

શું કાફિરોએ એ વિચાર કર્યો નહિ કે આકાશ અને ધરતી બંધ હતાં તો અમે તેમને ખોલ્યાં,[૫૫] અને અમે દરેક જીવવાળી વસ્તુ પાણીથી બનાવી[૫૬]. તો શું તેઓ ઇમાન લાવશે? (૩૦) અને ધરતીમાં અમે લંગર નાખ્યા[૫૭] કે તેમને લઇને ધ્રુજે નહિ, અને અમે તેમાં પહોળા માર્ગો રાખ્યા કે ક્યાંક તેઓ રસ્તો મેળવે[૫૮] (૩૧) અને અમે આકાશને છત્ર બનાવ્યું જળવાએલું.[૫૯] અને તેઓ તેની નિશાનીઓથી મોઢું ફેરવેલ છે[૬૦] (૩૨) અને તે જ છે જેણે બનાવ્યાં રાત્રી[૬૧] અને દિવસ[૬૨] તેમજ સૂર્ય અને ચંદ્ર, પ્રત્યેક એક વર્તુળમાં તરી રહયો છે[૬૩] (૩૩) અને અમે તમારાથી પહેલાં કોઇ આદમી માટે દુનિયામાં અનંત જીવન બનાવ્યું નહિ[૬૪] તો જો શું તમે ઇન્તેકાલ ફરમાવો તો એઓ હમેશાં રહેશે?[૬૫] (૩૪) પ્રત્યેક જીવને મૃત્યુ નો સ્વાદ ચાખવાનો છે, અને અમે તમારી અજમાયશ કરીએ છીએ સુખ દુ:ખ વડે[૬૬] પારખવા માટે.[૬૭] અને અમારી જ તરફ તમારે પલ્ટીને આવવાનું છે[૬૮] (૩૫) અને જ્યારે કાફિરો તમને જુએ છે તો તમને હાંસી

૪૨. કારણ કે તે અસલી માલિક છે જે ઇચ્છે તે કરે જેને ઇચ્છે તેને ઇજ્જત આપે જેને ઇચ્છે તેને અપમાન આપે જેને ઇચ્છે તેને સદભાગ્ય આપે જેને ઇચ્છે તેને અભાગી કરે તે બધાંનો હાકેમ છે કોઇ તેનો હાકેમ નથી જે તેને પૂછી શકે.

૪૩. કારણ કે બધા જ તેના બન્દાઓ છે મિલ્કત છે બધાં પર તેનું આજ્ઞાપાલન અને અનુસરણ અનિર્વાય છે. આનાથી તવહીદની એક વધારે દલીલ જાણવા મળે છે, જ્યારે બધા તેની મિલ્કત છે તો પછી કોઇ એમાંથી ખુદા કેમ કરી બની શકે છે? ત્યાર પછી ધમકીના અંદાઝમાં પ્રશ્નાર્થ રૂપે ફરમાવ્યું...

૪૪. અય હબીબ ! (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) આ મુશરિકોને કે તમે પોતાના આ જૂઠા દાવા માટે.....

૪૫. અને પુરાવો કાયમ કરો અકલી હોય કે નકલી (કિતાબોના આધારે) પરંતુ (તમે ન તો કોઇ અકલી દલીલ આપી શકો છો જેમકે મજકૂર દલીલોથી સાબિત થઇ ચૂકયું અને ન કોઇ કિતાબ પર આધારિત દલીલ રજુ કરી શકો છો, કારણ કે બધી જ આકાશી કિતાબોમાં અલ્લાહના એક હોવાનું બયાન છે અને બધી (કિતાબો)માં શિર્કને અસત્ય જાહેર કરાયું છે.

૪૬. સાથવાળાઓનો અર્થ આપની ઉમ્મત છે. કુરઆન શરીફમાં એનું બયાન છે કે એને આજ્ઞાપાલન બદલ કેટલો સવાબ મળશે અને હુકમ નહિ માનવા બદલ કેટલો અઝાબ કરવામાં આવશે.

૪૭. અર્થાત પહેલાનાં નબીઓની ઉમ્મતોનું અને એ બાબતનુ કે દુનિયામાં તેમની સાથે શું કરવામાં આવ્યું અને આખેરતમાં શું કરવામાં આવશે.

૪૮. અને વિચાર તેમજ ચિંતન કરતા અને વિચારતા નથી કે તવહીદ પર ઇમાન લાવવું તેમના માટે જરૂરી છે.

૪૯. **શાને નુઝૂલ :-** આ આયત ખઝાઆ (કબીલા) બાબત ઉતરી જેમણે ફરિશ્તાઓને ખુદાની દીકરીઓ કહ્યુ હતું.

૫૦. તેની ઝાત એ વાતથી પવિત્ર છે કે તેને ઔલાદ હોય.

૫૧. અર્થાત ફરિશ્તાઓ તેના ચૂંટી કાઢેલા અને આબરૂદાર ફરિશ્તાઓ છે.

૫૨. અર્થાત જે કંઇ તેમણે કર્યું અને જે કંઇ તેઓ કરશે.

૫૩. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; એટલે કે જે ખુદા એક હોવાની માન્યતા ધરાવતો હોય.

૫૪. એવું કહેનાર ઇબ્લીસ છે જે પોતાની ઇબાદતનું નિમંત્રણ આપે છે, ફરિશ્તાઓમાં બીજૂં કોઇ એવું નથી જે આ શબ્દ બોલે.

૫૫. બંધ હોવાનો અર્થ યા તો એ છે કે એક બીજા સાથે જોડાએલાં હતાં તેમાં ફાળો પાડી તેમને જુદા પાડયાં અથવા આસ્માન એ અર્થમાં બંધ હતું કે તેમાંથી વરસાદ પડતો હતો નહિ, જમીન બંધ હતી કે એમાંથી કશું ઉગતું હતું નહિ. તો આકાશનું ખોલવું એ છે કે એમાંથી વરસાદ પડવા માંડયો અને ધરતીનું ખોલવું એ છે કે એમાંથી લીલોતરી ઉગવા માંડી.

૫૬. અર્થાત પાણીને સજીવ વસ્તુઓને જીવંત રાખવાનું કારણ કર્યું. અમુક તફસીરકારોએ કહ્યું; અર્થ એ છે કે પ્રત્યેક જાનદારને પાણીમાંથી પેદા કરેલું છે, અને અમુકે કહ્યું કે; એનો મતલબ વિર્ય (નુત્ફો) છે.

૫૭. મજબૂત પહાડોના.

૫૮. પોતાની સફરોમાં અને જે જગ્યાઓનો ઇરાદો કરે ત્યાં પહોંચી શકે.

૫૯. પડી જવાથી.

૬૦. અર્થાત કાફિરો.

૬૧. અંધારી કે (જેથી) એમાં આરામ કરે.

૬૨. અજવાળાવાળો કે (જેથી) તેમાં રોજી ઢુંઢવા વિગેરે કાર્યો પાર પાડી શકે.

૬૩. જેવી રીતે કે તરનાર પાણીમાં.

૬૪. **શાને નુઝૂલ :-** રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દુશ્મનો પોતાની ગુમરાહી અને દુશ્મનીના કારણે કહેતા હતા કે; અમે સમયની ક્રાંતિની રાહ જોઇ રહ્યા છીએ, ટૂંકમાં જ એવો સમય આવશે કે હઝરત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વફાત થઇ જશે. તે બાબત આ આયતે કરીમા ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે; રસૂલના દુશ્મનો માટે એ કોઇ ખુશીની વાત નથી અને દુનિયા માં કોઇ પણ માણસ માટે અનંત જીવન રાખ્યું નથી.

૬૫. અને એમને મૃત્યુના પંજામાંથી છુટકારો મળી જશે? જ્યારે એવુ નથી તો પછી ખુશ કઇ બાબત થી થઇ રહ્યા છે ? હકીકત એ છે કે...

૬૬. અર્થાત રાહત અને કષ્ટ, તંદરૂસ્તી અને બીમારી, માલદારી અને ગરીબી, ફાયદા અને ખોટ વડે...

૬૭. જેથી ખુલી જાય કે સબર અને શુકરમાં તમારો દરજ્જો શું છે.

સિવાય અન્ય રીતે લેતા નથી[૬૯] 'શું આ છે તે જે તમારા ખુદાઓને ખરાબ કહે છે?' અને તેઓ[૭૦] રહમાનની યાદ થી જ નકાર કરનાર છે[૭૧] (૩૬) માનવી ઉતાવળીઓ બનાવવામાં આવ્યો. હવે હું તમને મારી નિશાનીઓ દેખાડીશ, મારી પાસે ઉતાવળ કરો નહિ[૭૨] (૩૭) અને કહે છે; 'આ વાયદો[૭૩] ક્યારે છે? જો તમે સાચા હોઉ (તો)' (૩૮) કાફિરો કોઇ રીતે એ સમયને ઓળખત (કે) જ્યારે પોતાના મોઢાંઓને આગ[૭૪] થી રોકી શકે નહિ અને ન પોતાની પીઠોને અને ન તેમની મદદ થાય[૭૫] (૩૯) બલ્કે તે એમના ઉપર ઓચિંતી આવી પડશે[૭૬] તો એમને આભા બનાવી મૂકશે પછી તેઓ એને પાછી વાળી શકશે નહિ ન તો એમને મહેતલ આપવામાં આવશે[૭૭] (૪૦) અને બેશક ! તમારાથી આગલા રસૂલોની (પણ) હાંસી ઉડાડવામાં આવી[૭૮] તો મશ્કરી કરનારાઓનો ઠઠ્ઠો તેમને જ લઇ બેઠો[૭૯] (૪૧) તમે ફરમાવો; 'રાત દિવસ તમારી દેખરેખ કોણ રાખે છે રહમાનથી[૮૦]?' બલ્કે તેઓ પોતાના રબની યાદથી મોઢું ફેરવેલા છે[૮૧] (૪૨)

الأنبياء ٢١ — اقترب للناس ١٧

إِلَّا هُزُوًا أَهَٰذَا الَّذِي يَذْكُرُ آلِهَتَكُمْ وَهُم بِذِكْرِ
الرَّحْمَٰنِ هُمْ كَافِرُونَ ۝ خُلِقَ الْإِنسَانُ مِنْ عَجَلٍ
سَأُورِيكُمْ آيَاتِي فَلَا تَسْتَعْجِلُونِ ۝ وَيَقُولُونَ مَتَىٰ
هَٰذَا الْوَعْدُ إِن كُنتُمْ صَادِقِينَ ۝ لَوْ يَعْلَمُ الَّذِينَ
كَفَرُوا حِينَ لَا يَكُفُّونَ عَن وُجُوهِهِمُ النَّارَ وَلَا
عَن ظُهُورِهِمْ وَلَا هُمْ يُنصَرُونَ ۝ بَلْ تَأْتِيهِم
بَغْتَةً فَتَبْهَتُهُمْ فَلَا يَسْتَطِيعُونَ رَدَّهَا وَلَا هُمْ
يُنظَرُونَ ۝ وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّن قَبْلِكَ
فَحَاقَ بِالَّذِينَ سَخِرُوا مِنْهُم مَّا كَانُوا بِهِ
يَسْتَهْزِئُونَ ۝ قُلْ مَن يَكْلَؤُكُم بِاللَّيْلِ وَالنَّهَارِ
مِنَ الرَّحْمَٰنِ ۗ بَلْ هُمْ عَن ذِكْرِ رَبِّهِم مُّعْرِضُونَ ۝

૬૮. અમે તમને તમારા આમાલનો બદલો આપીશું.

૬૯. **શાને નુઝૂલ :-** આ આયત અબૂજહલ વિષે ઉતરી. હુઝૂર કયાંક જઇ રહ્યા હતા, તે આપને દેખીને હસ્યો અને કહેવા લાગ્યો કે; 'આ અબ્દે મુનાફના વંશજોના નબી છે' અને પરસ્પર એક બીજાને કહેવા લાગ્યા.

૭૦. કાફિરો.

૭૧. કહે છે કે; અમે રહમાનને ઓળખતા જ નથી. અજ્ઞાનતા અને ગુમરાહીની એટલી હદે પહોંચ્યા છે કે આપની હાંસી ઉડાડે છે અને દેખતા નથી કે હાંસી ઉડાડવાપાત્ર તો તેમની પોતાની હાલત છે.

૭૨. **શાને નુઝૂલ :-** આ આયત નઝ્ર બિન હારિસ બાબત ઉતરી જે કહેતો હતો કે; અઝાબ જલ્દી ઉતારાવો. આ આયતમાં કહેવામાં આવ્યું કે; હવે હું તમને મારી નિશાનીઓ દેખાડીશ એટલે કે અઝાબના જે વાયદાઓ કરવામાં આવ્યા છે તેનો સમય હવે નજીક આવી લાગ્યો છે. જેમકે બદ્રના દિવસે એક દ્રશ્ય તેમની આંખો સામે આવી ગયું.

૭૩. અઝાબનો અથવા કયામતનો. આ તેમની ઉતાવળનું વર્ણન છે.

૭૪. દોઝખની.

૭૫. જો તેમને એમની ખબર હોત તો કુફ્ર પર અડેલા રહેત નહિ અને અઝાબ માટે ઉતાવળ કરત નહિ.

૭૬. કયામત.

શું તેમના અમુક ખુદાઓ છે[૮૨] જે તેમને અમારાથી બચાવી શકે[૮૩]? તેઓ પોતાના જીવોને જ બચાવી શકતા નથી[૮૪]. અને ન અમારા તરફથી એમની સહાય થાય (૪૩) બલ્કે અમે એમને[૮૫] અને એમના વડવાઓને વપરાશ આપી[૮૬] એટલે સુધી કે જીવન એમના ઉપર લાંબુ થયું[૮૭]. તો શું દેખતા નથી કે અમે[૮૮] ધરતીને તેના છેડાઓએથી ઓછી કરતા આવીએ છીએ[૮૯]? તો શું તેઓ વિજયી થશે[૯૦]? (૪૪) તમે ફરમાવો કે; 'હું માત્ર તમને વહી દ્વારા ડરાવું છું[૯૧]' અને બહેરાઓ પોકાર સાંભળતા નથી જ્યારે ડરાવવામાં આવે[૯૨] (૪૫) અને જો તેમને તમારા રબના અઝાબનો પવન અડી જાય તો અવશ્ય કહેશે; 'હાય રે અમારી ખરાબી! બેશક ! અમે જાલિમ હતા[૯૩] (૪૬) અને અમે ન્યાયનાં ત્રાજવાં મૂકીશું કયામતના દિવસે તો કોઇ પ્રાણ પર કોઇ જુલ્મ નહિ થાય. અને જો કોઇ વસ્તુ[૯૪] રાઇના દાણા જેટલી (પણ) હોય તો અમે તેને લઇ આવીશું અને અમે હિસાબ માટે પુરતા છીએ (૪૭) અને બેશક ! અમે આપ્યો મૂસા અને હારૂનને

اقترب للناس ١٧ — الأنبياء ٢١

أَمْ لَهُمْ آلِهَةٌ تَمْنَعُهُم مِّن دُونِنَا لَا يَسْتَطِيعُونَ
نَصْرَ أَنفُسِهِمْ وَلَا هُم مِّنَّا يُصْحَبُونَ ۝ بَلْ
مَتَّعْنَا هَٰؤُلَاءِ وَآبَاءَهُمْ حَتَّىٰ طَالَ عَلَيْهِمُ الْعُمُرُ
أَفَلَا يَرَوْنَ أَنَّا نَأْتِي الْأَرْضَ نَنقُصُهَا مِنْ أَطْرَافِهَا
أَفَهُمُ الْغَالِبُونَ ۝ قُلْ إِنَّمَا أُنذِرُكُم بِالْوَحْيِ
وَلَا يَسْمَعُ الصُّمُّ الدُّعَاءَ إِذَا مَا يُنذَرُونَ ۝
وَلَئِن مَّسَّتْهُمْ نَفْحَةٌ مِّنْ عَذَابِ رَبِّكَ لَيَقُولُنَّ
يَا وَيْلَنَا إِنَّا كُنَّا ظَالِمِينَ ۝ وَنَضَعُ الْمَوَازِينَ
الْقِسْطَ لِيَوْمِ الْقِيَامَةِ فَلَا تُظْلَمُ نَفْسٌ شَيْئًا
وَإِن كَانَ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ
أَتَيْنَا بِهَا وَكَفَىٰ بِنَا حَاسِبِينَ ۝ وَلَقَدْ آتَيْنَا

૭૭. તવબહ અને માફી માંગવાની.

૭૮. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૭૯. અને તેઓ પોતાની મશ્કરી અને ઠઠ્ઠાના વબાલ અને અઝાબમાં સપડાયા. આમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આશ્વાસન આપવામાં આવ્યું કે આપની સાથે ઠઠ્ઠો મશ્કરી કરનારાઓનું પરિણામ પણ એવું જ થવાનું છે.

૮૦. અર્થાત તેના અઝાબથી.

૮૧. જ્યારે એવું જ છે તો પછી એમને અલ્લાહના અઝાબનો શું ડર લાગે? અને તેઓ પોતાની સંભાળ રાખનારને શું ઓળખે?

૮૨. અમારા સિવાય, તેમના ખ્યાલ મુજબ.

૮૩. અને અમારા અઝાબથી જાળવી શકે, એવું તો છે નહિ. અને જો તેઓ પોતાની મૂર્તિઓ વિષે એવી માન્યતા ધરાવતા હોય તો તેમની હાલત તો એ છે કે...

૮૪. પોતાને પૂજનારને કેમ બચાવશે?

૮૫. એટલે કે કાફિરોને.

૮૬. અને એમને દુનિયામાં નેઅમત અને મેહતલ આપી.

૮૭. અને તેઓ એના કારણે વધુ ઘમંડી બન્યા અને તેમણે વિચાર્યું તેઓ હંમેશા એવાજ રહેશે.

૮૮. કુફ્રસ્તાનની...

مُوسَىٰ وَهَٰرُونَ الْفُرْقَانَ وَضِيَاءً وَذِكْرًا
لِّلْمُتَّقِينَ ﴿٤٨﴾ الَّذِينَ يَخْشَوْنَ رَبَّهُم بِالْغَيْبِ
وَهُم مِّنَ السَّاعَةِ مُشْفِقُونَ ﴿٤٩﴾ وَهَٰذَا ذِكْرٌ مُّبَارَكٌ
أَنزَلْنَاهُ ۚ أَفَأَنتُمْ لَهُ مُنكِرُونَ ﴿٥٠﴾ وَلَقَدْ آتَيْنَا
إِبْرَاهِيمَ رُشْدَهُ مِن قَبْلُ وَكُنَّا بِهِ عَالِمِينَ ﴿٥١﴾ إِذْ
قَالَ لِأَبِيهِ وَقَوْمِهِ مَا هَٰذِهِ التَّمَاثِيلُ الَّتِي أَنتُمْ
لَهَا عَاكِفُونَ ﴿٥٢﴾ قَالُوا وَجَدْنَا آبَاءَنَا لَهَا عَابِدِينَ ﴿٥٣﴾
قَالَ لَقَدْ كُنتُمْ أَنتُمْ وَآبَاؤُكُمْ فِي ضَلَالٍ مُّبِينٍ ﴿٥٤﴾
قَالُوا أَجِئْتَنَا بِالْحَقِّ أَمْ أَنتَ مِنَ اللَّاعِبِينَ ﴿٥٥﴾
قَالَ بَل رَّبُّكُمْ رَبُّ السَّمَاوَاتِ وَالْأَرْضِ الَّذِي
فَطَرَهُنَّ وَأَنَا عَلَىٰ ذَٰلِكُم مِّنَ الشَّاهِدِينَ ﴿٥٦﴾

**ફૈસલો[૯૫] અને અજવાળુ[૯૬], અને પરહેઝગારોને શિખામણ[૯૭] (૪૮) તે જેઓ વગર દેખ્યે પોતાના રબથી ડરે છે અને તેમને કયામતનો ભય લાગેલો છે (૪૯) અને આ છે બરકતવાળુ ઝિક્ર જે અમે ઉતાર્યું[૯૮], તો શું તમે એને નકારો છો? (૫૦) અને બેશક ! અમે ઇબ્રાહીમ ને[૯૯] પ્રથમથી જ તેનો સુમાર્ગ આપ્યો અને અમે તેને જાણતા હતા[૧૦૦] (૫૧) જ્યારે તેણે પોતાના બાપ અને કોમને કહ્યું; 'આ મૂર્તિઓ શુ છે[૧૦૧] જેમની સામે તમે આસન જમાવો છો[૧૦૨]?' (૫૨) બોલ્યા; 'અમે અમારા બાપદાદાઓને એમની પૂજા કરતાં જોયા[૧૦૩]' (૫૩) કહ્યુ; 'તમે અને તમારા બાપ દાદા બધા ખુલ્લી ગુમરાહીમાં છો' (૫૪) બોલ્યા; 'શું તમે અમારી પાસે સત્ય લાવ્યા છો કે પછી ખાલી રમત રમો છો?' (૫૫) કહ્યું; 'બલ્કે તમારો રબ તે છે જે રબ છે આકાશો અને ધરતીનો જેણે એમને પેદા કર્યાં અને હું એના સાક્ષીઓમાંથી છું (૫૬)**

૮૯. દિવસે દિવસે મુસલમાનોને એના પર કાબૂ આપી રહ્યા છીએ અને એક શહેર પછી બીજુ શહેર જીતાતું જાય છે. ઇસ્લામની સરહદો વધી રહી છે અને કુફ્રની જમીન ઘટતી જાય છે અને મક્કા મુકર્રમાની આંજુ બાજુ મુસલમાનોનો કબ્જો વધતો જાય છે. તો શું મુશ્રિક લોકો જેઓ અઝાબ માંગવામાં ઉતાવળ કરે છે તે એ જોતા નથી અને બોધ ગ્રહણ કરતા નથી?

૯૦. જેમના કબ્જામાંથી જમીન ધીરે ધીરે નીકળતી જાય છે. અથવા રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના અસ્હાબ જેઓ અલ્લાહની કૃપાથી જીત પર જીત મેળવી રહ્યા છે અને તેમના કબ્જાઓ વેગીલી રીતે વધી રહ્યા છે.

૯૧. અને અલ્લાહના અઝાબનો ડર તેના તરફથી જ સંભળાવું છું.

૯૨. અર્થાત કાફિરો હિદાયત આપનાર અને ડર અપાવનારની વાતથી લાભ નહિ મેળવવાના કારણે બહેરા જેવા જ છે.

૯૩. નબીની વાત પર કાન ધર્યા નહિ અને તેના પર ઇમાન લાવ્યા નહિ.

૯૪. આમાલ (કર્મો) માંથી.

૯૫. અર્થાત તવરાત આપી જે સત્ય અને અસત્યમાં ફેર પાડનારી છે.

૯૬. અર્થાત પ્રકાશ છે જેનાથી હિદાયતનો રસ્તો દેખાય છે

૯૭. જેનાથી તેઓ શિખામણ સ્વીકારે છે અને દીની બાબતોની જાણકારી મેળવે છે.

૯૮. પોતાના હબીબ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર. એટલે કે કુરઆન શરીફ,

وَتَاللَّهِ لَأَكِيدَنَّ أَصْنَامَكُم بَعْدَ أَن تُوَلُّوا مُدْبِرِينَ ﴿٥٧﴾
فَجَعَلَهُمْ جُذَاذًا إِلَّا كَبِيرًا لَّهُمْ لَعَلَّهُمْ إِلَيْهِ يَرْجِعُونَ ﴿٥٨﴾
قَالُوا مَن فَعَلَ هَٰذَا بِآلِهَتِنَا إِنَّهُ لَمِنَ الظَّالِمِينَ ﴿٥٩﴾
قَالُوا سَمِعْنَا فَتًى يَذْكُرُهُمْ يُقَالُ لَهُ إِبْرَاهِيمُ ﴿٦٠﴾
قَالُوا فَأْتُوا بِهِ عَلَىٰ أَعْيُنِ النَّاسِ لَعَلَّهُمْ
يَشْهَدُونَ ﴿٦١﴾ قَالُوا أَأَنتَ فَعَلْتَ هَٰذَا بِآلِهَتِنَا
يَا إِبْرَاهِيمُ ﴿٦٢﴾ قَالَ بَلْ فَعَلَهُ كَبِيرُهُمْ هَٰذَا
فَاسْأَلُوهُمْ إِن كَانُوا يَنطِقُونَ ﴿٦٣﴾ فَرَجَعُوا إِلَىٰ أَنفُسِهِمْ
فَقَالُوا إِنَّكُمْ أَنتُمُ الظَّالِمُونَ ﴿٦٤﴾ ثُمَّ نُكِسُوا
عَلَىٰ رُءُوسِهِمْ لَقَدْ عَلِمْتَ مَا هَٰؤُلَاءِ يَنطِقُونَ ﴿٦٥﴾
قَالَ أَفَتَعْبُدُونَ مِن دُونِ اللَّهِ مَا لَا يَنفَعُكُمْ

અને મને અલ્લાહની કસમ છે હું તમારી મૂર્તિઓનું અનિષ્ટ ઇચ્છીશ તમે પીઠ ફેરવીને પરત થાઓ ત્યાર પછી[104] (૫૭) તો તે સર્વેનો[105] ચુરો કરી નાખ્યો પણ એકને (રહેવા દીધી) જે તે બધામાં મોટી હતી[106] કે કદાચ તેઓ એને કશું પૂછે[107] (૫૮) બોલ્યા; 'અમારા ખુદાઓ સાથે કોણે આ કામ કર્યું?' બેશક ! તે જાલિમ છે (૫૯) તેમનામાંના અમુક બોલ્યા; 'અમે એક યુવાનને તેમનું બુરૂં બોલતાં સાંભળ્યો (છે) જેને ઇબ્રાહીમ કહે છે[108] (૬૦) બોલ્યા; 'તો તેને લોકોની રૂબરૂ લાવો કદાચ તેઓ સાક્ષી પુરે[109]' (૬૧) બોલ્યા; 'અય ઇબ્રાહીમ ! શું તમે અમારા ખુદાઓ સાથે આ કામ કર્યુ?'[110] (૬૨) ફરમાવ્યું; 'બલ્કે એમના આ મોટાએ કર્યું હશે[111], તો એમને પૂછો જો બોલતા હોય તો[112] (૬૩) તો પોતાના અંતર પ્રતિ પલટયા[113] અને બોલ્યા; 'બેશક ! તમે જ અત્યાચારી છો[114]' (૬૪) પછી પોતાના માથાભેર ઉંધા ફેંકાયા[115] કે; 'તમને સારી રીતે ખબર છે કે એ બોલતાં નથી[116]' (૬૫) કહ્યું; 'તો શું અલ્લાહ સિવાય એવાંઓને

એ ભલાઇઓની ખાણ છે અને ઇમાન લાવનારાઓ માટે એમાં ખૂબ બરકતો છે.

૯૯. તેમના શરૂ જીવનમાં બાલિગ થાય ત્યારે...

૧૦૦. તેઓ હિદાયત અને નબુવ્વતને પાત્ર છે.

૧૦૧. એટલે કે મૂર્તિઓ જે દરિન્દાઓ પરિન્દાઓ અને માનવીની શિકલોની બનેલી હતી.

૧૦૨. અને એમની ઇબાદતમાં તલ્લીન છો.

૧૦૩. તો અમે પણ તેમના પગલે ચાલી આવું કરવા માંડયા.

૧૦૪. પોતાના મેળા તરફ. બનાવ એવો છે કે તે કોમનો એક વાર્ષિક મેળો ભરાતો હતો તેઓ (એ પ્રસંગે) જંગલમાં જતા હતા અને સાંજ સુધી ખેલકુદમાં મગ્ન રહેતા હતા. પાછા ફરતી વખતે મંદિરમાં જતા અને મૂર્તિઓની પૂજા કરતા હતા. ત્યાર પછી પોતાના ઘરોમાં પરત થતા હતા. જ્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે તેમના એક જુથ સાથે મૂર્તિઓ બાબત વાદવિવાદ કર્યા ત્યારે લોકોએ કહ્યું કે; કાલે અમારી ઇદ છે તમે ત્યાં આવો અને જુઓ કે અમારા ધર્મમાં કેટલો ઉલ્લાસ છે અને કેવો રસ પડે છે. જ્યારે તે મેળાનો દિવસ આવ્યો અને આપને મેળામાં આવવાનું કહેવામાં આવ્યું ત્યારે આપ બહાનું કાઢીને રહી ગયા, પેલા લોકો રવાના થઇ ગયા. જ્યારે તેમની પાછળ રહી ગએલા અને અશક્ત લોકો જેઓ ધીરે ધીરે જતા હતા તેઓ પસાર થવા માંડયા ત્યારે આપે ફરમાવ્યું કે; હું તમારી મૂર્તિઓનું અનિષ્ટ ઇચ્છીશ. અમુક લોકોએ એ સાંભળી લીધું. પછી હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ મંદિર તરફ ગયા.

૧૦૫. એટલે કે મૂર્તિઓને ભાંગીને.

اقترب للناس ١٧ — الانبياء ٢١

شَيْـًٔا وَّلَا يَضُرُّكُمْ ۝ اُفٍّ لَّكُمْ وَلِمَا تَعْبُدُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ ۚ اَفَلَا تَعْقِلُوْنَ ۝ قَالُوْا حَرِّقُوْهُ
وَانْصُرُوْٓا اٰلِهَتَكُمْ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ۝ قُلْنَا يٰنَارُ
كُوْنِيْ بَرْدًا وَّسَلٰمًا عَلٰٓى اِبْرٰهِيْمَ ۝ وَاَرَادُوْا بِهٖ
كَيْدًا فَجَعَلْنٰهُمُ الْاَخْسَرِيْنَ ۝ وَنَجَّيْنٰهُ وَلُوْطًا
اِلَى الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا فِيْهَا لِلْعٰلَمِيْنَ ۝
وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ ۗ وَيَعْقُوْبَ نَافِلَةً ۗ وَكُلًّا
جَعَلْنَا صٰلِحِيْنَ ۝ وَجَعَلْنٰهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ
بِاَمْرِنَا وَاَوْحَيْنَآ اِلَيْهِمْ فِعْلَ الْخَيْرٰتِ
وَاِقَامَ الصَّلٰوةِ وَاِيْتَآءَ الزَّكٰوةِ ۚ وَكَانُوْا
لَنَا عٰبِدِيْنَ ۝ وَلُوْطًا اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا

પૂજો છો જે તમને ન ફાયદો આપે[117] ન નુકશાન પહોંચાડે[118]? (૬૬) ધિક્કાર છે તમારા પર અને આ મૂર્તિઓ પર જેમને અલ્લાહ સિવાય પૂજો છો, તો શું તમને બુધ્ધિ નથી[119]'? (૬૭) બોલ્યા; 'આમને સળગાવી દો અને પોતાના ખુદાઓની મદદ કરો જો તમારે કરવું જ હોય તો[120]' (૬૮) અમે ફરમાવ્યું; 'અય આગ ! થઇ જા ઠંડી અને સલામતી ઇબ્રાહીમ પર[121] (૬૯) અને તેમણે એનું અનિષ્ટ ઇચ્છયું તો અમે તેમને બધાંથી વધારે ખોટવાળા કરી દીધા[122] (૭૦) અને અમે એને અને લૂતને[123] નજાત આપી[124] તે જમીન તરફ[125] જેમાં અમે જગત વાળાઓ માટે બરકત મૂકી[126] (છે) (૭૧) અને અમે એને ઇસ્હાક આપ્યો[127] અને યાકૂબ પૌત્ર. અને અમે એ સૌને પોતાની ખાસ નિકટતાને પાત્ર કર્યા (૭૨) અને અમે એમને ઇમામ કર્યા કે[128] અમારા હુકમથી બોલાવે છે અને અમે એમને વહી મોકલી સારાં કામો કરવાની અને નમાઝ ચાલુ રાખવાની અને ઝકાત આપવાની. અને તેઓ અમારી બંદગી કરતા હતા (૭૩) અને લૂતને અમે રાજ્ય તેમજ

૧૦૬. તેને રહેવા દીધી અને કુહાડો તેના ખભા પર મૂકી દીધો.

૧૦૭. એટલે મોટી મૂર્તિને કે આ નાની મૂર્તિઓની શી હાલત છે આ કેમ ભાંગેલી છે અને કુહાડો તારાં ખભા પર કેમ છે? અને તેમના પર એમની લાચારી સ્પષ્ટ થાય અને તેમને ભાન થાય કે આવા લાચાર ખુદા હોય શકે નહિ. અથવા એ અર્થ છે કે તેઓ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને પૂછે અને આપને દલીલ કરવાની તક મળે. જેમકે કોમના લોકો સાંજે પાછા ફર્યા અને મંદિરમાં ગયા અને તેમણે જોયું કે મૂર્તિઓ ભાંગેલી પડેલી છે તો.....

૧૦૮. આ સમાચાર જાલિમ નમરૂદ અને તેના દરબારીઓને મળ્યા તો તેઓ......

૧૦૯. કે આ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનું જ કામ છે. અથવા એમના મોઢેથી મૂર્તિઓ બાબત આવી વાત સાંભળવામાં આવી છે. હેતુ એ હતો કે સાક્ષી પુરાઇ જાય તો પછી તેઓ આપની પાછળ પડે. જેમકે હઝરતને બોલાવવામાં આવ્યા અને તે લોકો.....

૧૧૦. આપે એનો તો કશો જવાબ આપ્યો નહિ. અને વાદ વિવાદની રીતે દ્વી અર્થી શબ્દોમાં એક અજબ દલીલ કાયમ કરી.

૧૧૧. એ વાતથી ક્રોધે ભરાઇને કે તેના હોવા છતાં તમે આ નાનાંઓને પૂજો છો. એના ખભા પર કુહાડો હોવાનો કારણે એવો જ અંદાજ કરી શકાય છે. મને શું પૂછવું? પૂછવું હોય.....

૧૧૨. તેઓ પોતે જ કહેશે કે તેમની સાથે આવો વર્તાવ કોણે કર્યો. હેતુ એ હતો કે કોમ વિચારે કે જેઓ બોલી નથી શકતા, જેઓ કશું કરી નથી શકતા તેઓ ખુદા નથી હોઇ શકતા. તેમની ખુદાઇને માનવી

ખોટી છે. જેમકે જ્યારે આપે એવું કહ્યું.....

૧૧૩. અને સમજ્યા કે હઝરતે ઇબ્રાહીમ અલયહિસ્સલામ હક પર છે.

૧૧૪. જે આવા લાચારો અને અધિકાર વગરનાઓને પૂજો છો કે જે પોતાના ખભેથી કુહાડો પણ ખસેડી શકતા નથી તેઓ પોતાના પુજારીઓને મુસીબતથી શું બચાવી શકશે અને તેમના શું ખપ લાગી શકે?

૧૧૫. અને સાચી વાત કહ્યા પછી ફરી તેમનું અભાગીપણું તેમના સાથે અસ્વાર થયું અને તેઓ કુફ્ર તરફ પાછા પલટયા અને ઝગડો તેમજ વાદવિવાદ શરૂ કર્યો અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને કહેવા લાગ્યા...

૧૧૬. તો અમે એમને કેવી રીતે પૂછીએ અને અય ઇબ્રાહીમ ! તમે અમને એઓને પૂછવાનું કેવી રીતે કહો છો?

૧૧૭. જો તેમને પૂજો તો.

૧૧૮. જો તેમને પૂજવાનું બંધ કરો તો.

૧૧૯. એટલું પણ સમજી શકો કે આ મૂર્તિઓ પૂજવા પાત્ર નથી. જ્યારે દલીલ સંપૂર્ણ થઇ ગઇ અને તે લોકો જવાબ આપવાથી લાચાર રહ્યા તો.....

૧૨૦. નમરૂદ અને તેની કોમ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને સળગાવી દેવા માટે એકમત થઇ ગયા અને તેમણે આપને એક ઘરમાં કેદ કરી દીધા અને કવસા ગામમાં એક ઇમારત બાંધી અને એક મહીના સુધી પુરેપુરા પ્રયત્નો કરી જાત જાતનાં લાકડાંઓ ભેગાં કર્યાં અને એક ભયાનક આગ સળગાવી, જેની આંચથી હવામાં ઉડનાર પક્ષીઓ શેકાઇ જતાં હતાં. અને એક ગોફણ ઉભી કરી અને આપને બાંધીને તેના વડે આગમાં નાખ્યા. ત્યારે આપની જીભ મુબારક પર આ શબ્દો હતા "હસબીયલ્લાહુ વનિઅમલ વકીલ" જિબ્રઇલ અમીને આપને પૂછયું કે; શું કંઇ કામકાજ છે? આપે ફરમાવ્યું; તમારૂં નથી. જિબ્રઇલે કહ્યું; તો તમારા રબ પાસે માંગો. આપે ફરમાવ્યું; માંગવા કરતાં મારા માટે એટલું જ પુરતું છે કે તે મારી હાલત ને જાણે છે.

૧૨૧. તો આગે તેમનાં બંધનો સિવાય બીજું કશું સળગાવ્યું નહિ, અને આગની ગરમી જતી રહી પણ તેનો પ્રકાશ બાકી રહ્યો.

૧૨૨. કે તેમનું ધારેલું થયું નહિ અને પ્રયત્નો નિષ્ફળ રહ્યા. અને અલ્લાહ તઆલાએ તે કોમ પર મચ્છરો મોકલ્યા જે તેમનું માંસ ખાઈ ગયા અને લોહી પી ગયા, અને એક મચ્છર નમરૂદના મગજમાં પેસી ગયો અને તેના વિનાશનું કારણ બન્યો.

૧૨૩. જે તેમના ભત્રીજા અને તેમના ભાઇ હારૂનના પુત્ર હતા નમરૂદ અને તેની કોમના.

૧૨૪. અને ઇરાકથી...

૧૨૫. રવાના કર્યા.

૧૨૬. તે જમીન એટલે શામ (સિરિયા)ની જમીન. એની બરકત એ છે કે ત્યાં વધુ સંખ્યાના પૈગમ્બરો થયા અને આખા જંગતમાં તેમની દીની બરકતો પહોંચી અને ફળદ્રપતાના હિસાબે પણ એ પ્રદેશ બીજા પ્રદેશોથી ચઢિયાતો છે. ત્યાં ખૂબ નહેરો છે પાણી સ્વચ્છ અને સ્વાદિષ્ટ છે, ઝાડો અને ફળોની ભરમાર છે. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પેલેસ્ટાઇનમાં ઉતર્યા અને હઝરત લૂત અલયહિસ્સલામ મુઅતફેકામાં .

૧૨૭. ઇબ્રાહીમ અલયહિસ્સલામે અલ્લાહ પાસે પુત્ર માટે દુઆ કરી હતી.

ઇલ્મ આપ્યાં અને તેને તે ગામથી છુટકારો આપ્યો જે ગંદા કામો કરતું હતું.[૧૨૯] બેશક ! તેઓ ખરાબ લોકો અનાજ્ઞાંકિત હતા (૭૪) અને અમે તેને[૧૩૦] પોતાની રહમતમાં દાખલ કર્યો. બેશક ! તે અમારી ખાસ નિકટતાપાત્ર લોકોમાં છે (૭૫) અને નૂહને. જ્યારે એના પહેલાં તેણે અમને પોકાર્યા ત્યારે અમે તેની દુઆ કબૂલ કરી અને, તેને તથા તેનાં ઘરવાળાંઓને મોટા કષ્ટથી છુટકારો આપ્યો[૧૩૧] (૭૬) અને અમે તે લોકો પર તેને મદદ આપી જેમણે અમારી આયતો જૂઠાડી. બેશક ! તે ખરાબ લોકો હતા તો અમે તે બધાંને ડૂબાડી દીધા (૭૭) અને દાવૂદ અને સુલેમાનને યાદ કરો જ્યારે (તેઓ) ખેતીના એક ઝગડાનો ચુકાદો આપતા હતા, જ્યારે રાત્રે તેમાં અમુક લોકોની બકરીઓ છુટી[૧૩૨]. અને અમે તેમના હુકમ વખતે હાજર હતા. (૭૮) અમે તે મામલો સુલેમાનને સમજાવી આપ્યો,[૧૩૩] અને બન્નેને રાજ્ય તેમજ જ્ઞાન આપ્યું[૧૩૪] અને દાવૂદ સાથે પહાડોને તાબે કરી દીધા કે (તેઓ) તસ્બીહ કરતા અને પક્ષીઓ[૧૩૫] અને એ અમારાં કામો હતાં. (૭૯)



وَنَجَّيْنٰهُ مِنَ الْقَرْيَةِ الَّتِيْ كَانَتْ تَّعْمَلُ
الْخَبٰٓئِثَ ۭ اِنَّهُمْ كَانُوْا قَوْمَ سَوْءٍ فٰسِقِيْنَ ﴿٧٤﴾
وَاَدْخَلْنٰهُ فِيْ رَحْمَتِنَا ۭ اِنَّهٗ مِنَ الصّٰلِحِيْنَ ﴿٧٥﴾
وَنُوْحًا اِذْ نَادٰى مِنْ قَبْلُ فَاسْتَجَبْنَا لَهٗ فَنَجَّيْنٰهُ
وَاَهْلَهٗ مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ﴿٧٦﴾ وَنَصَرْنٰهُ مِنَ
الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۭ اِنَّهُمْ كَانُوْا قَوْمَ
سَوْءٍ فَاَغْرَقْنٰهُمْ اَجْمَعِيْنَ ﴿٧٧﴾ وَدَاوٗدَ وَسُلَيْمٰنَ
اِذْ يَحْكُمٰنِ فِي الْحَرْثِ اِذْ نَفَشَتْ فِيْهِ غَنَمُ
الْقَوْمِ ۚ وَكُنَّا لِحُكْمِهِمْ شٰهِدِيْنَ ﴿٧٨﴾ فَفَهَّمْنٰهَا
سُلَيْمٰنَ ۚ وَكُلًّا اٰتَيْنَا حُكْمًا وَّعِلْمًا ۡ وَّسَخَّرْنَا مَعَ
دَاوٗدَ الْجِبَالَ يُسَبِّحْنَ وَالطَّيْرَ ۭ وَكُنَّا فٰعِلِيْنَ ﴿٧٩﴾

૧૨૮. લોકોને અમારા દીન તરફ...

૧૨૯. તે ગામનું નામ સદુમ હતું.

૧૩૦. એટલે કે હઝરત લૂત અલયહિસ્સલામને.

૧૩૧. અર્થાત તોફાન (પુર)થી અને બંડખોરોના જૂઠાડવાથી.

૧૩૨. તેમની સાથે કોઇ ચરાવનાર (રખેવાળ) હતું નહિ, તે ખેતી ચરી ગઇ. એ કેસ હઝરત દાઉદ અલયહિસ્સલામ સામે રજૂ થયો, આપે ચુકાદો આપ્યો કે બકરીઓ ખેતીવાળાને આપી દેવામાં આવે. બકરીઓની કીમત ખેતીમાં થએલા નુકશાન જેટલી હતી.

૧૩૩. જ્યારે હઝરત સુલેમાન અલયહિસ્સલામ સામે આ વાત આવી ત્યારે આપે ફરમાવ્યું કે ઉભય પક્ષો માટે એનાથી સહેલી રીત પણ બની શકે છે. તે સમયે તેમની ઉંમર ૧૧ વરસની હતી. હઝરત દાઉદ અલયહિસ્સલામે તે રીત વર્ણવવાની આપને ફરજ પાડી ત્યારે હઝરત સુલેમાન અલયહિસ્સલામે એવું સૂચવ્યું કે; બકરીઓવાળો ખેતી કરે અને બકરીઓએ ચરી ખાધી તે સમયે જેટલી ખેતી હતી તેટલી થઇ જાય તેટલા સમય સુધી ખેતીવાળો બકરીઓના દૂધનો લાભ ઉઠાવે. અને ખેતી તેટલી થઇ જાય ત્યારે ખેતીવાળાને ખેતી અને બકરીઓવાળાને બકરીઓ પરત કરી દેવામાં આવે. એ સૂચના હઝરત દાવૂદ અલયહિસ્સલામને ગમ્યું. આ મામલામાં એ બન્ને હુકમો ઇજતેહાદી (ચિંતનથી તારવેલા) હતા અને તે શરીઅતની અનુસાર હતા. આપણી શરીઅતમાં હુકમ એ છે કે જો ચરાવનાર સાથે હોય નહિ તો જાનવર જે નુકશાન કરે તે ભરપાઇ કરવું જરૂરી નથી. મુજાહિદે કહ્યું કે; હઝરત દાવૂદ અલયહિસ્સલામે જે ચુકાદો આપ્યો તે એ મસઅલાનો

અને અમે તેને તમારૂં એક પહેરવાનું સાધન બનાવતાં શિખવાડયું કે (જે) તમને તમારી આંચથી બચાવે[૧૩૬] તો શું તમે આભાર માનશો? (૮૦) અને સુલેમાન માટે તોફાની હવા તાબે કરી દીધી કે તેના હુકમથી ચાલતી તે ધરતી તરફ જેમાં અમે બરકત મૂકી[૧૩૭] (છે) અને અમને દરેક વસ્તુની જાણ છે (૮૧) અને શયતાનોમાંથી તે (તાબે કરી દીધા) જે તેના માટે ડૂબકી મારતા[૧૩૮] અને એ સિવાય બીજા કામો કરતા[૧૩૯] અને અમે તેમને થોભાવેલ હતા[૧૪૦] (૮૨) અને અય્યૂબને યાદ કરો જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો[૧૪૧] કે મને કષ્ટ થયું અને તુ બધા મહેરબાનોથી વધીને મહેરબાન છે (૮૩) તો અમે તેની દુઆ સાંભળી લીધી તો અમે જે કષ્ટ તેને હતું તે દૂર કરી દીધું[૧૪૨] અને અમે તેને તેનાં ઘરવાળાં અને તેમની સાથે બીજાં તેટલાં વધારે આપ્યાં,[૧૪૩] પોતાની પાસેથી મહેરબાની કરીને, અને બંદગીવાળાઓને નસીહત[૧૪૪] (૮૪) અને ઇસ્માઇલ અને ઇદ્રીસ અને ઝુલકિફલને યાદ કરો તે બધા જ સબરવાળા હતા[૧૪૫] (૮૫) અને તેમને અમે

الانبياء ٢١ اقترب للناس ١٧

وَعَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ لِتُحْصِنَكُمْ مِّنْۢ
بَاْسِكُمْ فَهَلْ اَنْتُمْ شٰكِرُوْنَ ۝ وَلِسُلَيْمٰنَ الرِّيْحَ
عَاصِفَةً تَجْرِيْ بِاَمْرِهٖۤ اِلَى الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا
فِيْهَا وَكُنَّا بِكُلِّ شَيْءٍ عٰلِمِيْنَ ۝ وَمِنَ الشَّيٰطِيْنِ
مَنْ يَّغُوْصُوْنَ لَهٗ وَيَعْمَلُوْنَ عَمَلًا دُوْنَ ذٰلِكَ
وَكُنَّا لَهُمْ حٰفِظِيْنَ ۝ وَاَيُّوْبَ اِذْ نَادٰى رَبَّهٗۤ
اَنِّيْ مَسَّنِيَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ۝
فَاسْتَجَبْنَا لَهٗ فَكَشَفْنَا مَا بِهٖ مِنْ ضُرٍّ وَّاٰتَيْنٰهُ
اَهْلَهٗ وَمِثْلَهُمْ مَّعَهُمْ رَحْمَةً مِّنْ عِنْدِنَا
وَذِكْرٰى لِلْعٰبِدِيْنَ ۝ وَاِسْمٰعِيْلَ وَاِدْرِيْسَ
وَذَا الْكِفْلِ كُلٌّ مِّنَ الصّٰبِرِيْنَ ۝ وَاَدْخَلْنٰهُمْ

હુકમ હતો અને હઝરત સુલેમાન અલયહિસ્સલામે જે સૂચન કર્યું તે સુલેહની રીત હતી.

૧૩૪. ચિંતનની રીતો તેમજ હુકમોના તરીકા વિગેરેનું.

**મસઅલો** :- જે ઉલમાને ઇજતેહાદ (ચિંતનથી મસાઇલ તારવવા)ની શક્તિ હોય તેમને જે બાબત કુરઆન અને હદીષનો હુકમ મળે નહિ તેમાં ઇજતેહાદ કરવાનો હક છે, અને જો ઇજતેહાદમાં ભૂલ થઇ જાય તો પણ તેમની પકડ થશે નહિ. બુખારી અને મુસ્લિમની હદીષ છે કે; સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું; જ્યારે હુકમ લાગુ પાડનાર ઇજતેહાદ દ્વારા હુકમ લાગુ પાડતો હોય અને તે હુકમમાં ખરો હોય તો તેના માટે ડબલ સવાબ છે અને જો ઇજતેહાદમાં ભૂલથાપ થઇ જાય તો (પણ તેના માટે) એક સવાબ (તો છે જ).

૧૩૫. પથ્થરો અને પક્ષીઓ આપની સાથે સાથે આપની જેમ તસ્બીહ પઢતાં હતા.

૧૩૬. એટલે કે યુધ્ધ સમયે દુશ્મનના સામના સમયે કામ લાગે, અને તે બખતર છે. સર્વ પ્રથમ બખ્તર બનાવનાર હઝરત દાવૂદ અલયહિસ્સલામ છે.

૧૩૭. તે ધરતી એટલે શામ દેશ જે આપનું રહેઠાણ હતું.

૧૩૮. દરિયાના ઊંડાણમાં પ્રવેશીને દરિયાના બૂંધેથી આપના માટે જવાહેરાત કાઢી લાવતા હતા.

૧૩૯. અજબ અજબ કારીગરીઓ, ઇમારતો મહેલ વાસણો કાચની વસ્તુઓ સાબુ વિગેરે.

૧૪૦. કે આપના હુકમમાંથી નાસી છુટે નહિ.

૧૪૧. એટલે કે પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગી. હઝરત અય્યૂબ અલયહિસ્સલામ હઝરત

فِیْ رَحْمَتِنَا ؕ اِنَّهُمْ مِّنَ الصّٰلِحِیْنَ ﴿٨٦﴾ وَ ذَا النُّوْنِ
اِذْ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنْ لَّنْ نَّقْدِرَ عَلَیْهِ
فَنَادٰی فِی الظُّلُمٰتِ اَنْ لَّاۤ اِلٰهَ اِلَّاۤ اَنْتَ سُبْحٰنَكَ ۖ
اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ ﴿٨٧﴾ فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَ نَجَّیْنٰهُ
مِنَ الْغَمِّ ؕ وَ كَذٰلِكَ نُـْۨجِی الْمُؤْمِنِیْنَ ﴿٨٨﴾
وَ زَكَرِیَّاۤ اِذْ نَادٰی رَبَّهٗ رَبِّ لَا تَذَرْنِیْ فَرْدًا
وَّ اَنْتَ خَیْرُ الْوٰرِثِیْنَ ﴿٨٩﴾ فَاسْتَجَبْنَا لَهٗ ۫ وَ وَهَبْنَا
لَهٗ یَحْیٰی وَ اَصْلَحْنَا لَهٗ زَوْجَهٗ ؕ اِنَّهُمْ كَانُوْا یُسٰرِعُوْنَ
فِی الْخَیْرٰتِ وَ یَدْعُوْنَنَا رَغَبًا وَّ رَهَبًا ؕ وَ كَانُوْا
لَنَا خٰشِعِیْنَ ﴿٩٠﴾ وَ الَّتِیْۤ اَحْصَنَتْ فَرْجَهَا
فَنَفَخْنَا فِیْهَا مِنْ رُّوْحِنَا وَ جَعَلْنٰهَا وَ ابْنَهَاۤ

منزل ٤

અમારી રહમતમાં દાખલ કર્યા, બેશક ! તેઓ અમારી ખાસ નિકટતા પાત્રોમાં છે (૮૬) અને ઝુન્નૂનને યાદ કરો[૧૪૬] જ્યારે ક્રોધે ભરાઇને રવાના થયો[૧૪૭] તો વિચાર્યું કે અમે તેના પર તંગી નહિ કરીએ[૧૪૮] તો અંધારાઓમાં પોકાર કર્યો;[૧૪૯] તારા સિવાય કોઇ મઅ્બૂદ નથી તને પવિત્રતા છે બેશક ! મારાથી અયોગ્ય થયું[૧૫૦] (૮૭) તો અમે તેની પોકાર સાંભળી લીધી અને તેને ચિંતામાંથી છુટકારો આપ્યો,[૧૫૧] અને મુસલમાનોને એવો જ છુટકારો આપીશું[૧૫૨] (૮૮) અને ઝકરિયાને (યાદ કરો) જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો; 'અય મારા રબ ! મને એકલો મૂકીશ નહિ,[૧૫૩] અને તુ સર્વોત્તમ વારસદાર[૧૫૪] (છે) (૮૯) તો અમે તેની દુઆ કબૂલ કરી અને તેને[૧૫૫] યહયા આપ્યો અને તેના માટે તેની પત્નીને લાયકાતવાળી બનાવી[૧૫૬] બેશક ! તે[૧૫૭] સદકાર્યોમાં ઉતાવળ કરતા હતા અને અમને આશા તેમજ ડરથી પોકારતા હતા અને અમારી સમક્ષ કરગરતા હતા (૯૦) અને તે સ્ત્રીને (યાદ કરો) જેણે પોતાનું શિયળ સાચવ્યું[૧૫૮] તો અમે

ઇસ્હાક અલયહિસ્સલામની ઔલાદમાંથી છે. અલ્લાહ તઆલાએ આપને દરેક જાતની નેઅમતો આપી હતી. ખૂબસૂરતી વિપુલ પ્રમાણમાં ધનદોલત મોટી સંખ્યામાં ઔલાદ વિગેરે. અલ્લાહ તઆલાએ આપને અજમાયશમાં નાખ્યા અને આપના દીકરાઓ અને બીજી ઔલાદ મકાન પડી જવાથી દબાઇને મરી ગયા, બધાં જ જાનવરો જેમાં હજારો ઊંટ અને હજારો બકરીઓ હતી તે મરી ગઇ, બધી ખેતીઓ અને વાડીઓ બરબાદ થઇ ગઇ, કશું જ બાકી રહ્યું નહિ. અને જ્યારે આપને એ વસ્તુઓ બરબાદ થઇ જવાની ખબર આપવામાં આવતી ત્યારે આપ અલ્લાહના વખાણ કરતા અને કહેતા; મારૂં શું છે? જેનું હતુ તેણે લઇ લીધું ! જયાં સુધી મને આપ્યું અને મારી પાસે રહેવા દીધું તેનો તો શુકર અદા થઇ શકતો નથી, હું તેની મરજીથી ખુશ છું. પછી આપ માંદા પડયા, આખા શરીર મુબારક પર ફોલ્લા ઉઠી આવ્યા આખું શરીર જખમોથી ભરાઇ ગયું, બધા લોકોએ ત્યાગી દીધા સિવાય આપની પત્ની સાહેબા, કે તેણી આપની ચાકરી કરતાં રહ્યાં, અને આ હાલત કેટલાંએ વરસો સુધી રહી, આખરે કોઇ એવું કારણ બન્યું કે આપે બારગાહે ઇલાહીમાં દુઆ માંગી.....

૧૪૨. એવી રીતે કે હઝરત અય્યૂબ અલયહિસ્સલામને કહ્યું કે; 'તમે જમીન પર પગ મારો' તેમણે પગ માર્યો તો એક ઝરણુ દેખાયું. હુકમ થયો; 'એનાથી નહાવ !' નહાયા તો જાહેરી શરીરની બધી બીમારીઓ જતી રહી, પછી આપ ચાલીસ ડગલાં ચાલ્યા. ફરીવાર પગ મારવાનો હુકમ થયો. ફરી આપે પગ માર્યો. એનાથી પણ એક ઝરણુ જાહેર થયું, જેનું પાણી ખૂબ ઠંડુ હતું, આપે અલ્લાહના હુકમથી તે પીધું તેનાથી બધી આંતરિક બીમારીઓ મટી ગઇ અને આપને ઉત્તમ કક્ષાની તંદુરસ્તી મળી ગઇ.

آيَةً لِّلْعٰلَمِيْنَ ﴿٩١﴾ اِنَّ هٰذِهٖٓ اُمَّتُكُمْ اُمَّةً وَّاحِدَةً ۖ وَّاَنَا
رَبُّكُمْ فَاعْبُدُوْنِ ﴿٩٢﴾ وَتَقَطَّعُوْٓا اَمْرَهُمْ بَيْنَهُمْ ۭ كُلٌّ
اِلَيْنَا رٰجِعُوْنَ ﴿٩٣﴾ فَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ
وَهُوَ مُؤْمِنٌ فَلَا كُفْرَانَ لِسَعْيِهٖ ۚ وَاِنَّا لَهٗ كٰتِبُوْنَ ﴿٩٤﴾
وَحَرٰمٌ عَلٰى قَرْيَةٍ اَهْلَكْنٰهَآ اَنَّهُمْ لَا يَرْجِعُوْنَ ﴿٩٥﴾
حَتّٰٓى اِذَا فُتِحَتْ يَاْجُوْجُ وَمَاْجُوْجُ وَهُمْ مِّنْ
كُلِّ حَدَبٍ يَّنْسِلُوْنَ ﴿٩٦﴾ وَاقْتَرَبَ الْوَعْدُ الْحَقُّ
فَاِذَا هِيَ شَاخِصَةٌ اَبْصَارُ الَّذِيْنَ كَفَرُوْا ۭ يٰوَيْلَنَا
قَدْ كُنَّا فِيْ غَفْلَةٍ مِّنْ هٰذَا بَلْ كُنَّا ظٰلِمِيْنَ ﴿٩٧﴾
اِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ ۭ
اَنْتُمْ لَهَا وٰرِدُوْنَ ﴿٩٨﴾ لَوْ كَانَ هٰٓؤُلَاۗءِ اٰلِهَةً مَّا

તેમાં પોતાની રૂહ ફૂંકી[૧૫૯] અને તેણીને અને તેણીના પુત્ર[૧૬૦] ને આખા જગત માટે ચિન્હ બનાવ્યાં (૯૧) બેશક ! તમારો આ ધર્મ એક જ ધર્મ છે[૧૬૧] અને હું તમારો રબ છું[૧૬૨] તો મારી ઇબાદત કરો (૯૨) અને બીજાઓ એ પોતાનાં કામો પરસ્પર ટુકડે ટુકડા કરી નાખ્યાં[૧૬૩]. બધાંને જ અમારી તરફ પરત થવાનું છે[૧૬૪] (૯૩) તો જે કંઇ સદકાર્યો કરે અને હોય ઇમાનવાળો તો તેના પ્રયત્નો નું મૂલ્ય ઘટાડાશે નહિ અને અમે તેને લખી રહયા છીએ (૯૪) અને જે વસ્તીનો અમે વિનાશ કર્યો તેના પર હરામ છે કે ફરી પલ્ટીને આવે[૧૬૫] (૯૫) એટલે સુધી કે જ્યારે યાજુજ અને માજુજ[૧૬૬] ને છુટા કરવામાં આવશે અને તેઓ દરેક ઊંચાઇ પરથી ધસમસતા હશે (૯૬) અને સાચો વાયદો[૧૬૭] નજીક આવ્યો તો ત્યારે જ આંખો ફાટી પડશે કાફિરોની[૧૬૮] કે, હાય અમારી બરબાદી! બેશક ! અમે આનાથી[૧૬૯] ગફલતમાં હતા બલ્કે અમે જાલિમ હતા[૧૭૦] (૯૭) બેશક ! તમે[૧૭૧] અને જે કંઇ અલ્લાહ સિવાય તમે પૂજો છો[૧૭૨] તે, બધા જ દોઝખનું બળતણ છો. તમારે તેમાં જવાનું (છે) (૯૮) જો એ[૧૭૩] ખુદા હોત

૧૪૩. હઝરત ઇબ્ને મસઊદ અને ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમ તેમજ ઘણા તફસીરકારોએ ફરમાવ્યું કે; અલ્લાહ તઆલાએ આપની બધી ઔલાદને જીવતી કરી દીધી અને બીજી એટલી જ ઔલાદ વધારાની આપી. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાની બીજી રિવાયતમાં છે કે; અલ્લાહ તઆલાએ આપના પત્ની સાહેબાને ફરીવાર યુવાની આપી અને તેમને ઘણી ઔલાદ થઇ.

૧૪૪. કે તેઓ આ બનાવના કારણે મુસીબતો પર સબર કરતાં અને તેના મહાન સવાબ બાબત શીખે અને સબર કરીને સવાબ મેળવે.

૧૪૫. કે તેમણે કષ્ટો મુસબીતો અને ઇબાદતોની તકલીફો પર સબર કરી.

૧૪૬. અર્થાત હઝરત યુનૂસ ઇબ્ને મુતાને.

૧૪૭. પોતાની કોમ પાસેથી જેમણે આપનું નિમંત્રણ સ્વીકાર્યુ નહિ અને શીખામણ માની નહિ અને કુફ્ર પર જામેલા રહ્યા. આપે વિચાર્યું કે એ હિજરત તેમના માટે જાઇઝ છે કારણ કે એનું કારણ માત્ર કુફ્ર અને કુફ્રવાળાઓ સાથે અદાવત અને અલ્લાહ ખાતર ક્રોધ સિવાય બીજું કશું નથી. પણ આપે તે હિજરત માટે અલ્લાહના હુકમની રાહ જોઈ નહીં.

૧૪૮. તો અલ્લાહ તઆલાએ તેમને માછલીના પેટમાં પુર્યા.

૧૪૯. અનેક જાતના અંધારાં હતાં. દરિયાનું અંધારૂં, રાતનું અંધારૂ, માછલીના પેટનું અંધારૂં. એ અંધારાઓમાં હઝરત યૂનુસ અલયહિસ્સલામે પોતાના પરવરદિગાર પાસે આ મુજબ દુઆ માંગી...

૧૫૦. કે હું મારી કોમ પાસેથી તારો હુકમ મળતાં પહેલાં નીકળી ગયો. હદીષ શરીફમાં છે કે; જો કોઇ

اقترب للناس ١٧ الانبياء ٢١

وَرِدُوْهَا وَكُلٌّ فِيْهَا خٰلِدُوْنَ ﴿٩٩﴾ لَهُمْ فِيْهَا زَفِيْرٌ
وَّهُمْ فِيْهَا لَا يَسْمَعُوْنَ ﴿١٠٠﴾ اِنَّ الَّذِيْنَ سَبَقَتْ
لَهُمْ مِّنَّا الْحُسْنٰىٓ اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ ﴿١٠١﴾
لَا يَسْمَعُوْنَ حَسِيْسَهَا وَهُمْ فِيْ مَا اشْتَهَتْ
اَنْفُسُهُمْ خٰلِدُوْنَ ﴿١٠٢﴾ لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ
وَتَتَلَقّٰىهُمُ الْمَلٰٓئِكَةُ هٰذَا يَوْمُكُمُ الَّذِيْ كُنْتُمْ
تُوْعَدُوْنَ ﴿١٠٣﴾ يَوْمَ نَطْوِي السَّمَآءَ كَطَيِّ السِّجِلِّ
لِلْكُتُبِ كَمَا بَدَاْنَآ اَوَّلَ خَلْقٍ نُّعِيْدُهٗ وَعْدًا
عَلَيْنَا اِنَّا كُنَّا فٰعِلِيْنَ ﴿١٠٤﴾ وَلَقَدْ كَتَبْنَا فِي
الزَّبُوْرِ مِنْ بَعْدِ الذِّكْرِ اَنَّ الْاَرْضَ يَرِثُهَا
عِبَادِيَ الصّٰلِحُوْنَ ﴿١٠٥﴾ اِنَّ فِيْ هٰذَا لَبَلٰغًا

(તો) જહન્નમમાં જાત નહિ, અને એ બધાંને હમેશાં તેમાં રહેવાનું (છે)[૧૭૪] (૯૯) તેઓ તેમાં સરકશે[૧૭૫] અને તેઓ તેમાં કશું સાંભળશે નહિ[૧૭૬] (૧૦૦) બેશક ! તેઓ જેમના માટે અમારો ભલાઇનો વાયદો થઇ ચૂકયો તેઓ જહન્નમથી વેગળા રાખવામાં આવ્યા છે[૧૭૭] (૧૦૧) તેઓ તેનો ભણકાર પણ સાંભળશે નહિ[૧૭૮] અને તેઓ પોતાની ઇચ્છા અનુસારની ખ્વાહેશોમાં[૧૭૯] હમેશાં રહેશે (૧૦૨) તેઓને પેલી સહુથી મોટી ગભરામણ[૧૮૦] ચિંતા માં નાખશે નહિ અને ફરિશ્તાઓ તેમને માર્ગની સૂચના કરવા આવશે[૧૮૧] કે આ છે તમારો તે દિવસ જેનો તમને વાયદો (કરવામાં આવ્યો) હતો (૧૦૩) જે દિવસે અમે આકાશોને લપેટીશું જેવી રીતે કે સિજલ ફરિશ્તો[૧૮૨] આમાલનામાને લપેટે છે. જેવું પ્રથમ એને બનાવ્યું હતું તેવું જ ફરી કરી આપીશું[૧૮૩] આ વાયદો છે અમારી જવાબદારી પર અમારે એ અવશ્ય કરવાનું (૧૦૪) અને બેશક ! અમે ઝબૂરમાં શિખામણ પછી લખી આપ્યું કે; મારા નેક બન્દઓ આ ધરતીના વારસદાર બનશે[૧૮૪] (૧૦૫) બેશક ! આ કુરઆન

આફતવાળો અલ્લાહની બારગાહમાં એ શબ્દો વડે દુઆ માંગે તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ કરે છે.

૧૫૧. અને માછલીને હુકમ કર્યો તો તે હઝરત યૂનુસ અલયહિસ્સલામને દરિયાના કિનારે મૂકી આવી.

૧૫૨. મુસીબતો અને તકલીફોથી જ્યારે કે તેઓ અમને ફરિયાદ કરે અને દુઆ માંગે.

૧૫૩. અર્થાત સંતાન વિહોણો. બલ્કે ઔલાદ આપ.

૧૫૪. મખ્લૂકના નાશ પછી બાકી રહેનાર. હેતુ એ છે કે જો તુ મને વારસદાર આપે નહિ તો પણ કશી ચિંતા નથી. કારણ કે તુ બહેતર વારસદાર છે.

૧૫૫. નેકબખ્ત પુત્ર...

૧૫૬. જે વાંઝ હતી તેને પ્રસુતીની લાયકાતવાળી બનાવી.

૧૫૭. અર્થાત મજકૂર નબીઓ.

૧૫૮. સંપૂર્ણ રીતે કે કોઇ માનવી તેના શિયળને અડપલું કરી શકયો નહિ. એટલે કે હઝરત મરયમ.

૧૫૯. અને તેણીના પેટમાં હઝરત ઇસાને પેદા કર્યા.

૧૬૦. પોતાની કુદરતના કમાલનાં કે હઝરત ઇસાને તેણીના પેટમાંથી વગર બાપે પેદા કર્યા.

૧૬૧. ઇસ્લામ ધર્મ. એ જ બધા નબીઓનો ધર્મ છે એના સિવાય જેટલા ધર્મો છે તે બધા બાતિલ, બધાંને આ દીન પર કાયમ રહેવું જરૂરી છે.

૧૬૨. ન મારા સિવાય બીજો કોઇ રબ ન મારા દીન સિવાય બીજો કોઇ દીન.

૧૬૩. અર્થાત દીનમાં મતભેદો કર્યા અને અલગ અલગ જુથો બની ગયાં.

૧૬૪. અમે તેમને તેમનાં કાર્યોનો બદલો આપીશું.

૧૬૫. દુનિયામાં કર્મોનું ભરણું અને પરિસ્થિતિની કાયાપલટ માટે. એટલે કે એમનું પાછું આવવું અશકય છે. તફસીરકારોએ એનો એવો મતલબ પણ વર્ણવ્યો છે કે; જે વસ્તીવાળાઓને અને વિનાશ કર્યો તેમનું શિર્ક અને કુફ્રમાંથી પાછું ફરવું અશક્ય છે. આ અર્થ ત્યારે બંધ બેસશે જ્યારે કે (આયતમાં) લા (શબ્દ) ને વધારાનો ગણવામાં આવે. અને જો લા ને વધારાનો (ઝાઇદા) ગણવામાં આવે નહિ તો અર્થ એ થશે કે આખેરતમાંથી તેમનું (દુનિયાના) જીવન તરફ પાછું વળવું અશક્ય છે. આમાં આખેરતના જીવનનો ઇન્કાર કરનારાઓને રદિયો છે.

૧૬૬. કયામત નજીક આવશે ત્યારે અને યાજૂજ માજૂજ બે કબીલાઓમાં નામો છે.

૧૬૭. એટલે કે કયામત.

૧૬૮. તે દિવસના ડર અને ભયાનકતાથી અને કહેશે...

૧૬૯. દુનિયામાં.

૧૭૦. કે રસૂલોની વાત માનતા હતા નહિ અને તેમને જૂઠાડતા હતા.

૧૭૧. અય મુશ્રિકો !

૧૭૨. એટલે કે તમારી મૂર્તિઓ.

૧૭૩. મૂર્તિઓ, જેવું કે તમે ધારો છો.

૧૭૪. મૂર્તિઓને અને તેમને પૂજનારાઓને.

૧૭૫. અને અઝાબની સખ્તાઇના કારણે બુમો પાડશે અને બરાડશે.

૧૭૬. જહન્નમના જોશના કારણે. હઝરત ઇબ્ને મસ્ઊદ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું; જ્યારે જહન્નમમાં માત્ર એવા લોકો જ રહી જશે જેમને હમેશાં તેમાં રહેવાનું છે ત્યારે તેઓ આગની પેટીઓમાં પુરી દેવામાં આવશે તે પેટીઓ બીજી પેટીઓમાં, ફરી તે પેટીઓ બીજી પેટીઓમાં અને તે પેટીઓ પર આગના ખીલાઓ ઠોકી દેવામાં આવશે. તો તેઓ કશું સાંભળી શકશે નહિ અને કોઇ બીજાને દેખી પણ નહિ શકે.

૧૭૭. એમાં ઇમાનવાળાઓ માટે ખુશખબર છે. હઝરત અલી કરમલ્લાહુ વજહહૂએ આ આયત પઢીને ફરમાવ્યુ; હું એમનાંમાંથી જ છું. અને અબૂબક્ર અને ઉમર અને ઉસ્માન અને તલ્હા અને ઝુબેર અને સઅદ અને અબ્દુર્રહમાન બિન ઔફ (પણ એમનામાં છે).

**શાને નુઝૂલ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયિહ વસલ્લમ એક દિવસ કા'બા મુઅઝઝમામાં પ્રવેશ્યા, તે સમયે કુરેશના આગેવાનો હતીમમાં મૌજૂદ હતા અને કા'બા શરીફની આજુ બાજુ ૩૬૦ મૂર્તિઓ હતી. નદ્ર બિન હારિસ સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સામે આવ્યો અને આપની સાથે વાત કરવા માંડયો, હુઝૂરે તેને જવાબ આપીને ચૂપ કરી દીધો અને આ આયત પઢી સંભળાવી ઇન્નકુમ વમા તઅબુદૂન મિન દુનિલ્લાહિ હસબુ જહન્નમ એટલે કે તમે અને જ કંઇ તમે અલ્લાહ સિવાય પૂજો છો તે બધા જહન્નમનું બળતણ છો, આટલું ફરમાવીને હુઝૂર ત્યાંથી ચાલ્યા ગયા. પછી અબ્દુલ્લાહ બિન જબઅરી સહમી આવ્યો, તેને વલીદ બિન મુગીરાએ આ વાતચીતના સમાચાર આપ્યા. પેલો બોલ્યો કે; ખુદાની કસમ ! જો હું હોત તો તેમની સાથે વિવાદ કરત. ત્યારે લોકોએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને બોલાવ્યા. ઇબ્ને ઝબઅરી કહેવા લાગ્યો કે; તમે એવું કહ્યું છે કે; તમે અને અલ્લાહ સિવાય તમે જે કંઇ પૂજો છો તે બધા જહન્નમનું બળતણ છો. હુઝૂરે ફરમાવ્યું કે; હા. કહેવા માંડયો; યહૂદીઓ તો હઝરત ઉઝેરને પૂજે છે અને ખ્રિસ્તીઓ

اقترب الناس ١٧ — الحج ٢٢

لِقَوْمٍ عٰبِدِيْنَ ﴿١٠٦﴾ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ﴿١٠٧﴾
قُلْ اِنَّمَا يُوْحٰٓى اِلَيَّ اَنَّمَآ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ فَهَلْ
اَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٠٨﴾ فَاِنْ تَوَلَّوْا فَقُلْ اٰذَنْتُكُمْ
عَلٰى سَوَآءٍ وَاِنْ اَدْرِيْٓ اَقَرِيْبٌ اَمْ بَعِيْدٌ
مَّا تُوْعَدُوْنَ ﴿١٠٩﴾ اِنَّهٗ يَعْلَمُ الْجَهْرَ مِنَ الْقَوْلِ
وَيَعْلَمُ مَا تَكْتُمُوْنَ ﴿١١٠﴾ وَاِنْ اَدْرِيْ لَعَلَّهٗ فِتْنَةٌ
لَّكُمْ وَمَتَاعٌ اِلٰى حِيْنٍ ﴿١١١﴾ قٰلَ رَبِّ احْكُمْ بِالْحَقِّ وَ
رَبُّنَا الرَّحْمٰنُ الْمُسْتَعَانُ عَلٰى مَا تَصِفُوْنَ ﴿١١٢﴾
سُوْرَةُ الْحَجِّ مَدَنِيَّةٌ وَهِيَ ثَمَانٌ وَّسَبْعُوْنَ اٰيَةً وَّعَشْرُ رُكُوْعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
يٰٓاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ اِنَّ زَلْزَلَةَ السَّاعَةِ

ઇબાદતવાળાઓ માટે પૂરતું છે[૧૮૫] (૧૦૬) અને અમે તમને બધાય જગત માટે રહમત (બનાવીને) મોકલ્યા છે[૧૮૬] (૧૦૭) તમે ફરમાવો; 'મને તો એવી જ વહી થાય છે કે એક અલ્લાહ સિવાય તમારો (કોઇ) ખુદા નથી, તો શું તમે મુસલમાન થાઓ છો?' (૧૦૮) પછી જો તેઓ મોઢું ફેરવે[૧૮૭] તો ફરમાવી દો; 'મેં તમને લડાઇનું આહ્‌વન આપી દીધું સમકક્ષ રીતે, અને હું શું જાણુ[૧૮૮] કે જેનો તમને વાયદો કરવામાં આવે છે તે નજીક છે કે દૂર છે[૧૮૯] (૧૦૯) બેશક ! અલ્લાહ જાણે છે જોરથી કરાએલી વાત[૧૯૦] અને જાણે છે જે કંઇ તમે છુપાવો છો (તે)[૧૯૧] (૧૧૦) અને હું શું જાણું કદાચ તે[૧૯૨] તમારી અજમાઇશ (પણ) હોય[૧૯૩] અને એક (નક્કી) સમય સુધી વાપરવા દેવુ[૧૯૪] (૧૧૧) નબીએ વિનંતી કરી કે; 'મારા રબ સત્ય ફેંસલો ફરમાવી દે[૧૯૫] અને અમારા રબ રહમાનની મદદની જ જરૂર છે તે વાતો બાબત જે તમે કહો છો[૧૯૬] (૧૧૨)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમતવાળો (છે)[૧૯૭]**

અય લોકો! પોતાના રબથી ડરો[૧૯૮] બેશક ! કયામતનો

હઝરત મસીહને પૂજે છે અને બની મલીહ ફરિશ્તાઓને પૂજે છે. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને બયાન કર્યું કે; હઝરત ઉઝેર, હઝરત મસીહ અને ફરિશ્તાઓ તો તે છે જેમના માટે ભલાઇનો વાયદો થઇ ચૂકયો છે અને તેઓ જહન્નમથી દૂર રાખવામાં આવ્યા છે. અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; હકીકતમાં યહૂદીઓ, ખ્રિસ્તીઓ વિગેરે શયતાનને પૂજે છે. આ જવાબો પછી તેને દમ મારવાની જગ્યા રહી નહિ અને તે ચુપ થઇ ગયો. અને વાસ્તવમાં તેણે જે વાંધો ઉઠાવ્યો તે કમાલ દરજ્જાની દુશ્મનીના કારણે હતો કારણ કે જે આયત સામે તેણે વાંધો ઉઠાવ્યો તેમાં માતઅબુદૂન છે અને 'મા' અરબી ભાષામાં બુધ્ધિહિનો માટે બોલવામાં આવે છે, એ જાણતો હોવા છતાં તેણે અંધ બનીને વાંધો કાઢયો. એ વાંધો તો ભાષાના વિદ્વાનોની દ્રષ્ટિએ ઉઘાડી રીતે ખોટો હતો છતાં વધારે ખુલાસા ખાતર આ આયતમાં ચોખવટ કરી દેવામાં આવી.

૧૭૮. અને તેના ઉભરાનો અવાજ પણ તેમના સુધી પહોંચશે નહિ તેઓ જન્નતના ભવનોમાં આરામ કરતા હશે.

૧૭૯. અલ્લાહની નેઅમતો અને ઇજ્જતોમાં.

૧૮૦. અર્થાત બીજું સૂર.

૧૮૧. કબ્રોમાંથી નીકળતી વખતે અભિનંદનો આપતા અને એવું કહેતા કે...

૧૮૨. જે આમાલ લખે છે માણસના મૃત્યુ સમયે તેના...

૧૮૩. અર્થાત અમે જેવું પ્રથમ શૂન્યમાંથી સર્જ્યું હતું તેવું જ પાછું અસ્તિત્વહિન કર્યા પછી ફરી સર્જી

દઇશું. અથવા એ અર્થ છે કે; જેવો માંના પેટમાંથી નગ્ન અને ખત્ના વગરનો પેદા કર્યો હતો મૃત્યુ પછી એવો જ ઉઠાડીશું.

૧૮૪. એ ધરતીનો મતલબ જન્નતની ધરતી છે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; એ ધરતી એટલે કાફિરોના પ્રદેશો જેને મુસલમાનો જીતી લેશે. અને એક કથન મુજબ શામ (સિરિયા)ની ધરતી તરફ નિર્દેશ છે.

૧૮૫. જે એને અનુસરે અને એના મુજબ કર્મો કરે તે જન્નત પામે અને ધ્યેયને વરે. અને ઇબાદતવાળાઓનો મતલબ ઇમાનવાળાઓ છે. અને એક કથન અનુસાર ઉમ્મતે મુહમ્મદિયહ મતલબ છે જેઓ પાંચે નમાઝો પઢે છે રમઝાનના રોઝા રાખે છે અને હજ કરે છે.

૧૮૬. ગમે તે હોય, જિન્નાત હોય કે મનુષ્ય હોય, મો'મિન હોય કે કાફિર હોય, હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે, હુઝૂરનું રહમત હોવું બધાં માટે છે ઇમાનવાળા માટે પણ અને તેના માટે પણ જે ઇમાન લાવ્યો નહિ. મો'મિન માટે તો આપ દુનિયા અને આખેરત બન્નેમાં રહમત છે અને જે ઇમાન લાવ્યો નહિ તેના માટે આપ (માત્ર) દુનિયામાં રહમત છે કે આપના કારણે અઝાબ લંબાવાયો અને ધરતીમાં ધસી જવું, શિકલો બગડી જવી તેમજ સર્વનાશ થવો વિગેરે અઝાબો ઉઠાડી લેવામાં આવ્યા. તફસીરે રૂહુલ બયાનમાં આ આયતની તફસીરમાં મહાન લોકોનું આ કથન ટાંકયું છે કે; આયતનો એ અર્થ છે કે અમે તમને બિનશરતી સંપૂર્ણ પુરેપુરી સર્વ સામાન્ય પ્રત્યેકને સમેટી લેનાર દરેક જાતની રહમતનું એકત્રીકરણ કરનાર બધાંને ઘેરી લેનાર ગેબી તેમજ ઇલ્મ આંખ અને અસ્તિત્વ વડે દેખાતી, પહેલાંની અને પાછળની રહમત બનાવીને મોકલ્યા છે. પ્રત્યેક જગત માટે આલમે અરવાહ હોય કે આલમે અજસામ (આત્માનું જગત હોય કે શારીરિક જગત) બુધ્ધિશાળીઓની દુનિયા હોય કે બુધ્ધિહિન મખ્લૂકની દુનિયા હોય, અને જે બધાય જગતો માટે રહમત હોય તો અનિવાર્ય છે કે તે બધાય જગતોથી ઉત્તમ પણ હોય.

૧૮૭. અને ઇસ્લામ સ્વીકારે નહિ.

૧૮૮. ખુદાના બતાવ્યા વગર એટલે કે આ વાત બુધ્ધિ અને અંદાજાથી જાણવાની નથી. અહીં 'દિરાયત' હોવાનો નકાર કરાયો છે 'દિરાયત' અંદાજા અને અટકળ વડે જાણવાને કહે છે, જેમકે મુફરદાતે રાગિબ અને રદ્દુલ મુહતારમાં કહેવામાં આવ્યું છે. એટલા માટે જ અલ્લાહ માટે 'દિરાયત' નો શબ્દ વપરાતો નથી. અને કુરઆન શરીફની બોલી એ બાબત પ્રત્યે નિર્દેશ કરે છે, ફરમાવ્યું; મા કુન્તુ તદરી મલ કિતાબ વલલ ઇમાન (કિતાબ અને ઇમાન શું છે તે હું આપ મેળે જાણતો નથી). અહીં અલ્લાહના શિખવાડયા વગર માત્ર બુધ્ધિ અને અંદાજથી જાણવાનો નકાર છે નહિ કે માત્ર ઇલ્મનો. અને નર્યા ઇલ્મનો નકાર કેમ કરી હોય શકે જ્યારે કે એ રૂકૂઅના પ્રારંભમાં જ આવી ચૂક્યું કે; વકતરબલ વઅદુલ હક્ક અર્થાત સાચો વાયદો નજીક આવી લાગ્યો. તો વાયદો નજીક છે કે દૂર એવું કોઈરીતે પણ જાણતા નથી એવું કેવી રીતે કહી શકાય? ટૂંકસાર એ કે પોતાની બુધ્ધિ અને અટકળથી જાણવાનો નકાર છે નહિ કે અલ્લાહના શિખવાડવાથી જાણવાનો.

૧૮૯. અઝાબનો અથવા કયામતનો.

૧૯૦. હે કાફિરો! જે તમે જાહેર રીતે ઇસ્લામને ટોણાં મારવા ખાતર કહો છો.

૧૯૧. પોતાના દિલોમાં. એટલ કે નબીની અદાવત અને મુસલમાનોની અદેખાઇ જે તમારા હૃદયો માં છુપાએલી છે અલ્લાહ તેને પણ જાણે છે એ બધાનો બદલો આપશે.

شَيْءٌ عَظِيمٌ ① يَوْمَ تَرَوْنَهَا تَذْهَلُ كُلُّ مُرْضِعَةٍ
عَمَّا أَرْضَعَتْ وَتَضَعُ كُلُّ ذَاتِ حَمْلٍ حَمْلَهَا
وَتَرَى النَّاسَ سُكَارَىٰ وَمَا هُمْ بِسُكَارَىٰ وَلَٰكِنَّ
عَذَابَ اللَّهِ شَدِيدٌ ② وَمِنَ النَّاسِ مَنْ
يُجَادِلُ فِي اللَّهِ بِغَيْرِ عِلْمٍ وَيَتَّبِعُ كُلَّ شَيْطَانٍ
مَرِيدٍ ③ كُتِبَ عَلَيْهِ أَنَّهُ مَنْ تَوَلَّاهُ فَأَنَّهُ
يُضِلُّهُ وَيَهْدِيهِ إِلَىٰ عَذَابِ السَّعِيرِ ④ يَا أَيُّهَا
النَّاسُ إِنْ كُنْتُمْ فِي رَيْبٍ مِنَ الْبَعْثِ فَإِنَّا خَلَقْنَاكُمْ
مِنْ تُرَابٍ ثُمَّ مِنْ نُطْفَةٍ ثُمَّ مِنْ عَلَقَةٍ ثُمَّ مِنْ
مُضْغَةٍ مُخَلَّقَةٍ وَغَيْرِ مُخَلَّقَةٍ لِنُبَيِّنَ لَكُمْ
وَنُقِرُّ فِي الْأَرْحَامِ مَا نَشَاءُ إِلَىٰ أَجَلٍ مُسَمًّى ثُمَّ

આંચકો[૧૯૯] ઘણી સખ્ત વસ્તુ છે (૧) જે દિવસે તમે એને દેખશો, દરેક દૂધ પીવડાવનારી[૨૦૦] પોતાના દૂધ ધાવનાર ને ભૂલી જશે અને પ્રત્યેક સગર્ભા[૨૦૧] પોતાનો ગર્ભ છોડી મૂકશે[૨૦૨] અને તુ લોકોને જોઇશ જાણે કે (તેઓ) ઘેનમાં છે અને તેઓ ઘેનમાં નહિ હોય[૨૦૩] પણ છે એવું કે અલ્લાહનો માર સખત છે (૨) અને અમુક લોકો તે છે જેઓ અલ્લાહના મામલામાં ઝઘડે છે જાણ્યા બુઝયા વગર, અને દરેક બંડખોર શયતાનની પાછળ ચાલવા માંડે છે[૨૦૪] (૩) જેના પર લખી દેવાયું છે કે જે એની દોસ્તી કરશે તો એ અવશ્ય તેને ભટકાવી દેશે અને તેને દોઝખના અઝાબનો માર્ગ દેખાડશે[૨૦૫] (૪) અય લોકો! જો તમને કયામતના દિવસે જીવતું થવામાં કંઇક શંકા હોય તો એ (બાબત) વિચારો કે અમે તમને માટીમાંથી બનાવ્યા[૨૦૬] પછી પાણીના ટીપાથી[૨૦૭] પછી લોહીના ફોરાથી[૨૦૮] પછી માંસના આકૃતિ બનેલા અને બિન આકૃતિ બનેલા લોચાથી.[૨૦૯] જેથી અમે તમારા માટે અમારી નિશાનીઓ જાહેર કરીએ.[૨૧૦] અમે જેને ચાહિએ તેને માતાઓના પેટમાં એક ચોક્કસ મુદત સુધી[૨૧૧]

૧૯૨. એટલે કે દુનિયામાં અઝાબને પાછો ઠેલવો.

૧૯૩. જેનાથી તમારી હાલત જાહેર થઇ જાય.

૧૯૪. અર્થાત મૃત્યુના સમય સુધી.

૧૯૫. મારી અને તેમની વચ્ચે જેઓ મને જૂઠાડે છે. એવી રીતે કે મારી મદદ કર અને તેમના પર કોપ ઉતાર. આ દુઆ કબૂલ થઇ અને કાફિરો બદ્ર, અહઝાબ, હુનૈન વિગેરેમાં અઝાબમાં સપડાયા.

૧૯૬. શિર્ક કુફ્ર અને બેઇમાનીની.

૧૯૭. હઝરત ઇબ્ને અબ્બાસ અને મુજાહિદના કથનાનુસાર સૂરએ હજ્જ મક્કી છે છ આયતો સિવાય જે "હાઝાને ખસમાને" થી શરૂ થાય છે. આ સૂરહમાં ૧૦ રૂકૂઅ અને ૭૮ આયતો અને ૧૨૯૧ શબ્દો અને ૫૦૭૫ અક્ષરો છે.

૧૯૮. તેના અઝાબનો ખૌફ કરો અને તેનું કહ્યું માનવામાં મગ્ન બનો.

૧૯૯. જે કયામતની નિશાનીઓમાંથી છે અને કયામત નજીક આવશે ત્યારે સૂર્ય પશ્ચિમમાંથી ઉદય થશે તે અરસામાં લાગશે.

૨૦૦. તેની હૈબતના કારણે.

૨૦૧. એટલે કે હમલવાળી તે દિવસની ભયાનકતાથી.

૨૦૨. ગર્ભપાત થઇ જશે.

૨૦૩. બલ્કે અલ્લાહના અઝાબની બ્હીકથી લોકો ભાન ભૂલી જશે.

نُخْرِجُكُمْ طِفْلًا ثُمَّ لِتَبْلُغُوا أَشُدَّكُمْ وَمِنْكُمْ مَنْ
يُتَوَفَّىٰ وَمِنْكُمْ مَنْ يُرَدُّ إِلَىٰ أَرْذَلِ الْعُمُرِ لِكَيْلَا
يَعْلَمَ مِنْ بَعْدِ عِلْمٍ شَيْئًا وَتَرَى الْأَرْضَ هَامِدَةً
فَإِذَا أَنْزَلْنَا عَلَيْهَا الْمَاءَ اهْتَزَّتْ وَرَبَتْ وَأَنْبَتَتْ
مِنْ كُلِّ زَوْجٍ بَهِيجٍ ﴿٥﴾ ذَٰلِكَ بِأَنَّ اللَّهَ هُوَ الْحَقُّ
وَأَنَّهُ يُحْيِي الْمَوْتَىٰ وَأَنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿٦﴾
وَأَنَّ السَّاعَةَ آتِيَةٌ لَا رَيْبَ فِيهَا وَأَنَّ اللَّهَ يَبْعَثُ
مَنْ فِي الْقُبُورِ ﴿٧﴾ وَمِنَ النَّاسِ مَنْ يُجَادِلُ فِي
اللَّهِ بِغَيْرِ عِلْمٍ وَلَا هُدًى وَلَا كِتَابٍ مُنِيرٍ ﴿٨﴾ ثَانِيَ
عِطْفِهِ لِيُضِلَّ عَنْ سَبِيلِ اللَّهِ لَهُ فِي الدُّنْيَا
خِزْيٌ وَنُذِيقُهُ يَوْمَ الْقِيَامَةِ عَذَابَ الْحَرِيقِ ﴿٩﴾

રોકી રાખીએ છીએ. પછી તમને બાળક (રૂપે) કાઢીએ છીએ પછી[૨૧૨] એટલા માટે કે તમે પોતાની યુવાવસ્થાએ લાધો.[૨૧૩] અને તમારામાં કોઇ પહેલાં જ મરી જાય છે અને કોઇ તદ્દન નકામી વય સુધી (મૂકી) રાખવામાં આવે છે[૨૧૪] કે જણ્યા પછી પણ કશું જાણે નહિ[૨૧૫]. અને તુ જમીનને જુએ કરમાઇ ગએલી[૨૧૬]. પછી જ્યારે અમે તેના પર પાણી ઉતાર્યુ (ત્યારે તે) લીલીછમ બની ગઇ અને ઉભરાઇ ઉઠી અને પ્રત્યેક ભભકાદાર જોડું[૨૧૭] ઉગાડ્યું[૨૧૮]. આ એટલા માટે છે કે અલ્લાહ જ સત્ય છે[૨૧૯]. અને એ કે તે મડદાંઓ જીવાડશે. અને એ કે તે સર્વ કંઇ કરી શકે છે (૬) અને એટલા માટે કે કયામત આવનાર (છે) એમાં કશી શંકા નથી. અને એ કે અલ્લાહ ઉઠાડશે તેમને જેઓ કબરોમાં છે. (૭) અને કોઇ આદમી એવો છે કે અલ્લાહ વિષે એવો ઝગડો કરે છે કે ન તો (તેનું) ઇલ્મ ન કોઇ (એ બાબત) દલીલ અને ન તો કોઇ સ્પષ્ટ લખાણ[૨૨૦] (૮) હક્કથી પોતાની ગરદન ફેરવેલી કે જેથી અલ્લાહના રસ્તાથી ભટકાવે[૨૨૧], તેના માટે દુનિયામાં ફજેતી છે[૨૨૨] અને કયામતના દિવસે અમે તેને આગનો અઝાબ ચખાડીશું[૨૨૩] (૯)

૨૦૪. **શાને નુઝૂલ :-** આ આયત નઝ્ર બિન હારિસ વિષે ઉતરી જે ઘણો જ ઝગડાખોર હતો અને ફરિશ્તાઓને ખુદાની દીકરીઓ તેમજ કુરઆનને આગલાઓની વાર્તાઓ કહેતો અને મૃત્યુ પછી ઉઠાડવામાં આવવાનો ઇન્કાર કરતો હતો.

૨૦૫. શયતાનના પગલે ચાલવા બાબત ચેતવણી આપ્યા પછી કયામતમાં ઉઠવાનો નકાર કરનારાઓ પર દલીલ ઉભી કરવામાં આવે છે...

૨૦૬. તમારા વંશના મૂળ એટલે કે હઝરત આદમ અલયહિસ્સલામને તેમાંથી સર્જીને.

૨૦૭. અર્થાત વિર્યના ટીપાથી તેમના વંશને.

૨૦૮. કે વિર્ય જામેલું લોહી બની જાય છે.

૨૦૯. અર્થાત શિકલ બનેલી અને શિકલ નહિ બનેલી. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; તમારા લોકોના જન્મનો ઘાતુ માંના પેટમાં ચાલીસ દિવસ સુધી વિર્ય રહે છે પછી એટલી જ મુદ્દત બાઝેલું લોહી બને છે પછી એટલી જ મુદ્દત માંસના લોચા જેવું રહે છે પછી અલ્લાહ તઆલા ફરિશ્તો મોકલે છે જે એની ઉમર અને રોજી એનાં કર્મો એનું ભાગ્યશાળી કે અભાગી હોવું લખે છે પછી તેમાં રૂહ ફૂંકે છે. (હદીષ) અલ્લાહ તઆલા આ રીતે માનવીનું સર્જન કરે છે અને તેને એક પરિસ્થિતિથી બીજી તરફ ફેરવતો રહે છે. આ એટલા માટે વર્ણવવામાં આવ્યું....

૨૧૦. અને તમે અલ્લાહ તઆલાની કુદરત અને હિકમતનો કમાલ જાણો અને પોતાના જન્મ ના પ્રારંભ પર દ્રષ્ટિ કરીને જાણી લો કે જે સર્વસત્તાધીશ નિર્જીવ માટીમાં આવી ક્રાંતિઓ સર્જીને જીવવાળો

આ તેનો બદલો છે જે તારા હાથોએ આગળ મોકલ્યું[૨૨૪], અને અલ્લાહ બન્દાઓ પર જુલ્મ કરતો નથી[૨૨૫] (૧૦) અને અમુક લોકો અલ્લાહની બંદગી એક છેડા પર કરે છે[૨૨૬], પછી જો તેમને કોઇ સુખ મળે તો તો આરામમાં (રહે) છે અને જ્યારે કોઇ અજમાયશ આવી પડી[૨૨૭] (ત્યારે) મોઢાભેર ફરી બેઠા.[૨૨૮] દુનિયા અને આખેરત બન્નેની ખોટ[૨૨૯], એ જ સ્પષ્ટ નુકશાન છે[૨૩૦] (૧૧) અલ્લાહ સિવાય એવાને પૂજે છે જે એમનું ભલુ બુરૂ કશું કરે નહિ[૨૩૧], એજ દૂરની ગુમરાહી છે (૧૨) એવાને પૂજે છે કે જેના ફાયદા કરતાં[૨૩૨] નુકશાનની આશા વધારે છે[૨૩૩] બેશક ![૨૩૪] કેટલો ખરાબ માલિક અને બેશક ! કેટલો ખરાબ મિત્ર (૧૩) બેશક ! અલ્લાહ તેમને જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા બગીચાઓમાં દાખલ કરશે જેમની નીચે નહેરો વહે. બેશક ! અલ્લાહ જે ઇચ્છે તે કરે છે[૨૩૫] (૧૪) જે એવો ખ્યાલ ધરાવતો હોય કે અલ્લાહ પોતાના નબી[૨૩૬]ની મદદ નહિ કરે દુનિયા [૨૩૭] અને આખેરત માં[૨૩૮] તો તેણે ઉપરની બાજુ એક દોરડું તાણવું જોઇએ



ذٰلِكَ بِمَا قَدَّمَتْ يَدٰكَ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ
لِّلْعَبِيْدِ ۝١٠ وَمِنَ النَّاسِ مَنْ يَّعْبُدُ اللّٰهَ عَلٰى حَرْفٍ
فَاِنْ اَصَابَهٗ خَيْرُ اطْمَاَنَّ بِهٖ وَاِنْ اَصَابَتْهُ
فِتْنَةُ انْقَلَبَ عَلٰى وَجْهِهٖ خَسِرَ الدُّنْيَا وَالْاٰخِرَةَ
ذٰلِكَ هُوَ الْخُسْرَانُ الْمُبِيْنُ ۝١١ يَدْعُوْا مِنْ دُوْنِ
اللّٰهِ مَا لَا يَضُرُّهٗ وَمَا لَا يَنْفَعُهٗ ذٰلِكَ هُوَ الضَّلٰلُ
الْبَعِيْدُ ۝١٢ يَدْعُوْا لَمَنْ ضَرُّهٗ اَقْرَبُ مِنْ نَّفْعِهٖ
لَبِئْسَ الْمَوْلٰى وَلَبِئْسَ الْعَشِيْرُ ۝١٣ اِنَّ اللّٰهَ يُدْخِلُ
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ اِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ۝١٤ مَنْ كَانَ
يَظُنُّ اَنْ لَّنْ يَّنْصُرَهُ اللّٰهُ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ

માનવી બનાવી દે છે તો જો તે મરેલા માનવીને જીવતો કરે તો તેની કુદરત જોતાં શું કપરૂં છે?

૨૧૧. અર્થાત પ્રસુતિના સમય સુધી.

૨૧૨. તમને જિંદગી આપીએ છીએ.

૨૧૩. અને તમારી તાકાત તેમજ બુધ્ધિ સંપૂર્ણ થાય.

૨૧૪. અને તેને એટલી વૃધ્ધાવસ્થા આવી જાય છે કે બુધ્ધિ અને શાન ઠેકાણે રહેતી નથી અને એવો બની જાય છે.....

૨૧૫. અને જે જાણતો હોય તે વિસરી જાય. અકરમાએ કહ્યું છે કે; જે કાયમ કુરઆન પઢયા કરશે તે એટલી હદે પહોંચશે નહિ. ત્યાર બાદ અલ્લાહ તઆલા મૃત્યુ પછી ઉઠવા બાબત બીજી દલીલ વર્ણવે છે.....

૨૧૬. સુકી ઘાસચારા વગરની.

૨૧૭. અર્થાત દરેક જાતની રૂપાળી લીલોતરી.

૨૧૮. આ દલીલો બયાન કર્યા પછી પરિણામ તારવવામાં આવે છે.

૨૧૯. અને આ જે કંઇ વર્ણવવામાં આવ્યું, માનવીનું સર્જન અને સુકાએલી ઘાસચારા વગરની ધરતીને લીલછમ કરી દેવી વિગેરે એ તેના અસ્તિત્વ અને હિકમતની દલીલો છે. એનાથી તેનું અસ્તિત્વ પણ સાબિત થાય છે.

૨૨૦. **શાને નુઝૂલ :-** આ આયત અબૂજહલ વિગેરે કાફિરોના એક જુથ વિષે ઉતરી જેઓ અલ્લાહ ની સિફતો (ગુણો) બાબત ઝગડો કરતા હતા અને તેની સાથે એવા ગુણો જોડતા હતા જે તેને છાજતા નથી.

فَلْيَمْدُدْ بِسَبَبٍ إِلَى السَّمَاءِ ثُمَّ لْيَقْطَعْ فَلْيَنْظُرْ
هَلْ يُذْهِبَنَّ كَيْدُهُ مَا يَغِيظُ ﴿١٥﴾ وَكَذَٰلِكَ أَنْزَلْنَاهُ
آيَاتٍ بَيِّنَاتٍ وَأَنَّ اللَّهَ يَهْدِي مَنْ يُرِيدُ ﴿١٦﴾ إِنَّ
الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالصَّابِئِينَ وَ
النَّصَارَىٰ وَالْمَجُوسَ وَالَّذِينَ أَشْرَكُوا إِنَّ اللَّهَ
يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ الْقِيَامَةِ إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ
شَهِيدٌ ﴿١٧﴾ أَلَمْ تَرَ أَنَّ اللَّهَ يَسْجُدُ لَهُ مَنْ فِي السَّمَاوَاتِ
وَمَنْ فِي الْأَرْضِ وَالشَّمْسُ وَالْقَمَرُ وَالنُّجُومُ
وَالْجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَابُّ وَكَثِيرٌ مِنَ النَّاسِ
وَكَثِيرٌ حَقَّ عَلَيْهِ الْعَذَابُ وَمَنْ يُهِنِ اللَّهُ
فَمَا لَهُ مِنْ مُكْرِمٍ إِنَّ اللَّهَ يَفْعَلُ مَا يَشَاءُ ﴿١٨﴾

**પછી પોતાને ફાંસી આપી દે પછી જુએ કે તેની એ ચાલ તેમાંથી કંઇક લઇ ગઇ જેની એને જલન છે?[૨૩૯] (૧૫) અને વાત એજ છે કે અમે આ કુરઆન ઉતાર્યું સ્પષ્ટ આયતો અને એ કે અલ્લાહ જેને ઇચ્છે તેને માર્ગ આપે છે (૧૬) બેશક ! મુસલમાન અને યહૂદી અને તારા-ઓને પૂજનાર અને ખ્રિસ્તી અને અગ્નિપૂજકો અને મુશ્રિક. બેશક ! અલ્લાહ એ બધાની વચ્ચે કયામતના દિવસે ફેસલો કરી દેશે[૨૪૦]. બેશક ! દરેક વસ્તુ અલ્લાહની સામે છે (૧૭) શું તમે જોયું નહિ[૨૪૧]? કે અલ્લાહ માટે સિજદો કરે છે તે જે આકાશો અને ધરતીમાં છે, અને સૂર્ય અને ચંદ્ર અને તારાઓ અને પહાડ અને ઝાડ અને જાનવરો[૨૪૨] અને ઘણા માણસો[૨૪૩] અને ઘણા તે છે જેમના પર અઝાબ નક્કી થઇ ચૂકયો[૨૪૪]. અને જેને અલ્લાહ અપમાનિત કરે[૨૪૫] તેને કોઇ સન્માન આપનાર નથી. બેશક ! અલ્લાહ જે ચાહે તે કરે (૧૮)**

આ આયતમાં કહેવાયું કે માણસે કોઇ પણ વાત દલીલ કે આધાર વગર કહેવી જોઇએ નહિ ખાસ કરીને અલ્લાહની શાનમાં. અને જે વાત ઇલ્મવાળા વિરૂધ્ધ અજ્ઞાનતાથી કહેવામાં આવશે તે ખોટી હશે. તો પછી એની બાબત હઠ કરવી અને ઘમંડ કરીને...

૨૨૧. અને તેના દીનથી ભમાવી નાખે.

૨૨૨. જેમકે બદ્ર(ની લડાઇ)માં તે અપમાન સહિત કતલ થયો.

૨૨૩. અને તેને કહેવાશે.....

૨૨૪. અર્થાત જે તે દુનિયામાં કર્યું કુફ્ર અને જૂઠાડવું.

૨૨૫. અને કોઇને ગુનાહ વગર પકડતો નથી.

૨૨૬. તેમાં શાંતિથી પ્રવેશતા નથી અને તેમને (તેમાં) અટલપણું અને અડગતા પ્રાપ્ત થતાં નથી શંકા કુશંકાઓમાં રહે છે જે રીતે તે પહાડના છેડા પર ઉભો રહેલો માણસ હાલક ડોલક પરિસ્થિતિમાં હોય છે.

**શાને નુઝૂલ :-** આ આયત ગામડીયાઓના જુથ વિષે ઉતરી જેઓ આજુબાજુથી મદીનામાં પ્રવેશી ને ઇમાન સ્વીકારતા હતા. તેમની હાલત એવી હતી કે જો તેઓ ખૂબ તંદુરસ્ત રહ્યા અને તેમની દોલતમાં વૃધ્ધિ થઇ અને તેમના ત્યાં પુત્ર જન્મે ત્યારે તો એવું કહેતા હતા કે; ઇસ્લામ સરસ દીન છે, એમાં આવીને અમારો ફાયદો થયો. અને જો કોઇ બાબત પોતાની ધારણા વિરૂધ્ધની થઇ દા.ત. બીમાર પડયા અથવા પુત્રી જન્મી અથવા પૈસો ટકો ઓછો થઇ ગયો ત્યારે એવું કહેતા કે; અમે જ્યારથી આ ધર્મમાં દાખલ થયા છીએ ત્યારથી અમારૂં નુકસાન જ થાય છે, અને પછી દીનથી ફરી જતા. આ આયત તેમના વિષે ઉતરી અને કહેવામાં

આ બે જુથો છે[૨૪૬] કે (જેઓ) પોતાના રબ વિષે ઝગડયા[૨૪૭], તો જે કાફિર થયા તેમના માટે આગના કપડાં વેતરવામાં આવ્યાં છે[૨૪૮] અને તેમનાં માથાંઓ પર ઉકળતું પાણી રેડવામાં આવશે[૨૪૯] (૧૯) જેનાથી જે કંઇ તેમના પેટોમાં છે તે અને ચામડાંઓ ઉધડાઇ જશે[૨૫૦] (૨૦) અને તેમના માટે લોઢાની ગદાઓ (તૈયાર) છે[૨૫૧] (૨૧) જ્યારે ગુંગળાટના કારણે તેમાંથી નીકળવા ઇચ્છશે[૨૫૨] (ત્યારે) પાછા તેમાં જ ધકેલવામાં આવશે અને હુકમ થશે કે; ચાખો આગનો અઝાબ (૨૨) બેશક ! અલ્લાહ દાખલ કરશે તેમને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં બહિશ્તોમાં જેમની નીચે નહેરો વહે, તેમાં (તેમને) સોનાનાં કંગન અને મોતી[૨૫૩] પહેરાવવામાં આવશે અને ત્યાં તેમનો પોશાક રેશમ છે[૨૫૪] (૨૩) અને તેમને સ્વચ્છ વાતની હિદાયત કરવામાં આવી[૨૫૫] અને બધી ખૂબીઓથી વખણાએલાનો માર્ગ દેખાડવામાં આવ્યો[૨૫૬] (૨૪) બેશક ! તેઓ જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના રસ્તા[૨૫૭]થી રોકે છે અને તે અદબવાળી

اقترب للناس ١٧ — الحج ٢٢

هٰذٰنِ خَصْمٰنِ اخْتَصَمُوْا فِيْ رَبِّهِمْ فَالَّذِيْنَ كَفَرُوْا
قُطِّعَتْ لَهُمْ ثِيَابٌ مِّنْ نَّارٍ يُصَبُّ مِنْ فَوْقِ
رُءُوْسِهِمُ الْحَمِيْمُ ﴿١٩﴾ يُصْهَرُ بِهٖ مَا فِيْ بُطُوْنِهِمْ
وَالْجُلُوْدُ ﴿٢٠﴾ وَلَهُمْ مَّقَامِعُ مِنْ حَدِيْدٍ ﴿٢١﴾ كُلَّمَآ
اَرَادُوْٓا اَنْ يَّخْرُجُوْا مِنْهَا مِنْ غَمٍّ اُعِيْدُوْا فِيْهَا
وَذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿٢٢﴾ اِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ
وَّلُؤْلُؤًا ۚ وَلِبَاسُهُمْ فِيْهَا حَرِيْرٌ ﴿٢٣﴾ وَهُدُوْٓا اِلَى الطَّيِّبِ
مِنَ الْقَوْلِ ۚ وَهُدُوْٓا اِلٰى صِرَاطِ الْحَمِيْدِ ﴿٢٤﴾ اِنَّ الَّذِيْنَ
كَفَرُوْا وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَالْمَسْجِدِ الْحَرَامِ

આવ્યું કે; તેમને હજુ દીનમાં અડગતા સાંપડી જ નથી તેમની હાલત એવી છે કે...

૨૨૭. કોઇ જાતની સખ્તાઇ આવી પડી.

૨૨૮. મુરતદ થઇ ગયા અને કુફ્ર તરફ પલ્ટી ગયા.

૨૨૯. દુનિયાનું નુકસાન તો એ કે જે તેમની આશાઓ હતી તે પુરી થઇ નહિ અને મુરતદ થઇ જવાના કારણે તેમના માટે કતલની સજા લાગુ પડી, અને આખેરતની ખોટ તે હમેશાંનો અઝાબ.

૨૩૦. લોકો મુરતદ થઇ ગયા પછી મૂર્તિપૂજા કરે છે અને...

૨૩૧. કારણ કે તે નિર્જીવ છે.

૨૩૨. અર્થાત જેની પૂજાના ધારી લીધેલા ફાયદા કરતાં...

૨૩૩. અર્થાત દુનિયા અને આખેરતના અઝાબની.

૨૩૪. તે મૂર્તિઓ....

૨૩૫. કહ્યું માનનારાઓને ઇનામ અનાજ્ઞાંકિતોને અઝાબ.

૨૩૬. હઝરત મોહમંદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૨૩૭. માં તેમના દીનને બુલંદ કરીને.

૨૩૮. તેમના મરતબાઓ ઊંચા કરીને.

૨૩૯. અર્થાત અલ્લાહ તઆલા પોતાના નબીની મદદ અવશ્ય કરશે જેને એની જલન હોય તે પોતાની અંતિમ કોશિષ કરી જુએ અને જલનમાં મરી પરવારે તો પણ કશું વાળી શકતો નથી.

મસ્જિદથી[૨૫૮] જેને અમે બધા લોકો માટે નક્કી કરી કે તેમાં રહેનાર અને પરદેશીનો સરખો હક્ક છે. અને જે ઇરાદો કરે એમાં કંઇક નાહક વધુ પડતો અમે તેને દુઃખદાયક અઝાબ ચખાડીશું[૨૫૯] (૨૫) અને જ્યારે અમે ઇબ્રાહીમને તે ઘરનું ઠેકાણું બરાબર દેખાડી દીધું[૨૬૦] અને હુકમ આપ્યો કે; મારો કોઇ શરીક કર નહિ અને મારૂં ઘર સ્વચ્છ રાખ[૨૬૧] તવાફવાળાઓ અને એતેકાફવાળાઓ અને રૂકૂઅ સિજદાવાળાઓ માટે[૨૬૨] (૨૬) અને લોકો માં હજનું આમ એલાન કરી આપ[૨૬૩] તેઓ તારી પાસે હાજર થશે પગપાળા અને દરેક દુબળી ઊંટડી પર કે પ્રત્યેક દૂરના રસ્તેથી આવે છે[૨૬૪] (૨૭) જેથી તેઓ પોતાનો લાભ મેળવે[૨૬૫] અને અલ્લાહનું નામ લે[૨૬૬] જાણીતા દિવસોમાં[૨૬૭], એ બાબત કે તેમને બેજુબાન જાનવરો(ની) રોઝી આપી[૨૬૮] તો એમાંથી પોતે ખાવ અને ખવડાવો મુસીબતના માર્યા મોહતાજને[૨૬૯] (૨૮) પછી પોતાનો મેલ ઉતારે[૨૭૦] અને પોતાની મન્નતો પુરી કરે[૨૭૧] અને તે આઝાદ ઘરનો તવાફ કરે[૨૭૨] (૨૯)



الَّذِيْ جَعَلْنٰهُ لِلنَّاسِ سَوَآءَ ۨ الْعَاكِفُ فِيْهِ وَ
الْبَادِ ؕ وَمَنْ يُّرِدْ فِيْهِ بِاِلْحَادٍۢ بِظُلْمٍ نُّذِقْهُ مِنْ
عَذَابٍ اَلِيْمٍ ﴿۲۵﴾ وَاِذْ بَوَّاْنَا لِاِبْرٰهِيْمَ مَكَانَ
الْبَيْتِ اَنْ لَّا تُشْرِكْ بِيْ شَيْـًٔا وَّطَهِّرْ بَيْتِيَ
لِلطَّآئِفِيْنَ وَالْقَآئِمِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿۲۶﴾ وَاَذِّنْ
فِي النَّاسِ بِالْحَجِّ يَاْتُوْكَ رِجَالًا وَّعَلٰى كُلِّ ضَامِرٍ
يَّاْتِيْنَ مِنْ كُلِّ فَجٍّ عَمِيْقٍ ﴿۲۷﴾ لِّيَشْهَدُوْا مَنَافِعَ
لَهُمْ وَيَذْكُرُوا اسْمَ اللّٰهِ فِيْۤ اَيَّامٍ مَّعْلُوْمٰتٍ عَلٰى
مَا رَزَقَهُمْ مِّنْۢ بَهِيْمَةِ الْاَنْعَامِ ۚ فَكُلُوْا مِنْهَا وَ
اَطْعِمُوا الْبَآئِسَ الْفَقِيْرَ ﴿۲۸﴾ ثُمَّ لْيَقْضُوْا تَفَثَهُمْ
وَلْيُوْفُوْا نُذُوْرَهُمْ وَلْيَطَّوَّفُوْا بِالْبَيْتِ الْعَتِيْقِ ﴿۲۹﴾

૨૪૦. મો'મિનોને જન્નત આપશે અને કાફિરોને જહન્નમમાં દાખલ કરશે, ભલે તે ગમે તે જાતના હોય.

૨૪૧. અય હબીબે અકરમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ!

૨૪૨. આજેજીનો સિજદો જે રીતે અલ્લાહ ચાહે.

૨૪૩. અર્થાત ઇમાનવાળાઓ. આજ્ઞા પાલન અને ઇબાદતનો સિજદો.

૨૪૪. એટલે કે કાફિરો.

૨૪૫. તેની બદબખ્તીના કારણે.

૨૪૬. અર્થાત ઇમાનવાળાઓ અને પાંચે જાતના કાફિરો જેમનું વર્ણન ઉપર થઇ ગયું.

૨૪૭. એટલે કે તેના દીન અને તેના ગુણો વિષે.

૨૪૮. અર્થાત આગ તેમને દરેક બાજુથી ઘેરી લેશે.

૨૪૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; એટલું ગરમ કે જો તેનું એક ટીપું દુનિયાના પહાડો પર પાડવામાં આવે તો તેમને ઓગાળી નાખે.

૨૫૦. હદીષ શરીફમાં છે કે ફરી તેને એવું જ (પ્રથમ જેવું જ) કરી દેવામાં આવશે. (તિરમિઝી)

૨૫૧. જેના વડે તેમને મારવામાં આવશે.

૨૫૨. અર્થાત દોઝખમાંથી, ત્યારે ગદાઓથી મારી મારીને...

૨૫૩. એવાં કે જેનો ચળકાટ પુર્વથી પશ્ચિમ સુધી અજવાળું કરી આપે. (તિરમિઝી).

૨૫૪. જેનું પહેરવું દુનિયામાં પુરૂષો માટે હરામ છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે સય્યિદે

આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જેણે દુનિયામાં રેશમ પહેર્યું તે આખેરતમાં પહેરશે નહિ.

૨૫૫. અર્થાત દુનિયામાં. અને સ્વચ્છ વાત એટલે કલમએ તવહીદ અને અમુક તફસીરકારોના કથનાનુસાર કુરઆન મજીદ.

૨૫૬. એટલે કે અલ્લાહનો, દીને ઇસ્લામ.

૨૫૭. એટલે કે તેના દીન અને તેના આજ્ઞાપાલનથી.

૨૫૮. અર્થાત તેમાં પ્રવેશવાથી રોકે છે.

**શાને નુઝૂલ :-** આ આયત સુફયાન બિન હર્બ વિગેરે બાબત ઉતરી જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મક્કા મુકર્રમામાં પ્રવેશતાં અટકાવ્યા હતા. અને મસ્જિદે હરામથી યા તો ખાસ કા'બએ મુઅઝ્ઝમા પ્રતિ નિર્દેશ છે જેવું કે ઇમામ શાફઇ રહમતુલ્લાહે અલયહનું કહેવું છે, એ રીતે અર્થ એ થશે કે તે તમામ લોકોનો કિબ્લો છે ત્યાંના રહીશો અને પરદેશી બધા જ સરખા છે બધાં માટે તેની ઇઝ્ઝત અને તાઝીમ અને તેમાં હજ્જના અરકાન અદા કરવાનું એક સરખી રીતે લાગુ પડે છે અને તવાફ તેમજ નમાઝ ની ફઝીલતમાં સ્થાનિક તેમજ બહારનામાં કશો ફેર નથી. અને હઝરત ઇમામે આઝમ અબૂ હનીફા રહમતુલ્લાહે અલયહ અનુસાર અહીં મસ્જિદે હરામનો મતલબ મક્કા મુકર્રમા એટલે કે આખું હરમ છે. આ રીતે અર્થ એ થશે કે હરમ શરીફ સ્થાનિક અને બહારના બન્ને માટે સરખું છે અહીં રહેવાનો અને ઠેકાણું બનાવવાનો દરેકને હક્ક છે. એટલા માટે જ ઇમામ સાહેબ મક્કા મુકર્રમાની જમીન વેચવાની કે ભાડે આપવાની મનાઇ ફરમાવે છે, જેમકે હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; મક્કા મુકર્રમા હરામ છે, એની જમીનો વેચવામાં આવે નહિ. (તફસીરે અહમદી)

૨૫૯. નાહક વધુ પડતા (ઇલ્હાદિમ બિઝુલ્મ) નો મતલબ યા તો શિર્ક અને મૂર્તિપૂજા છે યા અમુક તફસીરકારોના કથનાનુસાર પ્રત્યેક મનાઇ કરેલી વાત અને કામ, એટલે સુધી કે ખિદતમગારને ગાળ આપવી. પણ અમુકે કહ્યું કે એનો મતલબ હરમમાં એહરામ વગર પ્રવેશ કરવાનો છે અથવા હરમમાં મનાઇ કરેલી બાબતો કરવી જેમકે શિકાર મારવો અથવા ઝાડ કાપવું. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું; મતલબ એ છે કે જે તને ન કતલ કરે તેને તુ કતલ કરે અથવા જે તારા પર જુલ્મ ન કરે તેના પર તુ જુલ્મ કરે.

**શાને નુઝૂલ :-** હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમા દ્વારા બયાન કરવામાં આવ્યું છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અબ્દુલ્લાહ બિન અનીસને બે માણસો સાથે મોકલ્યો જેમાં એક મુહાજિર હતા અને બીજા અન્સારી. તે લોકોએ પોત પોતાના વંશ પર ફખરની વાતો કહી ત્યારે અબ્દુલ્લાહ બિન અનીસ ને ક્રોધ ચઢયો અને તેણે અન્સારીને મારી નાખ્યો અને પોતે મુરતદ થઇને મક્કા મુકર્રમા તરફ નાસી છુટયો. તે બાબત આ આયત ઉતરી.

૨૬૦. કા'બા શરીફ ચણતી વખતે. કા'બા શરીફની ઇમારત પ્રથમ હઝરત આદમ અલયહિસ્સલામે બનાવી હતી અને "તૂફાને નૂહ" સમયે તે આસ્માનમાં ઉઠાવી લેવામાં આવી હતી, અલ્લાહ તઆલાએ એક હવા નક્કી કરી જેણે તેની જગ્યાને ચોખ્ખી કરી દીધી, અને એક કથન એવું છે કે અલ્લાહ તઆલાએ એક વાદળ મોકલ્યું જે ખાસ કાબા શરીફની જે ઇમારત હતી તેની બરાબર સામે (ઉપરની બાજુ) હતું. એ રીતે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને કાબા શરીફની જગ્યા દેખાડવામાં આવી અને આપે તેના જુના પાયા પર કાબા શરીફની ઇમારતનું ચણતર કર્યું અને અલ્લાહ તઆલાએ આપને વહી મોકલી...

ذٰلِكَ وَمَنْ يُّعَظِّمْ حُرُمٰتِ اللّٰهِ فَهُوَ خَيْرٌ لَّهٗ عِنْدَ
رَبِّهٖ ۗ وَاُحِلَّتْ لَكُمُ الْاَنْعَامُ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ
فَاجْتَنِبُوا الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ
الزُّوْرِ ﴿٣٠﴾ حُنَفَآءَ لِلّٰهِ غَيْرَ مُشْرِكِيْنَ بِهٖ ۗ وَمَنْ يُّشْرِكْ
بِاللّٰهِ فَكَاَنَّمَا خَرَّ مِنَ السَّمَآءِ فَتَخْطَفُهُ الطَّيْرُ اَوْ تَهْوِيْ
بِهِ الرِّيْحُ فِيْ مَكَانٍ سَحِيْقٍ ﴿٣١﴾ ذٰلِكَ وَمَنْ يُّعَظِّمْ
شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ ﴿٣٢﴾ لَكُمْ فِيْهَا
مَنَافِعُ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ثُمَّ مَحِلُّهَآ اِلَى الْبَيْتِ الْعَتِيْقِ ﴿٣٣﴾
وَلِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا لِّيَذْكُرُوا اسْمَ اللّٰهِ عَلٰى
مَا رَزَقَهُمْ مِّنْ بَهِيْمَةِ الْاَنْعَامِ ۗ فَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ
فَلَهٗٓ اَسْلِمُوْا ۗ وَبَشِّرِ الْمُخْبِتِيْنَ ﴿٣٤﴾ الَّذِيْنَ اِذَا

વાત આવી છે. અને જે અલ્લાહની સન્માનપાત્ર બાબતોની તાઝીમ કરશે[૨૭૩] તો એ તેના માટે તેના રબને ત્યાં સારૂં છે. અને તમારા માટે હલાલ કરવામાં આવ્યાં બેજુબાન જાનવરો[૨૭૪] તેના સિવાય જેની મનાઇ તમારી સામે પઢવામાં આવે છે,[૨૭૫] તો મૂર્તિઓની ગંદકીથી દૂર રહો[૨૭૬] અને જૂઠી વાતથી બચો (૩૦) એક અલ્લાહના બનીને તેનો ભાગીયો કોઇને બનાવો નહિ અને જે અલ્લાહનો શરીક કરે તો જાણે કે તે આકાશમાંથી ગબડયો કે પક્ષીઓ તેને ઊંચકી જાય છે[૨૭૭] અથવા પવન તેને કોઇ દૂરની જગ્યાએ ફેંકી દે છે[૨૭૮] (૩૧) વાત આવી છે. અને જે અલ્લાહની નિશાનીઓની તાઝીમ કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી છે[૨૭૯] (૩૨) તમારા માટે જાનવરોમાં લાભો છે[૨૮૦] એક ચોક્કસ સમય સુધી[૨૮૧] પછી તેમનું તે સ્વતંત્ર ઘર સુધી પહોંચવું છે[૨૮૨] (૩૩) અને દરેક ઉમ્મત માટે[૨૮૩] અમે એક કુરબાની નક્કી કરી કે તેના આપેલાં બેજુબાન જાનવરો પર અલ્લાહનું નામ લે[૨૮૪] તો તમારો મઅબૂદ એક મઅબૂદ છે[૨૮૫] તો તેની સમક્ષ જ ગરદન નમાવો[૨૮૬]. અને અય મહબૂબ ! ખુશી સંભળાવી દો તે આજેજીવાળાઓને (૩૪) કે જ્યારે

૨૬૧. શિર્કથી અને મૂર્તિઓથી અને દરેક જાતની નાપાકીઓથી.

૨૬૨. અર્થાત નમાઝીઓ માટે.

૨૬૩. પછી હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે અબૂકબીસ પહાડ પર ચઢીને આખી દુનિયાના લોકોને પોકાર કર્યો કે; બયતુલ્લાહની હજ કરો. જેમના નસીબમાં હજ છે તેમણે બાપોની પીઠ અને માંઓના પેટોમાંથી જવાબ આપ્યો; લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક. હસન રદીયલ્લાહુ અન્હૂનું કહેવું છે કે; આ આયતમાં અઝ્ઝિન (પોકાર કર) નું સંબોધન સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કરવામાં આવ્યું છે. અને આપે હજ્જતુલ વિદાઅમાં એલાન કરી દીધું અને ફરમાવ્યું; અય લોકો! અલ્લાહે તમારા પર હજ ફર્ઝ કરી, તો હજ કરો.

૨૬૪. અને ખૂબ સફર કરવાના કારણે દુબળી થઇ જાય છે.

૨૬૫. દીનના અને દુનિયાના જે આ ઇબાદત સાથે જ ખાસ (જોડાએલા) છે બીજી ઇબાદતોમાં નથી.

૨૬૬. ઝુબેહ કરતી વખતે.

૨૬૭. જાણીતા દિવસોનો અર્થ ઝિલહજ્જના (પ્રથમ) દશ દિવસો છે, જેમકે હઝરત અલી અને ઇબ્ને અબ્બાસ અને હસન અને કતાદા રદીયલ્લાહુ અન્હુમનું કથન છે અને આપણા ઇમામે આઝમ અબૂહનીફા રદીયલ્લાહુ અન્હૂનો પણ એ જ મઝહબ છે. અને હઝરત ઇમામ મોહંમદ અને હઝરત ઇમામ અબૂ યૂસુફના મંતવ્યાનુસાર જાણીતા દિવસોનો અર્થ કુરબાનીના દિવસો છે એ કથન હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હૂનું છે. અને દરેક મંતવ્યાનુસાર અહીં તે દિવસોનો મતલબ ઇદનો દિવસ છે. (તફસીરે અહમદી).

૨૬૮. ઊંટ, ગાય, બકરી, ઘેટું.

૨૬૯. તતવ્વુઅ અને મુતઆ અને કિરાન તેમજ દરેક હદી (કુરબાનીનું જાનવર)માંથી જેનું બયાન આ આયતમાં થયું ખાવું જાઇઝ છે બીજા જાનવરોમાંથી જાઇઝ નથી. (તફસીરે અહમદી, મદારિક)

૨૭૦. મૂછો કતરાવે નખ કપાવે બગલો અને દુંટી નીચેના વાળ સાફ કરે.

૨૭૧. જે એમણે માની હોય.

૨૭૨. એનો અર્થ તવાફે ઝિયારત છે. હજના મસાઇલ સૂરએ બકર બીજા પારામાં વિગતવાર બયાન થઇ ચૂકયા છે.

૨૭૩. અર્થાત તેના હુકમોની તે હજના અરકાન હોય કે તે સિવાયના બીજા હુકમો. અમુક તફસીર-કારોએ એનો અર્થ હજના અરકાન ઘટાવ્યો છે, અને અમુકે બયતે હરામ, મશઅરૂલ હરામ, શહરે હરામ (હુરમતવાળા મહીનાઓ) બલદે હરામ (મક્કા શરીફ) અને મસ્જિદે હરામ મતલબ ઘટાવ્યો છે.

૨૭૪. કે તેમને ઝુબેહ કરીને ખાઓ.

૨૭૫. કુરઆને પાકમાં જેમકે સૂરએ માઇદાની આયત "હુર્રિમત અલયકુમ"માં વર્ણવવામાં આવી.

૨૭૬. જેમની પૂજા ખરાબમાં ખરાબ ગંદકી છે.

૨૭૭. અને બોટી બોટી કરીને ખાય જાય છે.

૨૭૮. મતલબ એ છે કે શિર્ક કરનાર પોતાના જીવને ભયાનક વિનાશમાં નાંખે છે. ઇમાનને બુલંદીમાં આસ્માન સાથે સરખાવવામાં આવ્યું અને ઇમાન ત્યાગનારને આસ્માનમાંથી પડનાર સાથે સરખાવવામાં આવ્યો અને મનેચ્છાઓને જે તેના વિચારોને વેરવિખેર કરી નાખે છે તેને ચુંથી ટુંપીને લઇ જનાર પક્ષીઓ સાથે અને જે શયતાનો તેને ગુમરાહીના જંગલમાં ભૂલો પાડે છે તેમને પવન સાથે સરખાવવામાં આવ્યા અને આ સરસ સરખામણી દ્વારા શિર્કનું ખરાબ પરિણામ સમજાવવામાં આવ્યું.

૨૭૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; શઆઇરૂલ્લાહ (અલ્લાહની નિશા-નીઓ)નો મતલબ કુરબાનીનાં ઊંટ અને બીજાં જાનવરો છે અને તેમની તાઝીમ એ છે કે તાજાં રૂપાળાં અને કીમતી લેવામાં આવે.

૨૮૦. જરૂર પડયે તમના પર સવારી કરવાનો અને સમય આવ્યે તેમનું દૂધ પીવાનો.

૨૮૧. અર્થાત તેમને ઝુબેહ કરવાના સમય સુધી.

૨૮૨. અર્થાત હરમ શરીફ સુધી જ્યાં તેઓ ઝુબેહ કરવામાં આવે.

૨૮૩. અર્થાત પાછલી ઇમાનદાર ઉમ્મતોમાંથી.

૨૮૪. તેમને ઝુબેહ કરતી વેળા.

૨૮૫. તો ઝુબેહવેળાએ માત્ર તેનું જ નામ લો. આ આયતમાં એ બાબત દલીલ છે કે અલ્લાહનું નામ લેવું ઝુબેહ કરવા માટે જરૂરી છે. અલ્લાહ તઆલાએ દરેક ઉમ્મત માટે નક્કી કરી દીધું હતું કે તેના માટે તેની નિકટતા મેળવવા કુરબાની કરે અને બધી કુરબાનીઓ પર તેનું જ નામ લેવામાં આવે.

૨૮૬. અને નિખાલસતાથી તેની ઇબાદત કરો.

૨૮૭. તેની હૈબત અને જલાલથી.

૨૮૮. અર્થાત સદકો આપે છે.

૨૮૯. અર્થાત તેના દીનની નિશાનીઓમાંથી.

ذكر الله وجلت قلوبهم والصبرين على ما
اصابهم والمقيمي الصلوة ومما رزقنهم
ينفقون ﴿٣٥﴾ والبدن جعلنها لكم من شعائر
الله لكم فيها خير فاذكروا اسم الله عليها
صواف فاذا وجبت جنوبها فكلوا منها و
اطعموا القانع والمعتر كذلك سخرنها لكم
لعلكم تشكرون ﴿٣٦﴾ لن ينال الله لحومها
ولا دماؤها ولكن يناله التقوى منكم
كذلك سخرها لكم لتكبروا الله على ما هدىكم
وبشر المحسنين ﴿٣٧﴾ ان الله يدفع عن الذين
امنوا ان الله لا يحب كل خوان كفور ﴿٣٨﴾

અલ્લાહનું ઝિકર થાય છે (ત્યારે)તેમના હૃદયો ડરવા લાગે છે[૨૮૭] અને જે કષ્ટ આવી પડે તેને સહન કરનાર અને નમાઝ ચાલુ રાખનાર અને અમારા આપેલામાંથી ખર્ચે છે[૨૮૮] (૩૫) અને કુરબાનીનાં તગડાં જાનવરો ઊંટો અને ગાયો અને તમારા માટે અલ્લાહની નિશાનીઓમાંથી કર્યા[૨૮૯], તમારા માટે એમનામાં ભલાઇ છે[૨૯૦] તો એમના પર અલ્લાહ નું નામ લો[૨૯૧], એક પગ બાંધેલો ત્રણ પગે ઉભેલાં[૨૯૨] પછી જ્યારે તેમનાં પડખાં પડી જાય[૨૯૩] તો એમનામાંથી પોતે ખાવ[૨૯૪] અને ધીરજથી બેસનાર તેમજ ભીખ માંગનારને ખવડાવો. અને આમ જ એમને તમારા તાબામાં આપી દીધાં કે (જેથી) તમે આભાર માનો (૩૬) અલ્લાહને ન કદાપી તેમનાં માંસ મળે છે ન તેમનાં લોહી, હા! તમારી પરહેઝ-ગારી તેના સુધી પહોંચે છે[૨૯૫] આમ જ તેમને તમારા કાબૂમાં આપી દીધાં કે તમે અલ્લાહની મોટાઇ બોલો એ બદલ કે તમને હિદાયત આપી. અને અય મહબૂબ ! નેકીવાળાઓને ખુશ ખબર સંભળાવો[૨૯૬] (૩૭) બેશક ! અલ્લાહ મુસલમા-નોની વિપત્તિઓ ટાળે છે[૨૯૭]. બેશક ! અલ્લાહ દરેક મહાન દગાબાજ નાશુકરાને દોસ્ત ધરાવતો નથી[૨૯૮] (૩૮)

૨૯૦. દુનિયામાં લાભ અને આખેરતમાં અજર અને સવાબ.

૨૯૧. તેમને ઝુબેહ કરતી સમયે જે હાલતમાં તેઓ હોય.

૨૯૨. ઊંટને ઝુબેહ કરવાનો સુન્નત તરીકો એ જ છે.

૨૯૩. અર્થાત ઝુબેહ પછી તેમનાં પડખાંઓ જમીન પર પડે અને તેમનું હલન ચલન થંભી જાય.

૨૯૪. જો તમે ઇચ્છો.

૨૯૫. અર્થાત કુરબાની કરનારાઓ ફક્ત નિય્યતની નિખાલસતા અને તકવા દ્વારા જ અલ્લાહ તઆલા ને રાજી કરી શકે છે.

**શાને નુઝૂલ** :- જાહેલિયતના સમયમાં કાફિરો પોતાની કુરબાનીઓના લોહીથી કા'બા મુઅઝ્ઝમાની દીવાલો ખરડી નાખતા હતા અને એને ઇબાદત સમજતા હતા, તે બાબત આ આયત ઉતરી.

૨૯૬. સવાબની.

૨૯૭. અને તેમની મદદ ફરમાવે છે.

૨૯૮. અર્થાત કાફિરોને જેઓ અલ્લાહ અને રસૂલની બેઇમાની અને અલ્લાહની નેઅમતોની નાશુકરી કરે છે.

૨૯૯. જિહાદની.

૩૦૦. **શાને નુઝૂલ** :- મક્કાના કાફિરો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સહાબાને દરરોજ હાથ અને જીભ વડે તકલીફો આપતા હતા, અને સહાબા હુઝૂરની બારગાહમાં એ રીતે પહોંચતા હતા કે કોઇનું

أُذِنَ لِلَّذِينَ يُقٰتَلُونَ بِأَنَّهُمْ ظُلِمُوا ۚ وَإِنَّ اللّٰهَ
عَلٰى نَصْرِهِمْ لَقَدِيرٌ ﴿٣٩﴾ الَّذِينَ أُخْرِجُوا مِنْ
دِيٰرِهِمْ بِغَيْرِ حَقٍّ إِلَّا أَنْ يَقُولُوا رَبُّنَا اللّٰهُ ۗ
وَلَوْلَا دَفْعُ اللّٰهِ النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ لَّهُدِّمَتْ
صَوٰمِعُ وَبِيَعٌ وَّصَلَوٰتٌ وَّمَسٰجِدُ يُذْكَرُ فِيهَا
اسْمُ اللّٰهِ كَثِيرًا ۗ وَلَيَنْصُرَنَّ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ ۗ إِنَّ
اللّٰهَ لَقَوِيٌّ عَزِيزٌ ﴿٤٠﴾ الَّذِينَ إِنْ مَّكَّنّٰهُمْ فِي الْأَرْضِ
أَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ وَأَمَرُوا بِالْمَعْرُوفِ
وَنَهَوْا عَنِ الْمُنْكَرِ ۗ وَلِلّٰهِ عٰقِبَةُ الْأُمُورِ ﴿٤١﴾ وَإِنْ
يُّكَذِّبُوكَ فَقَدْ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوحٍ وَّ
عَادٌ وَّثَمُودُ ﴿٤٢﴾ وَقَوْمُ إِبْرٰهِيمَ وَقَوْمُ لُوطٍ ﴿٤٣﴾

પરવાનગી આપવામાં આવી તેઓને જેમની સાથે કાફિરો લડે છે[૨૯૯], એટલા માટે કે તેમના પર અત્યાચાર થયો[૩૦૦] અને બેશક ! અલ્લાહ તેમને મદદ કરવા પર અવશ્ય શક્તિમાન છે (૩૯) તેઓ જે પોતાના ઘરોમાંથી નાહક કાઢી મૂકવામાં આવ્યા[૩૦૧] માત્ર એટલી વાત પર કે તેમણે કહ્યું; 'અમારો રબ અલ્લાહ છે'[૩૦૨], અને જો અલ્લાહ માણસોમાં એકને બીજા દ્વારા હટાવત નહિ[૩૦૩] તો અવશ્ય ખાનકાહો[૩૦૪] અને દેવળો[૩૦૫] અને કલીસા[૩૦૬] અને મસ્જિદો[૩૦૭] પાડી નાખવામાં આવત જેમાં અલ્લાહનું ખૂબ નામ લેવામાં આવે છે. અને બેશક ! અલ્લાહ જરૂર મદદ કરશે તેની જે તેના દીનની મદદ કરે. બેશક ! અવશ્ય અલ્લાહ શક્તિશાળી ચઢિયાતો છે (૪૦) તે લોકો કે જો અમે તેમને 'ધરતીમાં કાબૂ આપીએ[૩૦૮] તો નમાઝ ચાલુ રાખે અને ઝકાત આપે અને ભલાઇનો હુકમ કરે અને બુરાઇથી રોકે[૩૦૯]. અને અલ્લાહ માટે જ બધા કામોનું પરિણામ (૪૧) અને જો આ લોકો તમને જૂઠાડે છે[૩૧૦] તો બેશક ! એમના પહેલાં નૂહની કોમ અને આદ[૩૧૧] અને ષમૂદ[૩૧૨] જૂઠાડી ચૂકયા છે (૪૨) અને ઇબ્રાહીમની કોમ અને લૂતની કોમ (૪૩)

માથું ફુટેલુ છે, કોઇનો હાથા ભાંગેલો છે, કોઇના પગ બંધાએલા છે. દરરોજ આ જાતની ફરિયાદો હુઝૂર પાસે આવતી હતી અને સહાબા કાફિરોના અત્યાચારોની ફરિયાદો હુઝૂરના દરબારમાં કરતા હતા. હુઝૂર તેમને એવું કહેતા કે; સબર કરો, મને હજુ જિહાદનો હુકમ મળ્યો નથી. જ્યારે હુઝૂર હિજરત કરીને મદીના તય્યેબહ પહોંચ્યા ત્યારે આ આયત ઉતરી, અને આ પ્રથમ તે આયત છે જેમાં કાફિરો સાથે જંગ કરવાની રજા આપવામાં આવી.

૩૦૧. અને વતન વિહોણા કરવામાં આવ્યા.

૩૦૨. અને એ વાત સાચી છે અને સાચી વાત કહેવા બદલ ઘરોમાંથી કાઢી મૂકવા અને બેવતન કરવા તદ્દન નાહક છે.

૩૦૩. જિહાદની પરવાનગી આપીને અને શિક્ષાઓ લાગુ પાડીને તો પરિણામ એ આવત કે મુશ્રિકોની ચઢતી અને કબ્જો થઇ જાત અને કોઇ પણ દીન મિલ્લતવાળો તેમના અત્યાચારી હાથોથી બચી શકત નહિ.

૩૦૪. ત્યાગીઓની.

૩૦૫. ખ્રિસ્તીઓનાં.

૩૦૬. યહૂદીઓનાં.

૩૦૭. મુસલમાનોની.

૩૦૮. અને તેમના દુશ્મનો વિરૂદ્ધ તેમની મદદ કરીએ.

૩૦૯. આ દ્વારા ખબર આપવામાં આવી કે ભવિષ્યમાં મુહાજિરોને ધરતીમાં સત્તા આપ્યા પછી તેમનાં

અને મદયનવાળાઓ,[૩૧૩] અને મૂસાને જૂઠાડવામાં આવ્યાં[૩૧૪]. તો મેં કાફિરોને ઢીલ આપી[૩૧૫] પછી તેમને પકડયા[૩૧૬]. તો કેવો રહ્યો મારો અઝાબ?[૩૧૭] (૪૪) અને કેટલીએ વસ્તીઓ અમે ખપાવી દીધી[૩૧૮] (કારણ) કે તે અત્યાચારી હતી[૩૧૯], તો હવે તે પોતાના છાપરાંઓભેર ધરસેલી પડી છે અને કેટલા કૂવાઓ બેકાર પડયા[૩૨૦] (છે) અને કેટલાએ મહેલો સફેદી કરેલા[૩૨૧] (૪૫) તો શું ધરતીમાં ફર્યા નહિ[૩૨૨] કે (જેથી) તેમનાં દિલ (નરમ) થાય જેનાથી સમજે[૩૨૩] અથવા કાન થાય જેનાથી સાંભળે[૩૨૪]. તો (હકીકત) એ (છે) કે આંખો આંધળી થતી નથી[૩૨૫] બલ્કે દિલ આંધળા બને છે જે સીનાઓમાં છે[૩૨૬] (૪૬) અને તેઓ તમારી પાસે અઝાબ માંગવામાં ઉતાવળ કરે છે[૩૨૭], અને અલ્લાહ કદાપી પોતાનો વાયદો જૂઠો નહિ કરે.[૩૨૮] અને બેશક ! તમારા રબને ત્યાં[૩૨૯] એક દિવસ એવો છે જાણે કે તમારા લોકોની ગણત્રીમાં હજાર વરસ[૩૩૦] (૪૭) અને કેટલીએ વસ્તીઓને અમે એવી હાલતમાં ઢીલ આપી કે તે સિતમગર હતી પછી મેં તેમને પકડી[૩૩૧] અને મારી તરફ જ પલ્ટીને આવવાનું છે[૩૩૨] (૪૮) તમે ફરમાવી દો કે; 'અય લોકો! હું તો

اقترب للناس ١٧ — الحج ٢٢

وَّاَصۡحٰبُ مَدۡیَنَ ۚ وَكُذِّبَ مُوۡسٰی فَاَمۡلَیۡتُ
لِلۡكٰفِرِیۡنَ ثُمَّ اَخَذۡتُهُمۡ ۚ فَكَیۡفَ كَانَ نَكِیۡرِ ﴿۴۴﴾ فَكَاَیِّنۡ
مِّنۡ قَرۡیَةٍ اَهۡلَكۡنٰهَا وَهِیَ ظَالِمَةٌ فَهِیَ خَاوِیَةٌ
عَلٰی عُرُوۡشِهَا وَبِئۡرٍ مُّعَطَّلَةٍ وَّقَصۡرٍ مَّشِیۡدٍ ﴿۴۵﴾
اَفَلَمۡ یَسِیۡرُوۡا فِی الۡاَرۡضِ فَتَكُوۡنَ لَهُمۡ قُلُوۡبٌ
یَّعۡقِلُوۡنَ بِهَاۤ اَوۡ اٰذَانٌ یَّسۡمَعُوۡنَ بِهَا ۚ فَاِنَّهَا لَا
تَعۡمَی الۡاَبۡصَارُ وَلٰكِنۡ تَعۡمَی الۡقُلُوۡبُ الَّتِیۡ فِی الصُّدُوۡرِ ﴿۴۶﴾
وَیَسۡتَعۡجِلُوۡنَكَ بِالۡعَذَابِ وَلَنۡ یُّخۡلِفَ اللّٰهُ وَعۡدَهٗ
وَاِنَّ یَوۡمًا عِنۡدَ رَبِّكَ كَاَلۡفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوۡنَ ﴿۴۷﴾
وَكَاَیِّنۡ مِّنۡ قَرۡیَةٍ اَمۡلَیۡتُ لَهَا وَهِیَ ظَالِمَةٌ
ثُمَّ اَخَذۡتُهَا ۚ وَاِلَیَّ الۡمَصِیۡرُ ﴿۴۸﴾ قُلۡ یٰۤاَیُّهَا

ચારિત્યો આટલાં શુધ્ધ રહેશે અને તેઓ દીનનાં કામોમાં નિખાલસતાપૂર્વક વળગેલા રહેશે. આમાં ખુલફાએ રાશેદીનના ઇન્સાફ અને તેમના તકવા તેમજ પરહેઝગારીની દલીલ છે જેમને અલ્લાહે સત્તા આપી અને તેમના પગ ટેકંવ્યા અને ન્યાયી ચારિત્યો આપ્યાં.

૩૧૦. અય હબીબે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ!

૩૧૧. હઝરત હૂદની કૌમ.

૩૧૨. હઝરત સાલેહની કૌમ.

૩૧૩. એટલે કે હઝરત શુએબની કૌમ.

૩૧૪. અહીં મૂસાની કોમ કહેવામાં આવ્યું નહિ કારણ કે હઝરત મૂસા અલયહિસ્સલામની કોમ બની ઇસરાઇલે આપને જૂઠાડયા હતા નહિ બલ્કે ફિરઔનની કોમ કિબ્તીઓએ હઝરત મૂસાને જૂઠાડયા હતા. આ કૌમોનું વર્ણન અને દરેકનું પોતાના રસૂલને જૂઠાડવાનું બયાન સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસ-લ્લમના અશ્વાસન માટે છે કે કાફિરોની એ પૂરાણી રીત રહી છે પાછલા નબીઓ સાથે પણ (તેમની) આવી જ વર્તણુંક હતી.

૩૧૫. અને તેમના અઝાબમાં વાર લગાડી અને તેમને મહેતલ આપી.

૩૧૬. અને તેમના કુફ્ર તેમજ બંડખોરીની સજા કરી.

૩૧૭. આપને જૂઠાડનારાઓને જોઇએ કે પોતાના પરિણામનો વિચાર કરે અને બોધ ગ્રહણ કરે.

૩૧૮. અને ત્યાંના રહીશોનો નાશ કર્યો.

એ જ તમારા માટે સ્પષ્ટ ડર સંભળાવનાર છું (૪૯) તો જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં તેમના માટે માફી છે અને ઇજ્જતની રોજી[૩૩૩] (૫૦) અને તેઓ જે પ્રયત્ન કરે છે અમારી આયતોમાં હાર જીતના ઇરાદાથી[૩૩૪] જહન્નમી છે (૫૧) અને અમે તમારાથી પહેલાં જેટલા નબી કે રસૂલ મોકલ્યા[૩૩૫] બધા પર કદી એ બનાવ બન્યો છે કે જ્યારે તેઓ પઢયા ત્યારે શયતાને તેમના પઢવામાં લોકો પર કંઇક પોતાના તરફથી ભેળવી દીધું તો તે શયતાનના નાખેલાને અલ્લાહ ભૂંસી નાખે છે, પછી અલ્લાહ પોતાની આયતો પાકી કરી આપે છે[૩૩૬] અને અલ્લાહ ઇલ્મવાળો હિકમતવાળો છે (૫૨) જેથી બનાવે. શયતાનના ભેળવેલાને ફિત્નો[૩૩૭] તેમના માટે જેમના દિલોમાં બીમારી છે[૩૩૮] અને જેમનાં દિલો સખ્ત છે.[૩૩૯] અને બેશક ! સિતમગાર ચાલ્યા આવતા ઝગડાખોર છે (૫૩) અને એટલા માટે કે જેમને ઇલ્મ મળ્યું છે[૩૪૦] તે જાણી લે કે તે[૩૪૧] તમારા રબ તરફથી સત્ય છે તો તેના પર ઇમાન લાવે તો તેના માટે એમનાં દિલો

الحج ٢٢ — اقترب للناس ١٧

النَّاسُ إِنَّمَا أَنَا لَكُمْ نَذِيرٌ مُّبِينٌ ﴿٤٩﴾ فَالَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُم مَّغْفِرَةٌ وَرِزْقٌ
كَرِيمٌ ﴿٥٠﴾ وَالَّذِينَ سَعَوْا فِي آيَاتِنَا مُعَاجِزِينَ أُولَٰئِكَ
أَصْحَابُ الْجَحِيمِ ﴿٥١﴾ وَمَا أَرْسَلْنَا مِن قَبْلِكَ مِن
رَّسُولٍ وَلَا نَبِيٍّ إِلَّا إِذَا تَمَنَّىٰ أَلْقَى الشَّيْطَانُ
فِي أُمْنِيَّتِهِ فَيَنسَخُ اللَّهُ مَا يُلْقِي الشَّيْطَانُ ثُمَّ
يُحْكِمُ اللَّهُ آيَاتِهِ وَاللَّهُ عَلِيمٌ حَكِيمٌ ﴿٥٢﴾ لِّيَجْعَلَ
مَا يُلْقِي الشَّيْطَانُ فِتْنَةً لِّلَّذِينَ فِي قُلُوبِهِم مَّرَضٌ
وَالْقَاسِيَةِ قُلُوبُهُمْ وَإِنَّ الظَّالِمِينَ لَفِي شِقَاقٍ
بَعِيدٍ ﴿٥٣﴾ وَلِيَعْلَمَ الَّذِينَ أُوتُوا الْعِلْمَ أَنَّهُ الْحَقُّ
مِن رَّبِّكَ فَيُؤْمِنُوا بِهِ فَتُخْبِتَ لَهُ قُلُوبُهُمْ

૩૧૯. અર્થાત ત્યાંના રહીશો કાફિર હતા.

૩૨૦. તેમાંથી કોઇ પાણી ભરનાર નથી.

૩૨૧. વેરાન પડેલા છે.

૩૨૨. કાફિરો, કે આ પરિસ્થિતિને જુએ.

૩૨૩. કે નબીઓને જૂઠાડવાનું પરિણામ શું આવ્યું? અને બોધ ગ્રહણ કરે.

૩૨૪. પાછલી ઉમ્મતોની હાલત અને તેમનો વિનાશ અને તેમનાં ગામોની વિરાની કે જેનાથી એમને બોધ પાઠ મળે.

૩૨૫. અર્થાત કાફિરોની જાહેરી આંખો બેકાર થઇ ગઇ નથી તે એ આંખો વડે જોવાની વસ્તુઓ જુએ છે.

૩૨૬. અને દિલોનું અંધ થવું એજ મહાગઝબની વાત છે એના જ કારણે માણસ દીનનો રસ્તો મેળવવાથી વંચિત બની જાય છે.

૩૨૭. અર્થાત મક્કાના કાફિરો, જેવા કે નદ્ર બિન હારિસ, વિગેરે. અને તેમની એ ઉતાવળ ઠઠ્ઠા મશ્કરી રૂપે હતી.

૩૨૮. અને વાયદા મુજબ જરૂર અઝાબ ઉતારશે. જેમકે એ વાયદો બદ્ર(ની લડાઇ) માં પુરો થયો.

૩૨૯. આખેરતમાં અઝાબનો.

૩૩૦. તો આ કાફિરો શું સમજીને અઝાબની ઉતાવળ કરે છે?

وَإِنَّ اللّٰهَ لَهَادِ الَّذِيْنَ اٰمَنُوْٓا اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٥٤﴾
وَلَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا فِيْ مِرْيَةٍ مِّنْهُ حَتّٰى
تَاْتِيَهُمُ السَّاعَةُ بَغْتَةً اَوْ يَاْتِيَهُمْ عَذَابُ يَوْمٍ
عَقِيْمٍ ﴿٥٥﴾ اَلْمُلْكُ يَوْمَئِذٍ لِّلّٰهِ يَحْكُمُ بَيْنَهُمْ فَالَّذِيْنَ
اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٥٦﴾
وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَا فَاُولٰٓئِكَ لَهُمْ
عَذَابٌ مُّهِيْنٌ ﴿٥٧﴾ وَالَّذِيْنَ هَاجَرُوْا فِيْ
سَبِيْلِ اللّٰهِ ثُمَّ قُتِلُوْٓا اَوْ مَاتُوْا لَيَرْزُقَنَّهُمُ اللّٰهُ
رِزْقًا حَسَنًا وَاِنَّ اللّٰهَ لَهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿٥٨﴾
لَيُدْخِلَنَّهُمْ مُّدْخَلًا يَّرْضَوْنَهٗ وَاِنَّ اللّٰهَ
لَعَلِيْمٌ حَلِيْمٌ ﴿٥٩﴾ ذٰلِكَ وَمَنْ عَاقَبَ بِمِثْلِ

નમી પડે અને બેશક ! અલ્લાહ ઇમાનવાળાઓને સીધા રસ્તે ચલાવનાર છે (૫૪) અને કાફિર એના વિષે[૩૪૨] હમેશાં શંકામાં રહેશે એટલે સુધી કે એમના પર કયામત આવી જાય ઓચિંતી[૩૪૩], અથવા એમના પર એવા દિવસનો અઝાબ આવી લાગે જેનું ફળ એમના માટે કંઇ સારૂં હોય નહિ[૩૪૪] (૫૫) બાદશાહી તે દિવસે[૩૪૫] અલ્લાહનીજ છે, એમની વચ્ચે ફેંસલો કરી આપશે. તો જેઓ ઇમાન લાવ્યા અને[૩૪૬] સારાં કામો કર્યા તેઓ આરામના બગીચાઓમાં છે (૫૬) અને જેમણે કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠાડી તેમના માટે અપમાનજનક અઝાબ છે (૫૭) અને તેઓ જેમણે અલ્લાહના રસ્તામાં પોતાના ઘરબાર ત્યજ્યાં[૩૪૭] પછી માર્યા ગયા અથવા મરી ગયા તો અલ્લાહ અવશ્ય તેમને ઉત્તમ રોજી આપશે[૩૪૮] અને બેશક ! અલ્લાહની રોજી સર્વોત્તમ છે (૫૮) જરૂર તેમને એવી જગ્યાએ લઇ જશે જેને તેઓ પસંદ કરશે[૩૪૯] અને બેશક ! અલ્લાહ ઇલ્મ અને હિલમવાળો છે (૫૯) વાત આમ છે, અને જે બદલો[૩૫૦] લે (તો એટલો લે કે) જેવી તકલીફ

૩૩૧. અને દુનિયામાં તેમના પર કોપ ઉતાર્યો.

૩૩૨. આખેરતમાં.

૩૩૩. જે કદી ખૂંટે નહિ, તે જન્નત છે.

૩૩૪. કે કદી આ આયતોને જાદુ કહે છે કદી પાછલાઓની વાર્તાઓ. અને તેઓ એવો ખ્યાલ ધરાવે છે કે તેમની આવી ચાલબાજીઓ ઇસ્લામ સાથે ચાલી જશે.

૩૩૫. નબી અને રસૂલમાં ફેર છે. નબીના અર્થમાં વિશાળતા છે અને રસૂલના અર્થનું એક ચોક્કસ વર્તુળ છે. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; રસૂલ શરીઅતને ઘડનાર હોય છે અને નબી તેના રક્ષક.

**શાને નુઝૂલ** :- જ્યારે સૂરએ વન્નજમ ઉતરી ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મસ્જિદે હરામમાં તેની તિલાવત કરી, ખૂબ ધીરે ધીરે અને આયતોને અલગ અલગ પાડીને (પઢયા) જેથી સાંભળનાર ચિંતન પણ કરી શકે અને યાદ કરનારાઓને યાદ કરવામાં સહાય પણ મળે. જયારે આપ "વમનાતસ્સાલિસતલ ઉખરા" પઢીને નિયમ મુજબ થોભ્યા ત્યારે શૈતાને એની સાથે જોડવીને મુશ્રિકોના કાનોમાં બે શબ્દો એવા કહ્યા જેનાથી મૂર્તિઓનાં વખાણ થતાં હતાં. જિબ્રઈલ અમીને હુઝૂરની સેવામાં ઉપસ્થિત થઈને એ હાલત કહી સંભળાવી, એનાથી હુઝૂરને દુઃખ થયું ત્યારે અલ્લાહ તઆલાએ આપની તસલ્લી ખાતર આ આયત ઉતારી.

૩૩૬. જે પૈગંબરો પઢે છે અને તેમને શૈતાની શબ્દોની ભેળસેળથી જાળવે છે.

૩૩૭. અને પારખું તેમજ અજમાયશ કરી દે છે. ૩૩૮. શંકા અને નિફાકની

ما عوقب به ثم بغي عليه لينصرنه الله إن
الله لعفو غفور ﴿٦٠﴾ ذلك بأن الله يولج الليل
في النهار ويولج النهار في الليل وأن الله سميع
بصير ﴿٦١﴾ ذلك بأن الله هو الحق وأن ما
يدعون من دونه هو الباطل وأن الله
هو العلي الكبير ﴿٦٢﴾ ألم تر أن الله أنزل من
السماء ماء فتصبح الأرض مخضرة إن الله
لطيف خبير ﴿٦٣﴾ له ما في السماوات وما في الأرض
وإن الله لهو الغني الحميد ﴿٦٤﴾ ألم تر أن الله سخر
لكم ما في الأرض والفلك تجري في البحر بأمره
ويمسك السماء أن تقع على الأرض إلا

**આપી હોય પછી જો એનાથી વધારો કરવામાં આવે[૩૫૧] તો બેશક ! અલ્લાહ તેની મદદ ફરમાવશે[૩૫૨]. બેશક ! અલ્લાહ માફ કરનાર બખ્શી દેનાર છે (૬૦) આ [૩૫૩] એટલા માટે કે અલ્લાહ તઆલા રાત્રીને દિવસના ભાગમાં નાખે છે અને દિવસને રાત્રીના ભાગમાં નાખે છે[૩૫૪]. અને એટલા માટે કે અલ્લાહ સાંભળતો દેખતો છે (૬૧) આ એટલા માટે[૩૫૫] કે અલ્લાહ જ સત્ય છે અને તેના સિવાય જેને પૂજે છે[૩૫૬] તે અસત્ય છે. અને એટલા માટે કે અલ્લાહ જ ઉચ્ચતા (અને) મોટાઈવાળો છે (૬૨) શું તેં જોયું નહીં કે અલ્લાહે આકાશમાંથી પાણી ઉતાર્યું તો સવારે ધરતી[૩૫૭] લીલીછમ બની ગઈ. બેશક ! અલ્લાહ પાક ખબરદાર છે (૬૩) જે કાંઈ આસ્માનો અને જે કાંઈ જમીનમાં છે તે તેનો જ માલ છે, અને બેશક ! અલ્લાહ જ નિર્લેપ બધી ખૂબીઓથી વખણાએલો છે (૬૪) શું તેં જોયું નહીં કે જે કાંઈ જમીનમાં છે[૩૫૮] તે અલ્લાહે તમારા અધિકારમાં આપી દીધું, અને વહાણ કે (જે) દરિયામાં તેના હુકમથી ચાલે**

૩૩૯. સત્ય સ્વીકારતાં નથી મુશ્રિક છે.

૩૪૦. અલ્લાહના દીનનું અને આ આયતોનું.

૩૪૧. અર્થાત કુરઆન શરીફ.

૩૪૨. અર્થાત કુરઆન વિષે યા દીને ઇસ્લામ વિષે.

૩૪૩. અથવા મૃત્યુ, કે એ પણ નાની કયામત છે.

૩૪૪. એનો નિર્દેશ બદ્રના અઝાબ પ્રતિ છે જેમાં કાફિરો માટે જરા પણ મોકળાશ કે રાહત હતી નહિ. અને અમુક તફસીરકારોએ કહ્યું કે એનો અર્થ કયામતનો દિવસ છે.

૩૪૫. અર્થાત કયામતના દિવસે.

૩૪૬. તેમણે...

૩૪૭. અને તેની ખુશી માટે. સગાં સંબંધીઓને છોડયાં વતનમાંથી (ચાલી) નીકળ્યા અને મક્કા મુકર્રમાથી મદીના તય્યેબહ તરફ હિજરત કરી.

૩૪૮. અર્થાત જન્નતનું રિઝક જે કદી પુરું થાય નહિ.

૩૪૯. ત્યાં તેમની દરેક મુરાદ પૂર્ણ થશે અને કોઇ અગમ્ય વાત આવી પડશે નહિ.

**શાને નુઝૂલ :-** નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આપના અમુક સહાબાઓએ પૂછયું કે; યા રસૂલલ્લાહ! અમારા જે સાથીદારો શહીદ થઇ ગયા (તેમના વિષે તો) અમે જાણીએ છીએ કે બારગાહે ઇલાહીમાં તેમના દરજ્જાઓ મહાન છે. અને અમે જિહાદોમાં હુઝૂરની સાથે રહીશું પરંતુ આપની સાથે

بِاِذْنِهٖ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ رَّحِيْمٌ ﴿٦٥﴾ وَهُوَ
الَّذِيْٓ اَحْيَاكُمْ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ اِنَّ
الْاِنْسَانَ لَكَفُوْرٌ ﴿٦٦﴾ لِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا هُمْ
نَاسِكُوْهُ فَلَا يُنَازِعُنَّكَ فِي الْاَمْرِ وَادْعُ اِلٰى رَبِّكَ
اِنَّكَ لَعَلٰى هُدًى مُّسْتَقِيْمٍ ﴿٦٧﴾ وَاِنْ جٰدَلُوْكَ
فَقُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا تَعْمَلُوْنَ ﴿٦٨﴾ اَللّٰهُ يَحْكُمُ
بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٦٩﴾
اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِي السَّمَاۗءِ وَالْاَرْضِ
اِنَّ ذٰلِكَ فِيْ كِتٰبٍ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ﴿٧٠﴾
وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا
وَّمَا لَيْسَ لَهُمْ بِهٖ عِلْمٌ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ نَّصِيْرٍ ﴿٧١﴾

છે[૩૫૯]. અને તેણે આકાશને થંભાવી રાખ્યું છે કે ધરતી પર પડી જાય નહિ પણ તેના હુકમથી. બેશક ! અલ્લાહ માનવીઓ પર મોટો માયાળુ મહેરબાન છે[૩૬૦] (૬૫) અને તે જ છે જેણે તમને જીવંત કર્યા[૩૬૧] પછી તમને મૃત્યુ આપશે[૩૬૨] ફરી તમને સજીવન કરશે[૩૬૩] બેશક ! માનવી મોટો નગુણો છે[૩૬૪] (૬૬) દરેક ઉમ્મત માટે[૩૬૫] અમે ઇબાદતના નિયમો બતાવી દીધા કે તેઓ એ મુજબ ચાલે[૩૬૬], તો તેઓ કદાપી એ વિષે તમારી સાથે ઝગડો કરે નહિ[૩૬૭], અને તમારા રબ તરફ નોંતરો[૩૬૮], બેશક ! તમે સીધા માર્ગે છો (૬૭) અને જો તેઓ તમારી સાથે ઝગડે તો કહી દો કે; 'અલ્લાહ તમારાં કારસ્તાન સારી પેઠે જાણે છે'[૩૬૯] (૬૮) અલ્લાહ તમારી વચ્ચે કયામતના દિવસે ફેંસલો કરી દેશે જે બાબત તમે મતભેદ કરી રહ્યા છો[૩૭૦] (૬૯) શું તેં જાણ્યું નહિ કે જે કંઇ આસ્માનો અને જમીનમાં છે તેને અલ્લાહ જાણે છે, બેશક ! એ બધું એક કિતાબમાં છે[૩૭૧] બેશક ! એ[૩૭૨] અલ્લાહ માટે સહેલું છે[૩૭૩] (૭૦) અને અલ્લાહ સિવાય એવાઓને પૂજે છે[૩૭૪] જેનો કોઇ આધાર તેણે ઉતાર્યો નથી અને એવાઓને જેમનું તેમને પોતાને ઇલ્મ નથી[૩૭૫] અને સિતમગારોનું[૩૭૬] કોઇ મદદગાર નથી[૩૭૭] (૭૧)

રહેવા છતાં જો શહાદત વિનાનું અમને મોત આવે તો અમારા માટે આખેરતમાં શું છે? તે બાબત આ આયત ઉતરી "વલ્લઝીન હાજરૂ ફીસબીલિલ્લાહિ.....

૩૫૦. કોઇ મો'મિન કોઇ મુશ્રિક પાસેથી જુલ્મનો.

૩૫૧. જાલિમ તરફથી, તેને બેવતન કરીને.

૩૫૨. **શાને નુઝૂલ :-** આ આયત મુશ્રિકો વિષે ઉતરી જેઓ મોહર્રમ મહીનાની છેલ્લી તારીખોમાં મુસલમાનો પર ચઢી આવ્યા પણ મુસલમાનોએ હરામ મહીનાની હુરમતના કારણે લડવાનું પસંદ કર્યું નહિ પરંતુ મુશ્રિકો માન્યા નહિ અને લડવાનું શરૂ કરી દીધું. મુસલમાનો તેમની સામે અટલ રહ્યા, અલ્લાહ તેમની મદદ કરી.

૩૫૩. અને જુલ્મનો ભોગ બન્યો હોય તેની મદદ કરવી એટલા માટે છે કે અલ્લાહ જે ઇચ્છે તેના પર શક્તિમાન છે અને તેની કુદરતનીં નિશાનીઓ જાહેર છે.

૩૫૪. અર્થાત કદી દિવસ લાંબો કરે છે રાત નાની કરે છે અને કદી રાત લાંબી કરે છે દિવસ ટાંચો કરે છે. તેના સિવાય કોઇ એવું કરવાની તાકાત ધરાવતું નથી. જે આવી કુદરતવાળો છે તે જેની ચાહે તેની મદદ કરે અને જેને ઇચ્છે તેને જીતાડે.

૩૫૫. અને આ મદદ એટલા માટે પણ છે...

૩૫૬. અર્થાત મૂર્તિઓ.

૩૫૭. લીલોતરીથી...

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ تَعْرِفُ فِيْ
وُجُوْهِ الَّذِيْنَ كَفَرُوا الْمُنْكَرَ ۭ يَكَادُوْنَ يَسْطُوْنَ
بِالَّذِيْنَ يَتْلُوْنَ عَلَيْهِمْ اٰيٰتِنَا ۭ قُلْ اَفَاُنَبِّئُكُمْ
بِشَرٍّ مِّنْ ذٰلِكُمْ ۭ اَلنَّارُ ۭ وَعَدَهَا اللّٰهُ الَّذِيْنَ كَفَرُوْا ۭ
وَبِئْسَ الْمَصِيْرُ ۝ يٰٓاَيُّهَا النَّاسُ ضُرِبَ مَثَلٌ
فَاسْتَمِعُوْا لَهٗ ۭ اِنَّ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ لَنْ يَّخْلُقُوْا ذُبَابًا وَّلَوِ اجْتَمَعُوْا لَهٗ ۭ وَاِنْ
يَّسْلُبْهُمُ الذُّبَابُ شَيْـًٔـا لَّا يَسْتَنْقِذُوْهُ مِنْهُ ۭ
ضَعُفَ الطَّالِبُ وَالْمَطْلُوْبُ ۝ مَا قَدَرُوا
اللّٰهَ حَقَّ قَدْرِهٖ ۭ اِنَّ اللّٰهَ لَقَوِيٌّ عَزِيْزٌ ۝ اَللّٰهُ
يَصْطَفِيْ مِنَ الْمَلٰۗىِٕكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِ ۭ

અને જ્યારે તેમના પર અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે[૩૭૮] ત્યારે જેમણે કુફ્ર કર્યુ તમે તેમના મોઢાંઓ પર બિગાડનાં ચિન્હો જોશો, નજીક છે કે (જાણે) વળગી પડશે તેમને જેઓ અમારી આયતો તેમની સમક્ષ પઢે છે, તો તમે ફરમાવી દો: 'શું હું તમને કહી દઉં જે તમારી આ હાલતથી પણ[૩૭૯] વધારે ખરાબ છે? તે આગ છે, અલ્લાહે તેનો વાયદો કાફિરોને આપ્યો છે અને કેટલી ખરાબ જગ્યા છે પલટવાની!' (૭૨) અય લોકો! એક દ્રષ્ટાંત કહેવામાં આવે છે તેને કાન લગાડીને સાંભળો[૩૮૦]; તેઓ જેમને અલ્લાહ સિવાય તમે પૂજો છો[૩૮૧] (તેઓ) એક માખી પણ બનાવી શકશે નહિ, બધા જ તેના માટે એકત્ર થઇ જાય તો પણ[૩૮૨] અને જો માખી તેમની પાસેથી કશું ખુંચવી જાય[૩૮૩] તો (પણ) કશું તેમની પાસેથી પાછું મેળવી શકે નહિ[૩૮૪]. કેટલો અશક્ત ચાહનાર, અને તે (પણ) જેને ચાહયું[૩૮૫] (૭૩) અલ્લાહની કદર જેવી જાણવી જોઇએ તેવી જાણી નહિ[૩૮૬]. બેશક ! અલ્લાહ શક્તિમાન ચઢિયાતો છે (૭૪) અલ્લાહ ચૂંટી લે છે ફરિશ્તાઓ માંથી રસૂલ[૩૮૭] અને આદમીઓમાંથી[૩૮૮]. બેશક ! અલ્લાહ

૩૫૮. જાનવરો વિગેરે, જેના પર તમે સવારી કરો છો અને જેનાથી તમે કામ લો છો.

૩૫૯. તમારા માટે તેને ચલાવવા માટે હવા અને પાણીને તાબે કરી આપ્યું.

૩૬૦. કે તેણે એમના માટે લાભોના દ્વાર ઉઘાડયાં અને અનેકવિધ નુકસાનોથી તેમને જાળવ્યા.

૩૬૧. નિર્જીવ વિર્યમાંથી સર્જન કરીને.

૩૬૨. તમારી ઉંમર પુરી થએથી.

૩૬૩. હશ્રના દિવસે સવાબ અને અઝાબ માટે.

૩૬૪. કે આટ આટલી નેઅમતો છતાં તેની ઇબાદતથી મોઢું ફેરવે છે અને નિર્જીવ મખ્લૂકની પૂજા કરે છે.

૩૬૫. દીન અને મિલ્લતવાળાઓમાંથી.

૩૬૬. અને અમલ કરે.

૩૬૭. અર્થાત દીનની બાબત અથવા જાનવર ઝુબેહ કરવા બાબત.

**શાને નુઝૂલ :-** આ આયત બદીલ બિન વરકાવાળાઓ તેમજ બશર બિન સુફયાન અને યઝીદ બિન ખનીસ વિષે ઉતરી. એ લોકોએ સહાબાને કહ્યું હતું કે; શું કારણ છે કે જે જાનવરને તમે પોતે મારી નાખો છો તેને તો ખાઓ છો અને જેને અલ્લાહ મારે છે તેને ખાતા નથી. તે બાબત આ આયત ઉતરી.

૩૬૮. અને લોકોને તેના પર ઇમાન લાવવા અને તેનો દીન સ્વીકારવા અને તેની ઇબાદતમાં મશગૂલ થવાનું નિમંત્રણ આપો.

૩૬૯. તમે આંખ આડા કાન કરો છતાં...

૩૭૦. અને તમારા પર વાસ્તવિકતા જાહેર થઇ જશે.

૩૭૧. અર્થાત લવહે મહફૂઝમાં.

૩૭૨. અર્થાત એ બધાનું ઇલ્મ અથવા તમામ બનાવોનું લવહે મહફૂઝ માં લખવું...

૩૭૩. એના પછી કાફિરોની અજ્ઞાનતાનું વર્ણન કરવામાં આવે છે કે તેઓ એવાઓની ઇબાદત કરે છે જેઓ ઇબાદતને લાયક નથી.

૩૭૪. અર્થાત મૂર્તિઓને.

૩૭૫. અર્થાત તેમની પાસે તેમના એ કાર્યની ન તો કોઇ અકલી દલીલ છે ન ઇલ્મી, માત્ર જહાલત અને નાદાનીના કારણે ગુમરાહીમાં પડયા છે અને જેઓ કોઇ પણ રીતે પૂજવાના લાયક નથી તેમને પૂજે છે. એ સખ્ત જુલ્મ છે.

૩૭૬. અર્થાત મુશરિકોનું.

૩૭૭. જે તેમને અલ્લાહના અઝાબથી બચાવી શકે.

૩૭૮. અને કુરઆને કરીમ તેમને સંભળાવવામાં આવે જેમાં હુકમોનું વર્ણન અને હલાલ હરામની વિગત છે.

૩૭૯. અર્થાત તમારા આ ક્રોધ અને અણગમાથી પણ (વધારે ખરાબ છે) જે કુરઆને પાક સાંભળીને તમારામાં જન્મે છે.

૩૮૦. અને તેમાં ખૂબ ચિંતન કરો તે દ્રષ્ટાંત એ છે કે તમારી મૂર્તિઓ...

૩૮૧. તેમની લાચારી અને અશક્તિની હાલત એ છે કે તેઓ તદ્દન નાની વસ્તુ...

૩૮૨. તો બુધ્ધિમાનને કેમ કરી છાજે છે કે એવાઓને મઅબૂદ બનાવે. એવાઓને પૂજવું અને અલ્લાહ બનાવવું કેટલું અજ્ઞાનતા ભરેલું કાર્ય છે.

૩૮૩. તે મધ અને જાફરાન જે મુશ્રિકો મૂર્તિઓના મોઢા પર ઘસે છે જેના પર માખીઓ ભણભણે છે.

૩૮૪. એવાને ખુદા બનાવવું અને મઅબૂદ ઠેરવવું કેટલું આશ્ચર્યજનક અને બુધ્ધિથી વેગળું (કાર્ય) છે.

૩૮૫. ચાહનારનો મતલબ મૂર્તિપૂજક અને જેને ચાહ્યું તે મૂર્તિઓ. અથવા ચાહનારાનો અર્થ માખીઓ જેઓ મૂર્તિઓ પરના મધ અને જાફરાનની ઈચ્છુક છે અને જેને ચાહ્યું તે મૂર્તિઓ. અને અમુકે કહ્યું કે ચાહનારનો અર્થ મૂર્તિ અને જેને ચાહ્યું તેનો અર્થ માખી.

૩૮૬. અને તેની મહાનતા પિછાણી નહિ (તેમણે) એવાઓને ખુદાના શરીક બનાવ્યા જેઓ માખીથી પણ (વધારે) અશક્ત છે. મઅબૂદ તો તે જ છે જે સંપૂર્ણ શક્તિ ધરાવે.

૩૮૭. જિબ્રઇલ અને મીકાઇલ જેવા.

૩૮૮. જેમકે હઝરત ઇબ્રાહીમ અને હઝરત મૂસા અને હઝરત ઇસા અને હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

**શાને નુઝૂલ** :- આ આયત તે કાફિરોના રદિયામાં ઉતરી જેમણે બશરના રસૂલ હોવાનો નકાર કર્યો હતો અને કહ્યું હતું કે બશર કેમ કરી રસૂલ બની શકે છે? તે બાબત અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને ફરમાવ્યું કે; અલ્લાહ માલિક છે જેને ઇચ્છે તેને પોતાનો રસૂલ બનાવે. તે આદમીઓમાંથી પણ રસૂલ બનાવે છે અને ફરિશ્તાઓમાંથી પણ જેને ઇચ્છે તેને બનાવે છે.

સાંભળતો દેખતો છે (૭૫) જાણે છે જે તેમની આગળ છે અને જે તેમની પાછળ છે.[૩૮૯] અને બધા કામોનું કેન્દ્રિયકરણ અલ્લાહ તરફ છે (૭૬) અય ઇમાનવાળાઓ! રૂકૂઅ અને સિજદો કરો[૩૯૦] અને પોતાના રબની બંદગી કરો[૩૯૧] અને સદકાર્યો કરો[૩૯૨] એ આશાએ કે તમારો છુટકારો થાય (૭૭) અને અલ્લાહના રસ્તે જિહાદ કરો જેવો જિહાદ કરવાનો હક છે.[૩૯૩] તેણે તમને પસંદ કર્યા[૩૯૪] અને દીનમાં તમારા પર કંઇ સંકળાશ રાખી નહિ[૩૯૫]. તમારા બાપ ઇબ્રાહીમનો દીન[૩૯૬]. અલ્લાહે તમારૂં નામ મુસલમાન રાખ્યું છે આગલી કિતાબોમાં અને આ કુરઆનમાં, જેથી રસૂલ તમારા રક્ષક અને સાક્ષી બને[૩૯૭], અને તમે બીજા લોકો વિષે સાક્ષી આપો[૩૯૮]. તો નમાઝ ચાલુ રાખો[૩૯૯] અને ઝકાત આપો અને અલ્લાહનું દોરડું મજબૂતીથી પકડો[૪૦૦]. અને તે તમારો મવલા છે, તો કેટલો સારો મવલા અને કેટલો સરસ મદદગાર (૭૮)



إِنَّ اللَّهَ سَمِيعٌ بَصِيرٌ ﴿٧٥﴾ يَعْلَمُ مَا بَيْنَ
أَيْدِيهِمْ وَمَا خَلْفَهُمْ وَإِلَى اللَّهِ تُرْجَعُ الْأُمُورُ ﴿٧٦﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا ارْكَعُوا وَاسْجُدُوا وَاعْبُدُوا
رَبَّكُمْ وَافْعَلُوا الْخَيْرَ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٧٧﴾
وَجَاهِدُوا فِي اللَّهِ حَقَّ جِهَادِهِ هُوَ اجْتَبَاكُمْ
وَمَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّينِ مِنْ حَرَجٍ
مِلَّةَ أَبِيكُمْ إِبْرَاهِيمَ هُوَ سَمَّاكُمُ الْمُسْلِمِينَ
مِنْ قَبْلُ وَفِي هَٰذَا لِيَكُونَ الرَّسُولُ شَهِيدًا
عَلَيْكُمْ وَتَكُونُوا شُهَدَاءَ عَلَى النَّاسِ فَأَقِيمُوا
الصَّلَاةَ وَآتُوا الزَّكَاةَ وَاعْتَصِمُوا بِاللَّهِ
هُوَ مَوْلَاكُمْ فَنِعْمَ الْمَوْلَىٰ وَنِعْمَ النَّصِيرُ ﴿٧٨﴾

૩૮૯. અર્થાત દુનિયા અને દીન બન્નેની બાબતોને. અથવા ભૂતકાળના અને ભવિષ્યના આમાલને.

૩૯૦. પોતાની નમાઝોમાં. ઇસ્લામના પ્રારંભમાં નમાઝ વગર રૂકૂઅ સિજદાની હતી પાછળથી નમાઝમાં રૂકૂઅ અને સિજદાનો હુકમ કરવામાં આવ્યો.

૩૯૧. અર્થાત રૂકૂઅ અને સિજદો ખાસ અલ્લાહને જ કરો અને ઇબાદતમાં નિખાલસતા અખત્યાર કરો.

૩૯૨. સગાં સંબંધીઓ સાથે નિભાવ કરવો અને સારી આદતો વિગેરે નેકીઓ.

૩૯૩. અર્થાત સાચી નિય્યત અને નિખાલસતા સાથે દીનને બુલંદ કરવા ખાતર.

૩૯૪. પોતાના દીન અને ઇબાદત માટે.

૩૯૫. બલ્કે જરૂરતના સમયે તમારા માટે સહુલત કરી આપી જેમકે સફરમાં નમાઝ કસર કરવાનો હુકમ અને રોઝા ન રાખવાની રજા, અને પાણી ન મળે ત્યારે અથવા પાણી નુકસાન કરતું હોય ત્યારે ગુસ્લ અને વુઝૂની જગ્યાએ તયમ્મુમની પરવાનગી વિ. તો તમે દીનના માર્ગે ચાલો.

૩૯૬. જે દીને મોહમ્મદીમાં સમાવિષ્ટ છે.

૩૯૭. કયામતના દિવસે, કે તમને ખુદાનો સંદેશ પહોંચાડી આપ્યો.

૩૯૮. કે તેમને આ રસૂલોએ અલ્લાહના હુકમો પહોંચાડી દીધા. અલ્લાહ તઆલાએ તમને આ ઇજ્જત અને બુઝુર્ગી આપી.

૩૯૯. એના પર કાયમ રહો.

૪૦૦. અને તેના દીન પર અટલ રહો